સુવિચાર

રૂપિયાથી દવા ખરીદી શકાય દુવા નહિ કારણ કે દુવા ફક્ત ખુબજ મુશ્કેલીમાં કોઈને કરેલ મદદ દ્વારા જ મળે

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૪

તા. ૨૭-૧-૨૦૨૫, સોમવાર

વર્ષ: ૧૩, અંક : ૨૭૦

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia









અખિલેશ યાદવે મહાકુંભમાં ડૂબકી લગાવતા રાજકારણ ગરમાયું !



લ્યો કરો વાત શાહરૂખ ખાનને મન્નત ફળી: મહારાષ્ટ્ર સરકારે ૯ કરોડ રિફંડ આપવું પડશે

# બજેટ-૨૦૨૫: સ્ટાન્ડર્ડ ડિડક્શન અને સ્લેબમાં ફેરફારથી નાના કરદાતાઓને મોટી રાહત મળશે

## આરોગ્ય વીમો અને પેન્શન જેવા ખર્ચાઓ માટે વધુ છૂટછાટો આપવા મુદ્દે પણ સરકારની વિચારણા

**અબતક, નવી દિલ્હી**

બજેટમાં આવકવેરા રાહતની અપેક્ષાઓ વચ્ચે, સરકાર નવી કર વ્યવસ્થામાં છૂટછાંટ રાખવા આતુર છે, જ્યારે તે મર્યાદા વધારીને અને સ્લેબમાં ફેરફાર કરીને છૂટછાટો આપવાનું વિચારી રહી છે.

આવકવેરાના દર સામાન્ય રીતે જાહેર કરવામાં આવતા અંતિમ દરોમાં હોય છે અને સામાન્ય રીતે દરેક બજેટ પહેલાં તેને ફરીથી ગોઠવવાની જરૂર હોય છે. આ વર્ષ પણ અલગ નથી, કંપનીઓ અને અર્થશાસ્ત્રીઓએ જવાબદારીઓ ઘટાડવાની નબળી માંગનો ઉલ્લેખ કર્યો છે, ખાસ કરીને મધ્યમ વર્ગ માટે. ગયા વર્ષે, નાણામંત્રી નિર્મલા સીતારમણે પગારદાર વ્યકિતઓ માટે પ્રમાણભૂત કપાત વધારીને રૂ. ૭૫,૦૦૦ કરી હતી અને સ્લેબમાં પણ સુધારો કર્યો હતો અને કહ્યું હતું કે તેમના દ્વારા જાહેર કરાયેલા તમામ ફેરફારોથી રૂ. ૧૭,૫૦૦નો ફાયદો થશે. શનિવારે રજૂ થનારા આગામી વર્ષના બજેટ પહેલા, સરકારમાં સ્ટાન્ડર્ડ ડિડક્શનમાં વધુ વધારો કરવાની ચર્ચા થઈ રહી છે, જે એક પગલું છે જે તમામ કરદાતાઓને રાહત આપવા માટે માનવામાં આવે છે. અને, મધ્યમ વર્ગના ગ્રાહકોની વધતી જતી માંગને પહોંચી વળવા માટે, તેમના ખિસ્સામાં વધુ પૈસા રાખવા માટે, ઉચ્ચ આવક જૂથો માટેના સ્લેબ સહિત, તમામ સ્લેબમાં જવાબદારી ઘટાડવાના પ્રસ્તાવો પર ચર્ચા કરવામાં આવી છે.

**નવો ટેક્સ સ્લેબ**

| આવક | ટેક્સ રેટ |
|---|---|
| રૂ.૩ લાખ સુધી | નિલ |
| રૂ.૩થી ૭ લાખ સુધી | ૫% |
| રૂ.૭થી ૧૦ લાખ સુધી | ૧૦% |
| રૂ.૧૦થી ૧૨ લાખ સુધી | ૧૫% |
| રૂ.૧૨થી ૧૫ લાખ સુધી | ૨૦% |
| રૂ.૧૫ લાખથી વધુ | 30% |

**જૂનો ટેક્સ સ્લેબ**

| આવક | ટેક્સ રેટ |
|---|---|
| રૂ.૨.૫ લાખ સુધી | નિલ |
| રૂ.૨.૫થી ૫ લાખ સુધી | ૫% |
| રૂ.૫થી ૧૦ લાખ સુધી | ૨૦% |
| રૂ.૧૦ લાખથી વધુ | 30% |

કેન્દ્ર સરકાર નવી કર વ્યવસ્થામાં દરોમાં ફેરફાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, ત્યારે આરોગ્ય વીમો અને પેન્શન જેવા ખર્ચાઓ માટે વધુ છૂટછાટો આપવાનો પણ મુદ્દો ઉઠાવવામાં આવી રહ્યો છે, જે ભારત જેવા દેશમાં મહત્વપૂર્ણ માનવામાં આવે છે, જ્યાં સરકારી કર્મચારીઓને દર મહિને પગાર આપવામાં આવે છે. મોટી રકમ. તેના સિવાય, દરેકે પોતાનો ખર્ચ જાતે ઉઠાવવો પડશે. કેટલાક વર્ગોમાં જૂની કર વ્યવસ્થાને નાબૂદ કરવાની માંગણીઓ થઈ રહી છે, જે ઘર ભાડું ભથ્થું અને ગૃહ લોન જેવા ભથ્થા ધરાવતા લોકો માટે ફાયદાકારક માનવામાં આવે છે.

ઉદાહરણ તરીકે, એસબીઆઈ રિપોર્ટમાં ૫૦,૦૦૦ રૂપિયા સુધીના સ્વાસ્થ્ય વીમા અને ૭૫,૦૦૦ રૂપિયા અથવા ૧ લાખ રૂપિયા સુધીના એનપીએસ યોગદાન માટે છૂટ આપવાનો કેસ રજૂ કરવામાં આવ્યો છે. જો ટોચનો દર 30% પર જાળવી રાખવામાં આવે અને ૧૦-૧૫ લાખ રૂપિયાની કરપાત્ર આવક ધરાવતા લોકો માટે ૧૫% લેવી (હાલમાં ૧૨-૧૫ લાખ રૂપિયા માટે ૨૦% હતી) લાગુ પડે, તો કેન્દ્ર વાર્ષિક ૧૬,૦૦૦ કરોડ રૂપિયા બચાવશે. ૫૦,૦૦૦ કરોડનું નુકસાન થશે. તેણે વ્યાજની આવકના કરવેરા વ્યવહારમાં ફેરફાર માટે પણ દલીલ કરી છે.

જો વાર્ષિક ૧૫ લાખ રૂપિયા કે તેથી વધુ કરપાત્ર આવક ધરાવતા લોકો માટે ટોચનો દર 30% થી ઘટાડીને ૨૫% કરવામાં આવે, સાથે ૫૦,૦૦૦ રૂપિયાના આરોગ્ય વીમા મુક્તિ અને ૭૫,૦૦૦ રૂપિયા પ્રતિ વર્ષ એનપીએસ યોગદાન આપવામાં

(અનુ. આઠમા પાને)

# નવા વર્ષના પ્રથમ ૨૦ દિવસમાં જ શેરબજારમાંથી ૬૪ હજાર કરોડ રૂપીયા વિદેશીઓએ ઉઠાવી લીધા

## રૂપિયાના અવમૂલ્યન, યુએસ બોન્ડ યીલ્ડમાં વધારો સહિતના કારણોસર વિદેશી રોકાણકારો ભારતીય માર્કેટથી ભાગ્યા



**અબતક, નવી દિલ્હી**

રૂપિયાના અવમૂલ્યન, યુએસ બોન્ડ યીલ્ડમાં વધારો અને નબળા કમાણીના મોસમ વચ્ચે, આ મહિનામાં અત્યાર સુધીમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો ભારતીય શેરબજારોમાંથી ભાગી રહ્યા છે કારણ કે તેઓએ રૂ.૬૪,૧૫૬ કરોડ પાછા ખેંચી લીધા છે.

ડિપોઝિટરી ડેટા અનુસાર, ડિસેમ્બરમાં રૂ. ૧૫,૪૪૬ કરોડના રોકાણ પછી આ રકમ આવી છે. ભાવનામાં ફેરફાર વૈશ્વિક અને સ્થાનિક અવરોધોનું મિશ્રણ દર્શાવે છે. મોર્નિંગસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ ઈન્ડિયાના એસોસિયેટ ડિરેક્ટર - મેનેજર રિસર્ચ હિમાંશુ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, "ભારતીય રૂપિયાના સતત ઘટાડાને કારણે વિદેશી રોકાણકારો પર ઘણું દબાણ આવી રહ્યું છે, જેના કારણે તેઓ ભારતીય ઈક્વિટી બજારોમાંથી નાણાં પાછા ખેંચી રહ્યા છે."

વધુમાં, તેમણે જણાવ્યું હતું કે તાજેતરના સુધારાઓ છતાં ભારતીય ઈક્વિટીના ઊંચા મૂલ્યાંકન, નબળા કમાણીની મોસમની અપેક્ષાઓ અને મેક્રોઈકોનોમિક પડકારો રોકાણકારોને સાવધ બનાવી રહ્યા છે. વધુમાં, ટ્રમ્પની નીતિઓના અણધાર્યા સ્વભાવે રોકાણકારોને સાવધાનીપૂર્વક ચાલવા અને

(અનુ. આઠમા પાને)

### બાંગ્લાદેશમાં પાકિસ્તાનવાળી?

# રાજકીય અંધાધુંધી વચ્ચે બાંગ્લાદેશ લશ્કર બળવો કરવાની તૈયારીમાં!

## બાંગ્લાદેશમાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ વચ્ચે બાંગ્લાદેશના આર્મી ચીફ વકાર ઉઝ ઝમાનને હટાવવામાં આવી શકે છે

**અબતક, નવી દિલ્હી**

શું બાંગ્લાદેશમાં પાકિસ્તાન વાળી થશે?બાંગ્લાદેશ સેનામાં બળવાની અટકળો ચાલી રહી છે. દેશમાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ વચ્ચે બાંગ્લાદેશના આર્મી ચીફ વકાર ઉઝ ઝમાનને હટાવવામાં આવી શકે છે તેવા અહેવાલો સામે આવ્યા છે. કટ્ટરપંથી ઈસ્લામવાદી લેફ્ટનન્ટ જનરલ મોહમ્મદ ફૈઝુર રહેમાન આ યોજનાને અમલમાં મૂકી શકે છે. આ માટે તેઓ વર્તમાન સેના પ્રમુખ ઝમાન વિરુદ્ધ વાતાવરણ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ષડયંત્રમાં લેફ્ટનન્ટ જનરલ મોહમ્મદ શાહીનુલ હક અને મેજર જનરલ મોહમ્મદ મોઈન ખાનના નામ પણ સામે આવી રહ્યા છે. આર્મી ક્વાર્ટર માસ્ટર જનરલ લેફ્ટનન્ટ મોહમ્મદ ફૈઝુર રહેમાન જનરલ ઝમાનને હટાવીને સેનાની કમાન સંભાળવાનું કાવતરું ઘડી રહ્યા છે. રહેમાન ગયા અઠવાડિયે પાકિસ્તાની એજન્સી આઈએસઆઈના વડાને મળ્યા હતા. રહેમાન પાસે હજુ સુધી સૈનિકોની કમાન નથી, પરંતુ તે સેનામાં સમર્થન મેળવવાનો પ્રયાસ કરી રહ્યો છે. રહેમાન બાંગ્લાદેશ આર્મીની ગુપ્તચર શાખા, ડિજીઆઈએફ પાસેથી પણ સમર્થન મેળવવાનો પ્રયાસ કરી રહ્યો છે. છેલ્લા એક વર્ષથી બાંગ્લાદેશમાં ભારે રાજકીય ઉથલપાથલ ચાલી રહી છે. બાંગ્લાદેશમાં આવી ઉથલપાથલનો લાંબો ઈતિહાસ રહ્યો છે. બાંગ્લાદેશમાં સૈન્ય સત્તામાં દખલ કરી રહ્યું છે. સેનામાં ચાલી રહેલી હલચલથી રાજકીય વર્તુળોમાં પણ ચિંતા વધી છે. સેનામાં બળવો દેશમાં અસ્થિરતામાં

(અનુ. આઠમા પાને)













# દ્વારકા: આરએસપીએલ ઘડી દ્વારા જીલ્લાના ૮૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓનો યોજાયો સન્માન સમારોહ

## આરએસપીએલ ઘડીના સામાજીક ઉત્તરદાયીત્યના કાર્યોની સરાહના

**અબતક મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાના કુરંગા સ્થિત આરએસપીએલ ઘડી કંપનીએ જિલ્લાની ૪૦ જેટલી શાળાઓના અંદાજે ૮૦૦ જેટલા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ટ્રોફી એનાયત કરી સન્માનિત કર્યા હતા.

૭૬મા પ્રજાસત્તાકના અવસરે દ્વારકાના કુરંગા સ્થિત આરએસપીએલ ઘડી કંપની દ્વારા (આરએસપીએલ વેલ્ફેર ફાઉન્ડેશન) દ્વારા દ્વારકા જિલ્લાની અંદાજિત ૪૦ જેટલી શાળાઓના અંદાજે ૮૦૦ જેટલા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ટ્રોફી આપી અને સન્માનિત કરવામાં આવ્યા. શાળાકીય પરીક્ષામાં ૧ થી ૩ ક્રમ પ્રાપ્ત કરનારા પ્રતિભાશાળી અને તેજસ્વી વિદ્યાર્થીઓ ને તેમની મહેનત માટે સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમોમાં આરએસપીએલ ઘડી કંપનીના કર્મચારીઓએ આચાર્ય અને વાલીઓએ વિદ્યાર્થીઓને તેમના જીવનમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે પ્રેરણા આપી. આરએસપીએલ ઘડી કંપનીના પ્રોત્સાહન અને સહયોગના દ્વારા વિદ્યાર્થીઓએ પોતાની પ્રગતિની નવી દિશા અને ઉમંગ પ્રાપ્ત કરશે તેવું શાળાઓ ના આચાર્યઓ,




શિક્ષકો અને આગેવાનોએ જણાવ્યું હતું. શિક્ષણ અને સામાજિક જવાબદારીને સૌથી આગળ રાખીને અનેક પ્રકારના સેવાકીય કાર્યો કરનાર RSPL ઘડી કંપની અને તેના કર્મચારીઓ નો શાળાના આચાર્યઓ, શિક્ષકો, આગેવાનો અને વાલીઓએ આભાર વ્યક્ત કર્યો હતો.

# કદમગીરીથી પાલીતાણામાં છરીપાલક પદયાત્રા સંઘનો ભવ્ય પ્રવેશ

**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**



કદમગીરી થી પાલીતાણા નો છ'રી પાલક સંઘ નો ભવ્ય પ્રવેશ થયો. કદમગીરી, ભંડારીયા, શત્રુજય ડેમ, રોહીશાળા, હસ્તગીરી, સિદ્ધવડ થી પાલીતાણા નો પદયાત્રા સંઘ ગચ્છાધિપતિ આચાર્ય પ્રદ્યુમનવિમલસૂરીશ્રૂરજી મહારાજ સાહેબ, નિશ્રામાં ૨૫ થી વધુ સાધુ સાધ્વીજી ભગવંતતો, ૭૦૦ વધુ ભાવિકો જોડાયા હતા. જેમા હાથી, ઘોડા, બેન્ડ,બગી, નાસિક ઢોલ ના સથવારે ભવ્ય થી ભવ્ય નગર પ્રવેશ થયો હતો. ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય પ્રદ્યુમનવિમલસૂરીશ્રૂરજી મહારાજ સાહેબ,મગરવાડા ગાદીપતિ યતી વિજય સોમજી મહારાજ સાહેબ,પરમ પૂજ્ય આચાર્ય શ્રી અભયસેનસુરીશ્વરજી મહારાજ સાહેબ, તેમજ મોટી સંખ્યામાં સાધુ સાધ્વીજી ભગવંતો જોડાયા હતા. લાભાર્થી મંથરાદેવી સાકરચંદજી પરિવારે રહીયો હતો. નગર પ્રવેશ વખતે ગુરુભક્તો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# દેવભૂમિ દ્વારકાના નંદાણામાં દિવ્યાંગ રમત વીરોનો યોજાશે મહાકુંભ

## મુક બધિર-પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ રમતવીરોનું રજીસ્ટ્રેશન શરૂ

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

રાજય સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અંતર્ગતની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ખેલ મહાકુંભ ૨૦૨૪ ની સાથે દિવ્યાંગ ખેલાડીઓ માટે ખાસ ખેલ મહાકુંભનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દિવ્યાંગ ખેલાડીઓ માટે ઓ.એચ., બ્લાઈન્ડ, ડેફ અને એમ.આર.એમ. ચારેય કેટેગરીની સ્પર્ધા જી.એમ.ડી.સી. હાઈસ્કૂલ, નંદાણા ખાતે યોજાશે. ભાગ લેવા ઈચ્છતા સંસ્થા/શાળા, વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે આપેલ જે-તે કેટેગરીના કન્વીનરનો સંપર્ક કરવાનો રહેશે.

એમ.આર.કેટેગરીની તા.૧૦-૦૨-૨૦૨૫ના રોજ યોજાનાર સ્પર્ધા માટે કન્વીનર દેવભૂમિ દ્વારકા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના વિપુલ ઓઝા (મો.૯૯૭૮૧ ૩૭૫૩૭), ડેફ એન્ડ બ્લાઈન્ડ કેટેગરીની તા.૧૧-૦૨-૨૦૨૫ ના રોજ યોજાનાર સ્પર્ધા માટે કન્વીનર દેવભૂમિ દ્વારકા પ્રજ્ઞાચક્ષુ મંડળના પુરૂષોત્તમ નકુમ (મો.૯૫૫૮૧૨૨૨૯૧), ઓ.એચ. કેટેગરીની તા.૧૨-૦૨-૨૦૨ના રોજ યોજાનાર સ્પર્ધા માટે કન્વીનર દેવભૂમિ દ્વારકા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના બનેસિંહ સિસોદીયા (મો.૯૫૮૬૭૬૬૪૪૫)નો સંપર્ક સાધવાનો રહેશે સમ જિલ્લા રમત ગમત અધિકારીની યાદીમાં જણાવાયું છે.

### પ્રજાસતાક પર્વ નિમિતે

# ધોરાજી: ઝાંઝમેર ગામના સરપંચે શાળાઓને આપી બંધારણની ભેટ

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**



બંધારણ અમલમાં આવ્યું એમના ૭૫ વર્ષ પૂર્ણ થયા તેની નિમિત્તે ઝાંઝમેર ગામના સરપંચ કિરણબેન પુનિતભાઈ બગડા તરફથી ઝાંઝમેર ગામની કુમારશાળા ઝાંઝમેર ગામની કન્યાશાળા અને ઝાંઝમેર ગામની માધ્યમિક શાળા એમ ત્રણેય સ્કૂલોને ભારતનું બંધારણ સપ્રેમ ભેટ કરેલ છે

અને સાંસ્કૃતિક કાર્યક્રમ ચાલુ કરતા પહેલા સરપંચ તથા ગ્રામ પંચાયતની બોડી શિક્ષક પરિવાર અને ગામના મહેમાનોએ ભારતનું બંધારણ અને ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ના તેલી ચીત્રને ફુલહાર કરી કાર્યક્રમ છૂટો મૂક્યો હતો.

# ગાંધીધામ: અંજાર ઈલેકટ્રીક કંપની આગ દુર્ઘટનામાં પ્રશંસનીય કામગીરી કરનાર પી.આઈ.-પોલીસ સ્ટાફનું કરાયું સન્માન

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



અંજાર વિસ્તારમાં મેઘપર બોરીચીમાં આવેલ જીનસ ઈલેકટ્રીક્સ કંપનીમાં ભયાનક આગ લાગી હતી જે આગમાં આશરે ૭૦૦ જેટલા લોકો ફસાયા હતા જે તમામ લોકોને અંજાર પોલીસ દ્વારા તાત્કાલીક અસરથી કંપનીમાંથી બહાર કાઢી સલામત જગ્યાએ ખસેડવામાં આવ્યા હતા તેમજ કંપની અંદર રહેલ છ ગાયો તથા બે વાછરડાઓને દિવાલ તોડી સલામત સ્થળે પહોચડવામાં આવ્યા હતા. આ કામગીરી પોલીસે પોતાના જીવના જોખમે કરી હતી. પીઆઈ એ આર ગોહિલના માર્ગદર્શન હેઠળ પોલીસ દ્વારા ટીમવર્કથી અગત્યની ભુમિકા ભજવી પૂર્વ કચ્છ પોલીસ માટે પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી. જે બદલ વહીવટી તંત્ર દ્વારા આ પ્રશંસાપત્ર આપવામાં આવ્યું છે.

# ચોટીલા રજબ મહિનાનું ૨૭ મુ રોજું રાખી ત્રણ વર્ષના મહંમદ એ દેશની તરકી માટે દુઆ કરી

**અબતક રણજીતસિંહ ધાધલચોટીલા**



મુસ્લિમ સમાજ માં રોજાનું ખૂબ જ મહત્વ છે રમજાન ઉપરાંત રજબ અને સાબાન મહિનામાં પણ રોજા રાખવામાં આવે છે. અત્યારે રજબ મહિનો ચાલી રહ્યો છે ત્યારે ચોટીલામાં રજબનું ૨૭ નું રોઝુ રાખીને ત્રણ વર્ષના મહંમદ મુસ્તફા એ અલ્લાહની બંદગી કરી શાંતિ અને ભાઈ ચારા સાથે દેશની ઉન્નતિ માટે દુઆ કરી હતી

# સુત્રાપાડા: જી.પી.એસ.સી.માં ઉતીર્ણ થઈ રવી કામડીયાએ કોળી સમાજનું વધાર્યું ગૌરવ વધાર્યુ

**અબતક, રામસિંહ મોરી,સુત્રાપાડા**



ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડાના વતની રવી બાબુભાઈ કામડીયા જી.પી.એસ.સી.માં એન્જીનીયર તરીકે સીલેકટ થઈ જિલ્લા કોળી સમાજનાં ગૌરવ બન્યા છે.રવી બાબુભાઈ કામડીયાને આ સફળતા બદલ ગુજરાત પોલીસના આગેવાનો દ્વારા શુભેચ્છા પાઠવી.

### વિજય યોગતિલકરસુરીજી મ.સા. નિશ્રામાં

# પાલીતાણા: અધ્યાત્મ પરિવાર દ્વારા વાંચનાશ્રેણી કાર્યક્રમ યોજાયો




**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**

પાલીતાણા તીર્થમાં અધ્યાત્મ પરિવાર દ્વારા આયોજિત અધ્યાત્મ સમ્રાટ શ્રીમદ વિજય યોગતિલકસુરીજી મહારાજાની નિશ્રામાં પાંચ દિવસીય વાંચના શ્રેણી અને સુરત અમદાવાદના સંસ્કાર શાળાના બાળકો અને શિક્ષકો અને વાલીઓનું મિલન અને વાંચના નો પ્રસંગ ખુબ જ સુંદર રીતે ઉજવાયો હતો.

તાજેતર માં પાંચ દિવસીય અધ્યાત્મ પરિવાર દ્વારા આયોજિત

## ૧૦૦૦ બાળકો, શિક્ષકો અને વાલી રહ્યા ઉપસ્થિત

વાંચના શ્રેણી બનાસકાંઠા ધર્મશાળામાં બિરાજમાન અધ્યાત્મ સમ્રાટ પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ વિજય યોગતિલકસુરીશ્વરજી મહારાજાની નીશ્રામાં રાખવામાં આવેલ જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં શ્રાવકો અને શ્રાવીકાઓ અને ભક્ત વર્ગ પાંચ દિવસ આ વાંચના શ્રેણી માં પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી ના મુખે પ્રભુની વાણી અને જૈન શાસનનો સાર સાચું સાચુ આત્મિક સુખ કોને કહેવાય તે સમજવા માટે ત્રણ ત્રણ વ્યાખ્યાનો દિવસ દરમિયાન રાખેલા જેનો લાભ લેવા માટે ૯૦૦ થી ૧૦૦૦ ભકતો આ વાંચના શ્રેણીમાં ઉપસ્થિત રહેલા આ પાંચ દિવસ દરમિયાન સ્નાત્રત્મહોત્સવ પ્રભુની સંધ્યાભક્તિ ભવ્ય અંગરચના અને દિવસના ત્રણ ત્રણ પ્રવચનો અને ત્રણેય ટાઈમની સાધાર્મિક ભક્તિ આ પ્રકારનું સુંદર આયોજન અધ્યાત્મ પરિવાર દ્વારા કરવામાં આવેલું બનાસકાંઠા ધર્મશાળા ખાતે જ પૂજ્ય આચાર્યશ્રીની નિશ્રામાં અમદાવાદ અને સુરત અધ્યાત્મપરિવાર દ્વારા ચાલતી સંસ્કાર શાળાના બાળકો તેમને ભણાવનાર શિક્ષકો અને બાળકોના વાલીઓ આ તમામનું પણ મિલન અને પૂજ્ય ગુરુ મહારાજની નિશ્રામાં વાંચનાનું આયોજન

સુંદર રીતે કરવામાં આવેલ વ્યાખ્યાન દરમિયાન સંસ્કાર શાળાના શિક્ષકોનું પણ બહુમાન કરવામાં આવેલ આમ આ બંને પ્રસંગ નું આયોજન અધ્યાત્મ પરિવાર દ્વારા સુંદર રીતે કરવામાં આવેલ અને બંને પ્રસંગ ખૂબ જ સારી રીતે બનાસકાંઠા અને સાબરમતી ધર્મશાળા ખાતે ઉજવાયેલ બનાસકાંઠા અને સાબરમતી ધર્મશાળા ખાતે પરમ પૂજ્ય આચાર્ય મહારાજાની નીશ્રામાં ઉપધાનતકની આરાધના પણ સુંદર રીતે ચાલી રહી છે

# સુપેડી-મોટીમારડ ગામે બંધારણ ગૌરવ અભિયાનની ઉજવણી

## બહોળી સંખ્યામાં ભાજપ કાર્યકરો ઉમટી પડયા

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી તાલુકાના મોટીમારડ તથા સુપેડી જિલ્લા પંચાયત સીટ હેઠળ આવતા ગામોના ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો સાથે બંધારણ ગૌરવ અભિયાન કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું

ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતા સાથે ભારતીય બંધારણના ૭૫ વર્ષ પૂર્ણ થતા ઉજવણી કરવામાં આવતી જેના ભાગરૂપે રાજકોટ જિલ્લા અનુસૂચિત જાતિ ના પ્રમુખ લાલજીભાઈ અઠુ દ્વારા ભારતીય બંધારણ વિશે માહિતી આપવામાં આવી હતી અને ડોક્ટર બાબા સાહેબ આંબેડકરને પ્રાગટ્ય કરી



આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો

અનું જાતિ પ્રમુખ લાલજીભાઈ આઠું, ધોરાજી તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ વાઘમશી જિલ્લા પંચાયત સદસ્ય તથા દંડક વિરલભાઈ પનારા , રાજકોટ જિલ્લા ન્યાય સમિતિના ચેરમેન ભાનુબેન બાબરીયા પ્રતિનિધિ મોરચાના પ્રમુખ પુનિતભાઈ બગડા તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ પીઠીયા ,તથા ધોરાજી તાલુકા અ. જા પ્રમુખ પુનિતભાઈ બગડા ધોરાજી તાલુકાના સર્વે કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# જસદણ પાલિકાની ચૂંટણીના નવનિયુકત આગેવાનોને આવકારતાં વિજય રાઠોડ

**અબતક,હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી આગામી તા.૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ સાત વર્ષ ઉપરાંતના ગાળામાં યોજાય રહી છે જે અંગે વિવિધ પક્ષોમાં ગતિવિધિ તેજ બની છે જયારે આ ચૂંટણી અંગે ભારતીય જનતા પાર્ટીએ પ્રભારી, સંયોજક અને સહ સંયોજકની નિમણુંક કરવામાં આવતા આ નિમણૂકોને જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ આવકારી હતી અને જણાવ્યું હતું કે આગામી નગરપાલિકાની ચૂંટણીમાં ફરી વધું એકવાર ભાજપનો ભગવો લેહરાશે એવી આશા વ્યકત કરી હતી ચૂંટણીના પ્રભારી તરીકે દિનેશભાઈ અમૃતિયા, સંયોજક તરીકે તળશીભાઈ તાલપરા અને સહ સંયોજક તરીકે જસદણ ભાજપના પીઢ અગ્રણી ચંદુભાઈ કચ્છીની નિમણુંકો કરવામાં આવી છે જસદણ નગરપાલિકામાં કુલ મળીને સાત વોર્ડમાં ૪૮,૪૮૩ મતદારો નોંધાયેલા છે જે અંગે ચૂંટણી તંત્રએ ૪૪ બુથોની વ્યવસ્થા કરવામાં કમર કસી છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૭-૦૧-૨૦૨૫ સોમવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ફક્ત મહિલાઓ માટે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાઘી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કાજુ ગાંડિયા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (સુંજોગ થેરાપિય)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૮-૦૧-૨૦૨૫ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવતકથા(પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૨૮-૧-૨૦૨૫ મંગળવાર

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ શાલીવાહન શકિ: ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ |
| તિથી | પોષ વદ ચૌદશ |
| નક્ષત્ર | પૂર્વાષાઢા |
| યોગ | વ્રજ કરણ: વિષ્ટિ |
| સુર્યોદય | ૭.૨૭ સુર્યાસ્ત: ૬.૩૩ |
| ચંદ્ર રાશી | ધન ૧.૫૫થી મકર |
| રાશિ અક્ષર | ભ.ફ.ધ/ખ.જ. |
| દિશાશૂળ | ઉત્તર દિશા તરફ |
| રાહુકાળ | બપોરે ૩ થી ૪.૩૦ |
| દિવસનાચોઘડીયા | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ |
| રાત્રીનાચોઘડીયા | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૩૭ થી ૧.૨૧ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | ૪ | | | | | ૩ |
| | | ૬ | ૧ | | | | | ૮ |
| | | | | ૩ | | ૫ | | |
| ૩ | ૫ | | | | | | ૪ | ૬ |
| | ૯ | | | ૭ | | | | ૫ |
| | | ૨ | ૬ | | | | ૭ | |
| | | | | ૪ | | | | |
| ૯ | | ૩ | | | ૬ | | ૫ | ૪ |
| | | | ૭ | | ૩ | ૧ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૬૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | ૩ | ૯ | ૨ | ૫ | ૪ | ૧ | ૭ |
| ૪ | ૧ | ૨ | ૬ | ૮ | ૭ | ૯ | ૩ | ૫ |
| ૫ | ૭ | ૯ | ૧ | ૩ | ૪ | ૬ | ૨ | ૮ |
| ૩ | ૫ | ૧ | ૨ | ૯ | ૬ | ૮ | ૭ | ૪ |
| ૨ | ૯ | ૬ | ૭ | ૪ | ૮ | ૩ | ૫ | ૧ |
| ૭ | ૪ | ૮ | ૩ | ૫ | ૧ | ૨ | ૬ | ૯ |
| ૧ | ૩ | ૭ | ૮ | ૬ | ૯ | ૫ | ૪ | ૨ |
| ૬ | ૮ | ૫ | ૪ | ૧ | ૨ | ૭ | ૯ | ૩ |
| ૯ | ૨ | ૪ | ૫ | ૭ | ૩ | ૧ | ૮ | ૬ |

## આવતીકાલનું રાશિફળ

### તા.૨૮.૧.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૧, પોષ વદ ચતુર્દશી, પૂર્વાષાઢા નક્ષત્ર, વજ્ર યોગ, વિષ્ટિ કરણ, આજે બપોરે ૨.૫૨ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) ત્યારબાદ મકર (ખ,જ) રહેશે


જ્યોતિષાચાર્ય રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : સીધી સરળ વાતથી કાર્ય નહિ બને એ માટે કુટનિતિજ્ઞ રસ્તાઓ અપનાવવા પડે, બુદ્ધિપૂર્વક નિર્ણય લેવા.

**વૃષભ** (બ,વ,ઉ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો. લાગણીના સંબંધોમાં સારું રહે.

**મિથુન** (ક,છ,ઘ) : તમારા અંતરંગ શોખ માટે સમય કાઢી શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે, દિવસ પ્રગતિકારક રહે.

**કર્ક** (ડ,હ) : ગણતરીપૂર્વકના સાહસથી લાભ થશે, નવા કાર્યમાં આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો.

**સિંહ** (મ,ટ) : બેન્ક વીમા વિગેરે કાર્ય કરીશ શકો, આર્થિક બાબતોમાં મધ્યમ રહે, આવકના નવા સ્રોત્ર વિચારી શકો.

**કન્યા** (પ,ઠ,ણ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવા વિચારોથી લાભ થાય, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**તુલા** (ર,ત) : દૂર દેશથી સારા સમાચાર મળે, નવા સંપર્કો સાથે વાત થાય. અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

**વૃશ્ચિક** (ન,ય) : જીવનમાં પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, નવા વિચાર થી મન સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**ધન** (ધ,ભ,ફ,ઢ ) : વેપારી વર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગે ઉપરી અધિકારીઓ સાથે મતભેદ નિવારવા સલાહ છે.

**મકર** (ખ,જ) : ગુરુકૃપાથી કાર્ય સિદ્ધ થાય, ધ્યાન-યોગ-મૌન થી લાભ થાય,આધ્યાત્મિક ચિંતન થાય, શુભ દિન.

**કુંભ** (ગ ,સ,શ) : બધું મનનું ધાર્યું ના થાય, મિશ્ર અનુભવ આપતો દિવસ, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**મીન** (દ,ચ,ઝ,થ) : પ્રણયમાર્ગે ચાલનારા માટે મધ્યમ કહી શકાય, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે,સુંદર દિવસ.

તંત્રી લેખ

# વિદેશમાં ભારતીયોના રોકાણ પરની ઈ.ડી નજરથી અર્થતંત્રને નુકસાન કરનારાઓ પર આવશે "લગામ"

ભારત આર્થિક મહાસત્તા બનવા તરફ મક્કમ પણે આગળ વધી રહ્યું છે, અર્થતંત્રને પાંચ ટ્રીલીયન અમેરિકન ડોલરનું કદ આપવા વિકાસ દર અવિરત ૭% ના વૃદ્ધિદરની રફતાર નક્કી કરવામાં આવી છે, વૃદ્ધિદરનું સાતત્ય જળવાઈ રહે તે માટે ના પગલાઓ લેવાઈ રહ્યા છે, અને અર્થતંત્ર સરેરાશ તંદુરસ્ત રહે તે માટે ઔદ્યોગિક ઉત્પાદન ની સાથે સાથે કૃષિ ઉત્પાદન નો તાલમેલ જાળવવા પર પૂરતું ધ્યાન આપવામાં આવી રહ્યું છે, અર્થતંત્ર માટે ઘરેલુ ઉત્પાદન વૃદ્ધિ અને નીકાસ ક્ષેત્ર બળવતર હોવું જરૂરી છે, આ માટેના જરૂરી તમામ પગલાંઓ અસરકારક રીતે અમલીય બનાવાઈ રહ્યા છે અને તેના પરિણામો પણ દેખાઈ રહ્યા છે સાથે સાથે હવે કરચોરી અટકાવવા પર ખાસ ધ્યાન આપવા પર ભાર મુકાઈ રહ્યો છે, અર્થતંત્ર માટે સૌથી વધુ ભારરૂપ આયાત ક્ષેત્ર ને જેમ બને તેમ સીમિત કરવા માટે સ્થાનિક ધોરણે કૃષિ ઉત્પાદન વૃદ્ધિની સાથે સાથે ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ દ્વારા આયાતી વસ્તુઓ ના અવેજીમાં ઘર આંગણે ઉત્પન્ન થતી વસ્તુઓના વપરાશથી અર્થતંત્રને નક્કર મજબૂતી મળે છે,

સ્ટાર્ટઅપ અને મેક ઈન ઈન્ડિયા ના અભિગમશી દેશ માટે સૌથી વધુ જેની આયાત થાય છે તેવી ઘણી વસ્તુઓ નું હવે ઘર આંગણે ઉત્પાદન થવા લાગ્યું છે, ટેક્સટાઈલ ફાર્માસ્યુટિકલ ઈલેક્ટ્રોનિક આઈટમ અને ઓટોમોબાઈલ જેવી વસ્તુઓ નીયાતમાં ચીન જર્મની જાપાન અમેરિકા સિંગાપુર જેવા વિવિધ વસ્તુઓ ભારતમાં મોકલનાર દેશોની આયાત ટકાવારી ખૂબ જ મોટા પ્રમાણમાં કાબૂમાં આવી છે તેની સામે ભારત હવે કૃષિ પેદાશોથી લઈ સંરક્ષણ ક્ષેત્રે પણ પોતાની વસ્તુ નિકાસ કરતું થયું છે, આમ આયાત નિકાસ ના સંતુલનમાં ભારતે સારી સિદ્ધિ મેળવી છે હવે ઘર આંગણે થતી કરચોરી ને ડામવા પર પૂરેપૂરું ફોકસ આપવાની જરૂરિયાત છે. સાથે સાથે વિદેશમાં થતા રોકાણ પર પણ બાજ નજર રાખવાનો અભિગમ અમલમાં આવ્યો છે દુબઈમાં રિયલ એસ્ટેટમાં રોકાણકાર ભારતીયોના રોકાણ પર એનફોર્સમેન્ટ ડિરેક્ટરોએ રડાર ગોઠવ્યા છે, અત્યારે વિશ્વના રિયલ એસ્ટેટમાં રોકાણ ક્ષેત્રે દુબઈ હોટ ફેવરેટ બની રહ્યું છે ત્યારે દુબઈમાં રિયલ એસ્ટેટમાં રોકાણ કરનારાઓ અને દુબઈમાં મિલકત ખરીદનાર ભારતીય રોકાણકારો એ વિદેશીહૂંડિયામણ ધારા નું ઉલંઘન કર્યું છે કે કેમ ?તેની તપાસ શરૂ કરવાનો પ્રયાસ અર્થતંત્ર માટે શુકનવંતો બનશે.

વિદેશી વિનયમન વ્યવસ્થાપન કાયદાનું નિયમન સચોટ રીતે કરવા ના પ્રયોજનો વચ્ચે નિકાસ માંથી મળેલા નાણા ભારતમાં પાછા લાવવાની ખાસ જોગવાઈ છે, દેશના નાણાં ફરીથી દેશ માં આવી જવા જોઈએ આ નાણાં દેશમાં લાવવાના બદલે વિદેશમાં મિલકત ખરીદવા માટે જો ઉપયોગ થાય તો દેશ માટે લાંબા ગાળે નુકસાનકારક સાબિત થાય છે .અત્યારે વિદેશમાં મિલકત ખરીદવા માટે ભારતીયોને જો બિન નિવાસી સંબંધી તરફ થી ભેટના રૂપમાં નાણાં મળે તો તેના રોકાણમાં મળેલી છૂટછાટનો કેટલાક લોકો દૂર ઉપયોગ કરે છે અને વિદેશમાં સંપત્તિ નું સર્જન કરવાની મોડ્સ ઓપરન્ટિટી સરકારના ધ્યાનમાં આવી છે નીકાસ કરેલ વસ્તુ રાણા દેશમાં પાછા લાવવાના બદલે બિન નિવાસી દ્વારા અપાયેલ ભેટના રૂપમાં રોકાણ કરવામાં આવે છેહવે દુબઈ સહિતના ઈન્વેસ્ટમેન્ટ સેન્ટરમાં ભારતીયો દ્વારા કરવામાં આવતા રોકાણ ને તપાસના દાયરામાં લેવામાં આવશે ઈડીની આ કાર્યવાહીથી અવશ્યપણે ભારતના હક ના રૂપિયા વિદેશમાં રોકાઈ જતા બચશે .ઈડીની આ ઝુંબેશથી જે રોકાણકારોએ જાણતા અજાણતામાં વિદેશી નિયમોનું ઉલ્લંઘન કર્યું હોય તેવા કિસ્સા પ્રકાશમાં આવશે અને આ કાર્યવાહીથી ભારતીય અર્થતંત્રને નુકસાન કરતી ભારતીયોની વિદેશમાં રોકાણની અવૈધાનિક પ્રવૃતિઓ પર રોક આવશે અન તેનો સરેરાશ ફાયદો અર્થતંત્રને થશે દુબઈમાં રિયલ એસ્ટેટમાં રોકાણ પરની તપાસ માત્ર દુબઈ પૂરતી જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ભારતીયોના નામે થતા રોકાણ પર નજર રહેવી જોઈએ ઈ ડી ની આ કાર્યવાહીથી દેશના તંત્રને નુકસાન કરનાર તત્વો પર લગામ આવશે.

# સુત્રાપાડાઃ અવશ્ય મતદાન કરવાના સંકલ્પ સાથે ઉજવાયો રાષ્ટ્રીય મતદાન દિવસ

## પૂર્વ કેબીનેટ મંત્રી જશાભાઈ બારડની હાજરીમાં તેજસ્વી વિદ્યાર્થીઓને કર્યા સન્માનીત

**અબતક, રામસિંહ મોરી,સુત્રાપાડા**

સુત્રાપાડા માં ડો .ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકૂલ માં ૧૫ મો રાષ્ટ્રીય મતદાન દિવસ ની ઉજવણી પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડની પ્રેરક ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી હતી.

ગીર સોમનાથ જિલ્લા ના સુત્રાપાડા મુકામે ડો .ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકૂલ માં ૧૫ મો રાષ્ટ્રીય મતદાન દિવસ ની ઉજવણી પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ તેમજ સુત્રાપાડા તાલુકા મામલત્દાર ઉમેશ ગોવડા નાયબ મામલતદાર શક્તિસિંહ પરમાર મકવાણાભાઈ, નાયબ મામલતદાર નિરુબેન જાદવ, ટી પી ઓ અમરસિંહ ભાઈ જાદવ, બી આર સી ઝાલા તેમજ ડો ભરત બારડ શૈક્ષણિક સંકુલના



માધ્યમિક વિભાગના આચાર્ય જોશી , કન્યાશાળા ના આચાર્ય અશ્વિનભાઈ બારડ, કોલેજ વિભાગના આચાર્ય પાઠક તમજ અન્ય સ્ટાફ ગણ તેમજ વિધ્યાર્થી ભાઈઓ અને બહેનોની ઉપસ્થિતિ માં ઉજવવામાં આવેલ.

પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડે જણાવેલ કે લોકશાહીમાં મતદાન એ અતિ મહત્વનુ યોગદાન છે. ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ માં ડો બાબા સાહેબના બંધારણમાં આપેલ અધિકાર મુજબ દરેક ભારતીય નાગરિક ને મતદાન નો અધિકાર કોઈ પણ જાતના ભેદભાવ વગર આપવામાં આવેલ છે. મતદાન માટેના અધિકારનો ઉપયોગ કરવો એ તમામ નાગરિક ની ફરજ છે. ઉપરાંત હાજર તમામ લોકોએ તમામ નાત જાત કે અન્ય લોભ લાલચ કે ડર વગર મતદાન કરવાની પ્રતિજ્ઞા લીધેલ હતી

સુત્રાપાડા તાલુકા મામલતદાર દ્વારા સિનિયર સીટીઝન મતદાતા તરીકે પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડનું શાલ, પ્રમાણપત્ર અને પુષ્પ ગુચ્છ આપી સન્માન કરવામાં આવેલ. તેમજ મતદાન જાગૃતિ અભિયાનની વિવિધ પ્રવુતિમાં પ્રથમ નંબરે આવેલ વિદ્યાર્થી ભાઈઓ બહેનોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા.

કાર્યક્રમ નું સંચાલન ડો ભરત બારડ શૈક્ષણિક સંકુલના વ્યાયામ શિક્ષક પિયુષભાઈ કછેલા દ્વારા કરવામાં આવેલ હતું

# સુત્રાપાડાઃ 'સરહદ કો પ્રણામ' અભિયાનના સ્વયંસેવકો સાથે પૂર્વ મંત્રી જસાભાઈ બારડે કર્યો પરામર્શ



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડામાં 'સરહદ કો પ્રણામ' અભિયાન અંતર્ગત મહેમાન બનેલા સ્વયંસેવકો સાથે પૂર્વ કેબીનેટ મંત્રી જસાભાઈ બારડએ ચર્ચા પરામર્શ કરી અભીયાન અંગેની વિગતો જાણી હતી.

સુત્રાપાડામાં 'સરહદ કો પ્રણામ' અભીયાન અંતર્ગત આવેલા કર્ણાવતી અને વિરમગામ સ્વંયસવકો સાથે ડો. ભરત બારડ શૈક્ષણીક સંકુલમાં પ્રશ્નોતરી આયોજન કરવામાં આવ્યું હતુ.

'સરહદ કો પ્રણામ' અભીયાન અંતર્ગત સુત્રાપાડાના મહેમાન બનેલા વિરમગામ અને કર્ણાવતીના મહેમાન બનેલા પૂર્વ કેબીનેટ મંત્રી જસાભાઈ બારડએ ચર્ચા વિચારણા કરી સ્વયંસેવકોની યાત્રા અને અભીયાનના અનુભવો અંગે ચર્ચા કરી આ કાર્યક્રમમાં પૂર્વ કેબીનેટ મંત્રી જસાભાઈ બારડ સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# પોરબંદરના 'અબતક'ના પત્રકાર અશોક થાનકીની પુત્રી દ્રષ્ટિની અનન્ય સિધ્ધિ

## રાજ્યકક્ષાની કરાટે સ્પર્ધામાં બે-બે ગોલ્ડમેડલ મેળવી પરિવારનું નામ કર્યું રોશન

**અબતક, અશોક થાનકી, પોરબંદર**

હાલમાં નિહાન શુભકાઈ શિતોર્યુ ઈન્ડિયા દ્વારા રાજ્યકક્ષાની સ્પર્ધા જુનાગઢ ખાતે યોજવામાં આવી હતી. જેમાં કરાટેની કાતા અને કુમિત્તે આમ બે પ્રકારની અલગ અલગ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે એક્ષ્ટ્રીમ ફિટનેસ કેરની સ્ટુડન્ટ અને પોરબંદર 'અબતક'ના પ્રતિનિધિ અશોકભાઈ થાનકીની પુત્રી દષ્ટિ એ બંને સ્પર્ધા માં તેની કેટેગરીમાં



પેલો નંબર આવીને બંનેમાં ગોલ્ડ મેડલ મેળવ્યા હતા ત્યારે પોરબંદરમાં કુતિયાણા ખાતે યોજાયેલ જિલ્લા કક્ષા ની પ્રજાસતાક દિવસની ઉજવણીમાં કલેકટરના હાથે તેને સન્માનિત કરવામાં આવી હતો ત્યારે પોરબંદરનું બ્રહ્મ સમાજનું અને એક્સટ્રીમ ફિટનેસ કેર સેન્ટર નુંનામ રોશન કરવા બદલ અગ્રણી કેતન કોટીયા અને સૂરજ મસાણી તથા મહેશ મોતિવરસ તેમજ અંજલિ ગંધ્રોકિયા સહિત ની ટીમ અને જિલ્લા વાસીઓ એ શુભેચ્છા પાઠવી હતી

ત્યારે દ્રષ્ટિ અશોકભાઈ થાનકી એ રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધામાં બે ગોલ્ડ મેડલ મેળવતા પ્રજાસતાક દિન નિમિતે રાજ્ય સરકાર તરફથી પોરબંદરનાં કલેકટર ધાનાણીના હાથે સન્માન કરાયું હતું.

# ગાંધીધામઃ ટ્રાફિક પોલીસ દ્વારા કામદારોને હેલ્મેટ પહેરાવા કરાય હીમાયત



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ સીટી ટ્રાફિક પોલીસ દ્વારા કાસેઝ ખાતે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો.

૩૫ માં માર્ગ સલામતી માસ અંતર્ગત ગાંધીધામ સિટી ટ્રાફિક પોલીસ દ્વારા કાસેઝ ઝોનની જી.કે એન કેમિકલ પ્રા. લી કંપનીમાં ટ્રાફિક અંગે જાગૃતિ લાવવા માટે કંપનીમાં કામ કરતા વર્કરોને હેલ્મેટ પહેરવા તેમજ ટ્રાફિકના અન્ય નિયમોનું પાલન કરવા સમજ આપવામાં આવી. પીએસઆઈ વી આર પટેલ દ્વારા તમામ વર્કર હેલ્મેટ પહેરીને જ કંપનીમાં આવે અને હેલ્મેટ વિના પ્રવેશ નહિ આપવા ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું.

# ભાવનગર-મહુવામાં ચુંટણી સંચાલનની શ્રેષ્ઠ કામગીરી બદલ ઈશિતા મેરને એવોર્ડ એનાયત

## તત્કાલીન પ્રાંત અધિકારી ઈશિતા મેરને રાજ્યકક્ષાના શ્રેષ્ઠ મતદાર નોંધણી અધિકારી તરીકે કરાયા સન્માનિત

**અબતક, આનંદ રાણા, સિહોર**

આજરોજ ૧૫મા રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૫ ના રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં વર્ષ દરમિયાન મતદારયાદી સુધારણા તેમજ ચૂંટણી કામગીરી માટે શ્રેષ્ઠ કામગીરી કરવા માટે રાજ્યકક્ષાએથી એવોર્ડ આપવામાં



આવે છે જેમાં ૯૯-મહુવા વિધાનસભા મતદાર વિભાગ માટે મતદાર નોંધણી તેમજ ચૂંટણી સંચાલનની ઉત્તમ કામગીરી માટે કુ. ઈશિતા મેર, તત્કાલિન પ્રાંત અધિકારી, મહુવાને રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ મતદાર નોંધણી અધિકારી તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા.

કુ. ઈશિતા મેર દ્વારા ૯૯-મહુવા વિધાનસભા મતદાર વિભાગ માટે વર્ષ-૨૦૨૪ મા ૧૮-૧૯ વયજૂથના સૌથી વધુ યુવા મતદારોની નોંધણી, EP Ratio, Gender Ratio, Gender gap વિગેરે જેવા સૂચકાંકો માં નોંધપાત્ર પ્રદાન કરાયુ હતુ. મતદાર જાગૃતિ અંગે વિવિધ કાર્યક્રમો, રેલી, નાટકો, બેઠકો યોજી, ગત લોકસભાની ચૂંટણીમાં મહત્તમ મતદારો મતદાન તરફ પ્રેરાય તેના માટે સરાહનીય કામગીરી કરવામાં આવેલ હતી. કુ. ઈશિતા મેર દ્વારા આજના રાષ્ટ્રીય મતદાતા દિવસના રાજ્ય કક્ષાના કાર્યક્રમ દરમિયાન સન્માન મેળવી, જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા ચૂંટણી શાખાના અધિકારી કર્મચારીઓ, ૯૯-મહુવા વિધાનસભા મતદાર વિભાગના તમામ સ્ટાફ, સેક્ટર ઓફિસર તેમજ બૂથ લેવલ ઓફિસરનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉપલેટાઃ નગરપાલિકાની ચૂંટણી લડવા ઉમેદવારનો રાફડો ફાટયોઃ ૧૯૦ની દાવેદારી

## સૌથી વધુ વોર્ડ નં. ૩માં ૩૨ દાવેદારો આજે બપોર બાદ પ્રદેશ નિરીક્ષકો સમક્ષ રૂબરૂ દાવેદારી ફોર્મ સુપરત કરશે

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટામાં આગામી ૧૩મીએ યોજાનાર નગરપાલીકાની ચૂંટણી માટે ભારતીય જનતાપાર્ટી દ્વારા ગઈકાલે ફોર્મ વિતરણ કરાતા ૧૦૦ જેટલા ફોર્મ ઉપડતા ચૂંટણી લડવા રાફડો ફાટયો હતો.

નગરપાલીકાના કુલ નવ વોર્ડ માટે આગામી ૧૬મી ૩૬ બેઠક માટે ચૂંટણી યોજાઈ રહી છે. તે માટે ભારતીય જનતાપાર્ટીના સિમ્બોલ ઉપર ચૂંટણી લડવા ઉપલેટા શહેરમાં ધારાસભ્યના કાર્યકરો ઉમેદવારોનો રાફડો ફાટયો હતો. બે કલાકમાં ૧૮૦ જેટલા ફોર્મ કાર્યકરો દ્વારા નવ વોર્ડ માટેની ૩૬ બેઠકો માટે ટીકીટની દાવેદારીમાં સૌથી વધુ ત્રીજા વોર્ડમાં ૩૨ દાવેદારોએ ફોર્મ લીધા હતા જયારે સૌથી ઓછા ફોર્મ





વોર્ડ નં.નવમાં માત્ર પાંચ ફોર્મ લીધા હતા.આજે બપોર બાદ તમામ દાવેદારો પ્રદેશ નિરીક્ષક સમક્ષ સંસદ સભ્યના કાર્યલયે પોતાની દાવેદારીના ફોર્મ સુપ્રત કરશે. ત્યારબાદ પાર્લામેન્ટ બોર્ડ દ્વારા ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવશે. તેમ શહેર ભાજપના પ્રમુખ પ્રતિક વોરાએ જણાવેલ હતુ.

# ધોરાજીઃ એસ.પી. ગોધમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનીત કરાયા

## તેરા તુજકો અર્પણ અંતર્ગત ૬ કરોડના સોનાનો મુદામાલ પરતની કામગીરી બિરદાવી



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર આર.જે ગોધમ ના ઓને અને ૭૬ માં પ્રજાસત્તાક દિનના પ્રસંગે ઉત્કૃષ્ટ કામગીરી સીટી પોલીસ સ્ટેશનના હાલ આશરે ૬ કરોડના સોનાનો મુદ્દામાલ મુથૂટ ફાઈનાન્સ ને તેરા તુજ કોર અપણ અંતર્ગત નિકાલ કરીએ પ્રભાવશાળી કામગીરી વ્યવસ્થા ઉત્કૃષ્ટપ્રદાન બદલ કલેકટર અને જિલ્લા મેજીસ્ટર રાજકોટ જિલ્લા પ્રભાવ જોશી તથા ધોરાજી પ્રાંત અધિકારી અને સબડિવિઝન મેજિસ્ટર એનએમ તરખાલા ના હસ્તે પ્રશાસન પત્ર પ્રાપ્ત એ એનાયતકરવામાં આવેલ જે ભવિષ્યમાં વધુ સારું પ્રદર્શન માટે પ્રોત્સાહન રૂપ બનશે.

# પાલીતાણાઃ સ્વામી વિવેકાનંદ કોલેજ દ્વારા શૈક્ષણીક પ્રવાસમાં ઐતિહાસીક સ્થળોની લીધી મુલાકાત

## ભવનાથ તળેટી, વિલીંગ્ડન ડેમ, સકકરબાગ, દામોદરકુંડ ગીરનાર સહિતના અનેક સ્થળો પર ઉંમગથી યાદગાર ક્ષણોનું ભાથુ બાંધ્યું

**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**

શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓમાં સમૂહ ભાવના વિકસે,ઐતિહાસિક સ્થળો વિષે જાણી શકે, ભારતની ભવ્ય સાંસ્કૃતિક વિરાસત જાણી શકે, અવનવી બાબતોથી પરિચિત થાય એ હેતુથી શૈક્ષણિક પ્રવાસનું જૂનાગઢ (રૈવતક પર્વત)મુકામે આયોજન કરવામાં આવ્યું. જ્યાં ભવનાથ તળેટી,વિલીંગ્ડન ડેમ,સક્કરબાગ,દામોદર કુંડ,ઉપર કોટ,અશોક શિલાલેખ,સતી અનસૂયા માતા મંદિર,જેવા પ્રચલિત સ્થળોની મુલાકાત લીધી હતી અને સાથે સાથે ગરવા ગિરનારનાં દર્શન કર્યા હતા.ભારતના ભવ્ય વારસાને જાણવા માટેના અનેક પ્રચલિત



સ્થળોમાનું એક જૂનાગઢ હંમેશા સહુનું પસંદગી પામેલું સ્થળ છે,જ્યાં સાક્ષાત ઈશ્વરનો વાસ છે,જ્યાં ગિરનાર વાદળાંઓ સાથે વાતો કરે છે,જ્યાં પ્રકૃતિ સોળે કળાએ ખીલેલી છે,જ્યાં ડાલામથા સાવજના દર્શન થાય છે,જ્યાં અલૌકિક આધ્યાત્મિક અનુભવ થાય છે, જયાં રાણકદેવી જેવા સતી માતાના થાપા આજે પણ દેખાય છે,જ્યાં ગિરનાર કોઈ અવધૂત જેવો દેખાય છે,જ્યાં અડીકડી વાવ અને નવઘણ કૂવો ભવ્ય ઈતિહાસની સાક્ષી પૂરે છે, જયાં સર્વ ધર્મ સમભાવ વર્તે છે,જંગલો અને પર્વતોનો આ પ્રદેશ સહુની આસ્થાનું કેન્દ્ર સ્થાન રહ્યું છે,ત્યારે કોલેજના વિદ્યાર્થીઓએ આ સર્વને મનભરીને માણ્યો,જાણ્યો અને ખૂબ જ યાદગાર ક્ષણોને જીવનભરની મૂડી બનાવી હતી.પરત ફરતા, બીલખા મુકામે ચેલૈયા મંદિર અને અમરેલીમાં ત્રિમંદિરનાં દર્શન કર્યા ત્યાર બાદ સહુએ પ્રસાદી પણ લીધી હતી,આમ ભારે ઉત્સાહ અને ઉમંગથી યાદગાર ક્ષણોને વાગોળતા સહુ બસમાં પણ ખૂબ મોજે મોજ પાલિતાણા પરત ફર્યા હતા.ટ્રસ્ટી દીપકભાઈ ત્રિવેદી,આચાર્ય ભાવેશભાઈ તેમજ વિજયભાઈનાં માર્ગદર્શનથી પ્રવાસ સફળ રહ્યો હતો.

# લોકશાહીને જીવંત રાખવા મતાધિકારનો ઉપયોગ અવશ્ય કરવોઃ કલેકટર મહેતા

## જિલ્લા કલેકટર આર.કે. મહેતાની અધ્યક્ષતામાં ૧૫મા રાષ્ટ્રીય મતદાન દિવસની ઉજવણી



**અબતક, આનંદ રાણા, સિહોર**

ભાવનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર. કે. મહેતાની અધ્યક્ષતામાં ૧૫ માં રાષ્ટ્રીય મતદાતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના કોર્ટ હોલમાં કરવામાં આવી હતી. ૧૫ માં રાષ્ટ્રીય મતદાતા દિવસની થીમ ''મતદાનથી વિશેષ કંઈ નહીં, હું અવશ્ય મતદાન કરીશ'' પર ઉજવણી કરવામાં આવી હતી.

જિલ્લા કલેકટરએ રાષ્ટ્રીય મતદાતા દિવસની શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું કે, લોકશાહીમાં આપણને ઉપલબ્ધ થયેલાં અમૂલ્ય એવાં મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીને જીવંત રાખવી જરૂરી છે. આ અવસરે તેમણે જણાવ્યું કે, જિલ્લામાં મતદાનપાત્ર લોકોની નોંધણી માટે ઝૂંબેશરૂપે કાર્ય કરીને જિલ્લામાં અનેક નવાં યુવા મતદારોની નોંધણી કરવામાં આવી છે. ૧૮ વર્ષના યુવા મતદારથી માંડીને ૧૦૫ વર્ષના સુમરી બા એ મતદાન કરવા માટે જિલ્લામાં ઉમળકો દર્શાવ્યો હતો.

આ પ્રસંગે ઈ.ચા. જિલ્લા વિકાસ અધિકારી ડી. એમ. સોલંકી, નિવાસી અધિક કલેકટર એન.ડી.ગોવાણી, રિજિયોનલ કમિશ્નર ઓફ મ્યુનિસિપાલિટીઝ અધિક કલેકટર ડી.એન. સત્તાણી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આર.એન.ચૌધરી, નાયબ પોલીસ અધિક્ષક આર. આર. સિંઘાલ સહિતનાં અધિકારીઓ, બી.એલ.ઓ. ઓ અને વિવિધ શાળા તથા કોલેજોના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# "પ્રેમનું પાનેતર" સમૂહ લગ્નોત્સવમાં ૫૧૧ દીકરીઓને શાહી ઠાઠથી સાસરે વળાવાય

## સૌરાષ્ટ્રના છોટે સરદાર સ્વ વિઠ્ઠલભાઈ રાદડિયા દ્વારા સેવાના બીજ આજે વટ વૃક્ષ બની હજારો પરિવારો માટે બની રહ્યું છે છાંયડો

## દશ હજાર સ્વયંસેવકોની પંદર દિવસની મહેનત લેખે લાગી, ૫૧૧ વરરાજા ૫૧૧ કન્યાઓના પરિવારજનો અને મહેમાનો વ્યવસ્થાથી અભિભૂત







**અબતક, રાજકોટ**

ભાજપના યુવા નેતા જયેશ રાદડિયા દ્વારા તા. ૨૬ જાન્યુઆરીના રોજ ૫૧૧ દિકરીઓના ભવ્ય સમુહ

આપવામાં આવ્યું હતું. તેમજ સમગ્ર જામકંડોરણા તાલુકાના લેઉવા પટેલ સમાજને પણ નોતરા આપવામાં આવ્યામાં હતા. આ સિવાય વિવિધ ક્ષેત્રના મહાનુભાવોને સમગ્ર કાર્યક્રમમાં

પરસોતમભાઈ (દાસભાઈ) વલ્લભભાઈ ગજેરા છે. જ્યારે અધ્યક્ષ સ્થાને કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયા તથા સી. આર. પાટીલ ઉપસ્થિત રહેશે જ્યારે ઉદઘાટક તરીકે પૂર્વ મુખ્યમંત્રી

રાદડિયા, કેબીનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ, જેતપુરના ઉદ્યોગપતિ રાજુભાઈ હિરપરા તેમજ સુરતના ભકિતગૃપના રમેશભાઈ ગજેરા અને સોમનાથ ઈન્ફ્રા.ના પરસોતમભાઈ ગજેરા

જામકંડોરણાના આંગણે ઉપરિવત રહ્યા છે. આ ઐતિહાસિક સમુહલગ્નોત્સવને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ જયેશભાઈ રાદડિયા ઉપરાંત ઉપપ્રમુખ ગોવિંદભાઈ રાણપરિયા, ખજાનચી

અરવિંદભાઈ તાળા, મનસુખભાઈ સાવલીયા, જમનભાઈ બાલધા, અશોકભાઈ બાલધા, રમેશભાઈ ખીચડિયા, મનોજભાઈ રાદડિયા, જસમતભાઈ કોયાણી, કિરણભાઈ

કોયાણી, કરશનભાઈ બાલધા, બચુભાઈ બાલધા, દામજીભાઈ બાલધા, વીરજલાલ ગજેરા, વિનોદરાય પાનસુરિયા, જીવરાજભાઈ સતાસીયા, વલ્લભભાઈ કોટડિયા, નાથાભાઈ

વઘાસીયા, ભીખાભાઈ અજુડિયા, મનસુખભાઈ રેણપરા, જગદીશભાઈ પીપળીયા, વલ્લભભાઈ રૂપાપરા, બાવનજીભાઈ પાદરિયા, સવજીભાઈ સોરઠિયા, છગનભાઈ

## અમારા ઘરના આંગણેથી દીકરીને વળાવતા હોય તેવો અમને સંતોષ થયો ભગવાન સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયા પરિવારનું ભલું કરે દીકરીની માતાએ ગાડા ભરીને બાપ-દીકરાને આપ્યા આશીર્વાદ



ઉપસ્થિત રહ્યા હતા.

આ સિવાય લેઉવા પટેલ સમાજના સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતભરમાંથી રાજકીય, સામાજીક આગેવાનો,ઉદ્યોગકારો તેમજ વિવિધ ક્ષેત્રના મહાનુભાવો દિકરીઓને આશિર્વાદ આપવા

વિઠલભાઈ બોદર, માનદ મંત્રી નિલેષભાઈ બાલધા, બાંધકામ સમિતિના ચેરમેન-કન્યા છાત્રાલય મોહનભાઈ કથિરિયા, કુમાર છાત્રાલય બાંધકામ સમિતિના ચેરમેન ધનજીભાઈ બાલધા તેમજ ટ્રસ્ટીઓ જયતિલાલ પાનસુરિયા,

અબ તક CHANNEL

**"પ્રેમનું પાનેતર" સમૂહ લગ્ન ઉત્સવ અબતકના ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ પર નિહાળી શકાશે**



## ૫૧૧ દીકરીઓને ૧૨૦ ચીજ વસ્તુઓનું કરિયાવર અને શ્રીમદ ભગવત ગીતાની ભેટ

લગ્નોત્સવ 'પ્રેમનું પાનેતર'નું વિશાળ આયોજન કરાવમાં આવ્યું હતું. વિઠલ રાદડિયાની પૂણ્યસ્મૃતિમાં યોજાનાર આ ૯માં શાહી સમુહ લગ્નોત્સવમાં આ વર્ષે પણ હવેલી જેવો વિશાળ અને ભવ્યાતિભવ્ય સેટ ઉભો કરવામાં આવ્યો હતો.આ સમુહ લગ્નોત્સવમાં લગ્નગ્રંથીથી જોડાનાર દરેક યુગલના પરિવારોને કોઈપણ સંખ્યાની મર્યાદા વગર આમંત્રણ

દોઢથી બે લાખ લોકોના જમણવાર માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ શાહી સમુહ લગ્નોત્સવામાં ''પ્રેમનું પાનેતર' લગ્નોત્સવ સમારોહના મુખ્ય દાતા મુળ જામકંડોરણાના અને હાલ સુરત નિવાસી ઉદ્યોગપતિ રમેશભાઈ વલ્લભભાઈ ગજેરા તથા

રૈયાણી, ધીરજલાલ સતાસીયા, છગનભાઈ સાવલીયા, ઝવેરભાઈ ભંડેરી, ભોવાનભાઈ વાગડિયા, હરિલાલ રાજપરા, વલ્લભભાઈ કાછડિયા, જમનભાઈ વાદી, નાથાભાઈ તાળા, લાલજીભાઈ ડોબરિયા, ધીરજલાલ પોકિયા, હરસુખભાઈ વેકરિયા, ગોપાલભાઈ

ઘાડિયા, રણછોડભાઈ પોકિયા, વેલજીભાઈ પટોડિયા, ભગવાનજીભાઈ ગીણોયા, રામજીભાઈ બાલધા, ધરમશીભાઈ સાવલીયા, વ્રજલાલ સતાસિયા, લાલજીભાઈ વેકરિયા, ભગવાનજીભાઈ બાલધા, દિપકભાઈ બાલધા, મહેશભાઈ સેંજલિયા વગેરે જહેમત ઉઠાવી હતી.

## મને લેઉવા પટેલના નેતા બનવાના બદલે "સેવક" બની રહેવાની અભિલાષા છેઃ જયેશભાઈ રાદડિયા

### જામકંડોરણાની ભૂમિ પરની મારી સાચી તાકાત સારા સ્વયંસેવકો છેઃ જયેશ રાદડિયાએ સ્વયંસેવકોનો માન્યો આભાર

રાજકોટના જામકંડોરણામાં લેઉવા પટેલ સમાજ દ્વારા 'પ્રેમનું પાનેતર' નામનો એક ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો, જેમાં ૫૧૧ દીકરીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ ઐતિહાસિક કાર્યક્રમમાં ૨ લાખથી વધુ લોકો સાક્ષી બન્યા હતા. ધારાસભ્ય જયેશ રાદડિયાએ કાર્યક્રમની શરૂઆત મુખ્ય દાતાઓનો આભાર વ્યક્ત કરીને કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જામકંડોરણાની ભૂમિ પર લેઉવા પટેલ સમાજની ૫૧૧ દીકરીઓના લગ્નનો ઈતિહાસ રચાયો છે. તેમણે સમાજના દાતાઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે સમાજે તેમની માંગણી કરતાં પણ વધારે દાન આપ્યું છે. રાજકીય વ્યક્તિ હોવા છતાં, સમાજે તેમના પર વિશ્વાસ મૂકીને ખૂબ જ સહયોગ આપ્યો છે. જયેશ રાદડિયાએ હંમેશા લેઉવા પટેલ સમાજની ગરીબ દીકરીઓના સારી રીતે લગ્ન થાય તેવા પ્રયત્નો કર્યા છે અને કરતા રહેશે. તેમણે સમાજને સંદેશ આપ્યો કે સમાજ ગરીબ નથી, પરંતુ જો કામ કરવામાં આવે તો પૂરી તાકાતથી કરવું જોઈએ. તેઓ નબળા કામોમાં વિશ્વાસ ધરાવતા નથી. જામકંડોરણાની ભૂમિ પર તેમની તાકાત તેમના સ્વયંસેવકો છે. સમૂહ લગ્ન પૂરા થયા બાદ તેઓ ફરીથી રાજકારણમાં સક્રિય થશે તેમ પણ જણાવ્યું હતું. જયેશ રાદડિયાએ સમાજના કેટલાક લોકોની ટીકાઓનો પણ જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું કે અમુક લોકો સમાજના નામે ફેસબુક પર ખોટી વાતો ફેલાવે છે અને તેમના વિશે ખરાબ કોમેન્ટ્સ લખે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેમને લેઉવા પટેલ સમાજના નેતા બનવાની કોઈ ઈચ્છા નથી. આટલી મોટી સંખ્યામાં લોકો સમૂહ લગ્નમાં જોડાય તે જોઈને અમુક લોકોના પેટમાં દુખે છે તેવો કટાક્ષ પણ કર્યો હતો. તેમણે સમાજ સેવાના કાર્યોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે જામકંડોરણામાં હજારો દીકરીઓ અભ્યાસ કરી રહી છે અને સમાજે જૂનાગઢ, નાથદ્વારા, દ્વારકા સહિત અનેક સ્થળોએ સમાજની વાડીઓ બનાવી છે. રાજકોટમાં ૨૫૦૦ દીકરીઓ અભ્યાસ કરે છે, જે સમાજ સેવાનું જ ઉદાહરણ છે. વિઠલ રાદડિયાએ પાંચ સમૂહ લગ્ન કરાવ્યા હતા અને આજે તેમના દ્વારા ૫૧૧ સમૂહ લગ્ન કરાવવામાં આવ્યા છે, જે સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે ટીકાકારોને ખુલ્લી ચેલેન્જ આપી કે જો તેમનામાં તાકાત હોય તો તેઓ મેદાનમાં એકલા આવે, સમાજને વચ્ચે લાવવાની જરૂર નથી. કોરોના સમયમાં તેમણે કોવિડ સેન્ટર ઊભું કરીને દસ હજાર દર્દીઓની સેવા કરી હતી, જે પણ એક મોટી સમાજ સેવા હતી.



તેમણે જણાવ્યું કે રાજનીતિનો સમય આવશે ત્યારે રાજનીતિ થશે, પરંતુ સમાજની વાત આવશે ત્યારે સમાજ જ સર્વોપરી રહેશે. આગામી બે વર્ષમાં ૭૦૦ લગ્ન કરાવવાનું અને હરદ્વાર અને મથુરામાં લેઉવા પટેલ સમાજના નિર્માણ કાર્યો પૂરા કરવાનું તેમનું લક્ષ્ય છે. હાલમાં પાંચ હજાર દીકરીઓ શિક્ષણ લઈ રહી છે અને હવેથી ધોરણ પાંચથી બાર સુધીની જે દીકરીઓના પિતાની આર્થિક સ્થિતિ સારી ન હોય અને ખેતી કરતા હોય તેમને વિના મૂલ્યે અભ્યાસમાં મદદ કરવામાં આવશે. આ ભવ્ય સમૂહ લગ્નોત્સવમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ સહિત અનેક રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વિજય રૂપાણીએ રાદડિયા પરિવારના કાર્યોની પ્રશંસા કરી હતી અને સી.આર. પાટીલે આવા સમૂહ લગ્ન ક્યારેય ન જોયા હોવાનું જણાવ્યું હતું. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા અને મંત્રી રાઘવજી પટેલ પણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ભવ્ય અને સફળ રહ્યો હતો.

વિજયભાઈ રૂપાણી, સુરતના ડાયમંડ ઉદ્યોગપતિ વસંતભાઈ ગજેરા, સ્વર્ગસ્થ વિઠલભાઈ રાદડિયાના પિતા હંસરાજભાઈ

## ગીર સફારીની ખુલ્લી જીપોથી માંડી વિન્ટેજ કારમાં સામૈયા અવિસ્મરણીય પ્રસંગ

૫૧૧ લગ્ન મંડપો, તથા રોમન અને ટ્રેડિશનલ થીમના સ્ટેજ પ્રોગ્રામ માટે ૧૦૦ વિઘા જમીનમાં તેમજ પાર્કિંગ, જમણવાર સહિતની વ્યવસ્થા માટે ૧૫૦ વિઘા જમીનમાં તૈયારીઓ કરવામાં આવી છે. આ ભવ્ય સમુહ લગ્નોત્સવ જામકંડોરણા જેવા નાના તાલુકા માટે ઐતિહાસિક અવસર બની રહેશે. કંડોરણાની બજારમાં ૫૧૧ જાનના સામૈયા એક અવિસ્મરણીય પ્રસંગ બની રહેશે વરરાજાઓના સામૈયા માટે ગીર સફારીની ખુલ્લી જીપોથી માંડી વિન્ટેજ કાર સુધીની વ્યવસ્થા કરવામાં આવી હતી.



## સમુહલગ્નોત્સવ

જામકંડોરણાના લેઉવા પટેલ વિદ્યાર્થી ભવનમાં ૫૧૧ દીકરીના સમુહલગ્નોત્સવ માટે ઉભા કરાયેલા વિશાળ સમિયાણામાં બપોરે ૨ઃ૩૦ વાગ્યે જાન આગમન થશે ૩ વાગ્યે ભવ્ય વરઘોડામાં વર કન્યા પરિવારજનો શરણાઈ-બેન્ડના તાલે ઝુમિયા, સાંજે ૪ વાગ્યે દાતાઓનો સત્કાર સમારંભ તેમજ આશિર્વચન, સાંજે ૫ વાગ્યે હસ્ત મેળાપ, ૬ વાગ્યે ભોજન સમારંભ, ૮ વાગ્યે કન્યાઓનું ભાવભેર વિદાયમાન આપવામાં આવી હતી લગ્નોત્સવ દરમિયાન ઉવર્શિબેન રાદડિયાનું ગૃપ દ્વારા લગ્નનગીતોની રમઝટ બોલાવી હતી

## દરેક દિકરીને અંદાજે રૂા. ૩ લાખની કિંમતનો કરિયાવર અપાયો

લગ્ન મંડપથી માંડી જમણવાર અને પાર્કિંગ તથા ટ્રાફિક સહિતની વ્યવસ્થા માટે જામકંડોરણા તાલુકાના જ ૧૦,૦૦૦ વ્યંસેવકો છેલ્લા ૧૫ દિવસથી જહેમત ઉઠાવી હતી. આ સમુહ લગ્નમાં જોડાઈને ગૃહસ્થ જીવનનો પ્રારંભ કરનાર દિકરીઓને કરિયાવર માટે દાતાઓએ મન મુકીને દાનનો ધોધ વહાવ્યો છે. દરેક દિકરીને અંદાજે રૂા. ૩ લાખની કિંમતની ૧૨૦ ચીજવસ્તુઓનો કરિયાવર આપવામાં આવ્યો હતો સાથો સાથ દરેક દિકરીને શ્રીમદ ભાગવદ્ ગીતા પણ ભેટ આપવામાં આવી હતી .

કરિયાવરમાં ઘરગૃહસ્થિનું તમામ ચીજ વસ્તુઓ ચીજ વસ્તુઓ આપવામાં આવી હતી વ્યવસ્થા જાળવવા માટે કરિયાવરની ચીજવસ્તુઓ લગ્નોત્સવ પહેલા જ જે તે કન્યાના સાસરિયામાં પહોંચાડવાની વ્યવસ્થા પણ જામ કંડોરણા છાત્રાલય દ્વારા કરવામાં આવી હતી.





## ભવ્ય રાસોત્સવમાં ગીતા રબારીના સુરોએ ડોલાવ્યા

લાડકડીના લગ્નોત્સવ પહેલા એટલે કે તા. ૨૪ જાન્યુઆરીના રોજ સાંજે ૮ વાગ્યે ગીતાબેન રબારી તથા તેના ગૃપનો ભવ્ય રાસોત્સવનું લગ્નસ્થળે આયોજન કરવામાં આવ્યું હતું "પ્રેમનું પાનેતર" શાહી સમૂહલગ્નમાં ગીતાબેન રબારી ના સુરના તાલે ધારાસભ્ય જયેશ રાદડિયા તેમજ લલિત રાદડિયા ગરબે ઘુમીયા હતા, આ ઉપરાંત આ ભવ્ય ડાંડિયારાસમાં તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ની ટીમ ડાંડિયારાસમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા ,તારક મહેતાની ટીમને જોવા માટે બહોળી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા, ગાયક કલાકાર ગીતાબેન રબારી તથા ગ્રુપ દ્વારા સૌને સંગીત થકી સૌને ડોલાવ્યા હતા,ગુજરાતી લોકસંગીતની દુનિયામાં ગીતાબેન રબારીનું નામ એક ચમકતો તારો છે. ગીતાબેનના મધુર અવાજમાં ગવાયેલા ગીતો ઝૂમવા મજબૂર કરી દીધા હતા, ગીતાબેન રબારીના કાર્યક્રમો ગુજરાતના વિવિધ શહેરો અને ગામડાઓમાં યોજાય છે. ભવ્ય કાર્યક્રમમાં સામાજિક રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# વાંકાનેરમાં જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉમંગભેર ઉજવણી

## ભારત પાસે મહાન સંસ્કૃત્તીનો વારસો છે તેનું જતન કરવું જોઈએ: કલેક્ટર કે.બી.ઝવેરી





**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

મોરબીના વાંકાનેરમાં આવેલ અમરસિંહજી હાઈસ્કુલ ખાતે ૭૬ માં જીલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની અનેરા ઉત્સાહ સાથેની ઉજવણી કરવામાં આવી હતી. મોરબી જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીએ ધ્વજવંદન કરી તિરંગો લહેરાવ્યો હતો તથા પરેડનું નિરીક્ષણ કર્યું હતું.

આઝાદ ભારતના નાગરિકોને પ્રજાસત્તાક પર્વની ખૂબ શુભેચ્છાઓનુ સંબોધન કરતા જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીએ જણાવ્યું હતુ કે, આજના પાવન દિવસે જ્યારે ભારતને સાર્વભૌમત્વ પ્રાપ્ત થયું હતુ

બંધારણની વાત કરતા કલેક્ટરએ જણાવ્યું હતું કે, આપણા બંધારણમાં દરેક નાગરિકને વિશેષ અધિકારો આપવામાં આવ્યા છે. ત્યારે બંધારણમાં અધિકારોની સાથે વિશેષ ફરજો પણ આપવામાં આવ્યું છે ત્યારે આપણે સૌ બંધારણની ફરજો વિશે સભાન બની ટ્રાફિકના નિયમોનું પાલન કરીએ, સ્વચ્છતા જાળવવી, કોઈપણ વસ્તુ ખરીદતી વખતે બિલ લઈને વસ્તુ ખરીદીએ, ભરવા પાત્ર તમામ ટેક્સ ભરીએ સહિતની ફરજોનું જરૂરથી પાલન કરીએ.વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ભારત પાસે મહાન સંસ્કૃતિ ધરોહર અને વિરાસત વારસામાં મળી છે ત્યારે હવે આપણા સૌની ફરજ બને છે કે આપણે આ વારસાને જાળવી તેનું જતન કરીએ. વધુમાં તેમણે રાજાશાહી વખતે વાંકાનેર રજવાડું કેટલું સમૃદ્ધ અને સંપન્ન હતું તેની વાત કરી તે સમયે નાગરિકો માટે લેવામાં આવેલા મહત્વના પગલાંઓની પણ છણાવટ કરી હતી.

ગુજરાત ગૌરવ ગરબા, એક તેરા નામ, યોગા પર્ફોર્મન્સ, મેરે ભારત કી બેટી, લેરી લાલા, પિરામિડ અને ઝાંસી કી રાની સહિતના દેશ પ્રેમ અને ગુજરાતની ગરિમાને પ્રદર્શિત કરતા સાંસ્કૃતિક કાર્યક્રમોએ ઉપસ્થિત સૌને દેશ ભક્તિથી તરબોળ કર્યા હતા. આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેઘી, રાજ્યસભાના સાંસદ કેશરીદેવસિંહજી ઝાલા, વાંકાનેર કુવાડવા ધારાસભ્ય જીતુભાઈ સોમાણી અને હળવદ ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા, જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી, નાયબ વન સંરક્ષક ચિરાગ અમીન, નિવાસી અધિક કલેકટર એસ.જે. ખાચર, અગ્રણીઓ, જીલ્લાના પદાધિકારી/અધિકારીઓ, પોલીસના જવાનો, જીલ્લા તેમજ વાંકાનેરના નાગરિકો તથા વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઠેર-ઠેર ભારતમાતાનું કરાયું પૂજન

## વિશ્વ હિન્દુ પરિષદ સહિતના વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા વિશેષ કાર્યક્રમો યોજાયા



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી જીલ્લામાં વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને દુર્ગાવાહિની સંગઠનોએ ૨૬ જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિવસના અવસર પર ચાર અલગ-અલગ સ્થળોએ ભારત માતા પુજન અને આરતી સાથે સંવિધાન પૂજનના કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. જેમાં મોરબીમાં જીલ્લા વિહિપ બજરંગ દળ દ્વારા નવા બસ સ્ટેન્ડ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા ખાતે આ આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે મોરબી પ્રખંડ દ્વારા જેલ ચોક, લીલાપર રોડ પર છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાના પ્રાંગણમાં ભારત માતા પુજન સાથે વિશેષ આરતી અને કાર્યક્રમ યોજાયો હતો, મોરબી જીલ્લા દુર્ગાવાહિની દ્વારા ઉમા ટાઉનશીપ ખાતે દુર્ગાવાહિનીની દીકરીઓ દ્વારા ચાલતા શકિત સાધના કેન્દ્રમાં કાર્યક્રમ યોજાયો હતો, જેમાં દીકરીઓને સંવિધાન વિશે સમજૂતી આપવામાં આવી. સાથે સાથે દેશભકિત ગીતોના કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા. આ ઉપરાંત હળવદ પ્રખંડમાં સરા ચોકડી ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ભારત માતા પુજન સાથે મહા આરતી યોજાઈ હતી.

આ કાર્યક્રમ દરમિયાન સંવિધાનના મૂલ્યો અંગે માહિતી આપવામાં આવી હતી.

# કારની નુકસાનીનો કલેઈમ નકારતી વીમા કંપનીને ગ્રાહક અદાલતની લપડાક

## વીમા કંપનીએ ગ્રાહકને કાર નુકસાનીના ૪.૮૬ લાખ ૬% વ્યાજ સાથે ચૂકવવા આદેશ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી ગ્રાહક અદાલતના વધુ એક ગ્રાહક તરફી ચુકાદામાં ઈન્સ્યુરન્સ કંપનીને અકસ્માતે થયેલ કાર નુકસાનીના ૪.૮૬ લાખ ૬% વ્યાજ સાથે ખર્ચની ચુકવણી કરવા આદેશ કરવામાં આવ્યો છે, જેમાં રોડ ઉપર પડેલ પથ્થર સાથે કાર અથડાતા કારની ઓઈલ ચેમ્બર અને ગિયર બોક્સમાં થયેલ નુકસાન તે ક્લેઈમ સાથે સુસંગતતા ન હોવાનું બહાનુ આપી ક્લેઈમ નકારવામાં આવ્યો હતો.

જાણવા મળતી વિગતો મુજબ મોરબીના વતની ધવલકુમાર મનસુખભાઈ હદવાણી પોતાની મોટર કાર લઈ સુલતાનપર રોડ ઉપર રાત્રે જતા હતા ત્યારે રોડ પર આગળ પથ્થર પડેલ જેની સાથે ગાડી અથડાતા કારમાંથી ઓઈલ બહાર નીકળેલ અને ગીયર બોકસ ચેમ્બરને નુકશાન થયેલ. જેના ખર્ચના રૂ.૫,૦૫,૯૦૧/- નું નુકશાન થયેલ જે માટેનો ક્લેઈમ રોયલ સુંદરમ જનરલ ઈન્સ્યુરન્સ કંપનીમાં તમામ આધાર પુરાવા તથા દસ્તાવેજી કાગળો સાથે મુકવામાં આવ્યા હતા, ત્યારે રોયલ સુંદરમ વિમા કંપનીએ એવુ બહાનુ બતાવેલ કે કારને થયેલ નુકશાન તેમજ ગીયર બોકસને થયેલ નુકશાન તે કલેઈમ સાથે સુસંગત નથી અને થયેલ અકસ્માત અને થયેલ નુકશાન વચ્ચે કોઈ સબંધ નથી માટે ગ્રાહકને વિમો મળે નહી. જે બાદ ધવલભાઈ હદવાણીએ લાલજીભાઈ મહેતા, પ્રમુખ ગ્રાહક સુરક્ષા મંડળ મારફત મોરબી જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમીશનમાં ફરિયાદ દાખલ કરેલ હતી.

મોરબી ગ્રાહક અદાલતમાં આ કેસ ચાલી જતા અદાલત દ્વારા ચુકાદો આપતા કહેલ કે ગ્રાહકે તમામ આધાર પુરાવા રજુ કરેલ છે તેમજ તેણે વિમો ભરેલ છે આથી વિમા કંપની વિમો આપવા બંધાયેલ છે. આથી રોયલ સુંદરમ જનરલ ઈન્સ્યુરન્સ વિમા કંપનીએ ગ્રાહકને રૂપીયા ૪,૮૬,૦૧૬/- અને રૂા. ૫૦૦૦/- અન્ય ખર્ચના મળી કુલ રૂપીયા ૪,૯૧,૦૧૬/- તા. ૧૨ જાન્યુઆરી,૨૦૨૪ થી ૬% ના વ્યાજ સાથે ચુકવવાનો આદેશ કરેલ છે.

### નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે અંતર્ગત

# આયુષ હોસ્પિટલમાં જન્મેલી દીકરીઓનાં કરાયા વધામણા



**અબતક, ઋષીમહેતા, મોરબી**

મોરબી આયુષ હોસ્પિટલ ખાતે નેશનલ ગર્લ ચાઈલ્ડ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે જન્મેલી દિકરીઓનું વિશેષ સ્વાગત કરવામાં આવ્યું અને તેમની માતાનું સન્માન કરી ખાસ કિટનું વિતરણ કરાયું હતું.

મોરબી આયુષ હોસ્પિટલ ખાતે નેશનલ ગર્લ ચાઈલ્ડ દિવસ ઉજવાયો હતો. આ પ્રસંગે આ ખાસ દિવસ નિમિતે હોસ્પિટલમાં જન્મેલી દરેક દિકરીઓનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. દિકરીઓના જન્મને પ્રોત્સાહન આપવા માટે તેમની માતાઓનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં દિકરીઓના સારા સ્વાસ્થ્ય માટે શુભેચ્છાઓ પાઠવી અને માતા-દિકરી માટે એક ખાસ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### પ્રજાસતાક પર્વ નિમિતે

# મોરબીમાં ફ્લોરા ૧૫૮ ટાઉનશીપ ખાતે યોજાયો રંગારંગ કાર્યક્રમ



**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીમાં રવાપર ઘુનડા રોડ ઉપર આવેલ ફ્લોરા ૧૫૮ ટાઉનશીપમાં ૨૬ મી જાન્યુઆરી નિમિતે સવારમાં ધ્વજવંદન અને પ્રભાતફેરીના કાર્યક્રમનુ રંગારંગ આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં વહેલી સવારે ધ્વજ વંદનના કાર્યક્રમથી શરૂઆત કરી, ફ્લોરા ૧૫૮માં રહેતા તમામ રહેવાસીનુ સમુહ ચંદનનુ આયોજન રાખેલ હતું. આ સાથે ફ્લોરા ૧૫૮ના તમામ સભ્યો સાથે મળીને સવારનો નાસ્તો કર્યો હતો. ધ્વજ વંદન કાર્યક્રમ બાદ ફ્લોરા ૧૫૮ના નાના-મોટા બાળકોએ દેશભકિત આધારિત સ્પીચ આપી અને દેશભકિત આધારિત નૃત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. ત્યારબાદ રમત ગમત રમવાનું વિશેષ આયોજન રાખેલ હતુ.

આ સમગ્ર પ્રજાસત્તાક પર્વના રંગારંગ કાર્યક્રમને સફળ બનાવવા માટે ફ્લોરા ૧૫૮ પ્રમુખ નિમેષ જીવાણી તથા કમિટી મેમ્બર દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

# ગ્રીનચોક નજીક પત્તા ટીંચતા છ પકડાયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના ગ્રીનચોક નજીક આવેલ કડીયા શેરીમાં સીટી એ ડિવિઝન પોલીસે રેઈડ કરી તીનપત્તીનો જુગાર રમી રહેલા છ ઈસમોની રોકડા રૂ. ૧૦,૮૦૦/- સાથે અટક કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ગ્રીનચોક પાસે આવેલ કડીયા શેરીમાં જાહેરમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા પ્રકાશભાઈ ચંદુભાઈ બુધ્ધદેવ ઉવ.૫૬ રહે.મોરબી સુથાર શેરી ગ્રીનચોક, દાઉદભાઈ ગનીભાઈ પીપરવાડીયા ઉવ.૪૫ રહે.મોરબી ઈદમસ્જીદરોડ ઘાંચીશેરી, વનરાજસિંહ બાલુભા જાડેજા ઉવ.૪૫ રહે.પખાલી શેરી ગ્રીનચોક મોરબી, પ્રફુલભાઈ ભીખાભાઈ રાવ ઉવ.૫૫ રહે.મોરબી અશોકાલયના ઢાળપાસે હોન્ડાના શો રૂમની પાછળ, પ્રવીણભાઈ ઝવેરચંદભાઈ મહેતા ઉવ.૬૬ રહે.મોરબી ગ્રીનચોક દફતરી શેરી, તથા નાનજીભાઈ ભગવાનજીભાઈ ગાંગાણી ઉવ.૬૩ રહે.મોરબી ગ્રીન ચોક નજીક કડીયા શેરીવાળાને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે, આ સાથે પોલીસે સ્થળ ઉપરથી રોકડા ૧૦,૮૦૦/- જપ્ત કરી તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ટંકારા દેશી દારૂની હેરાફેરી કરતો શખ્સ પકડાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

ટંકારા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મિતાણા-નેકનામ રોડ ઉપર મોટર સાયકલ ઉપર પ્લાસ્ટિકના બાચકા સાથે શંકાસ્પદ હાલતમાં પસાર થયેલા ઈસમને રોકીને બાચકાની તલાસી લેતા તેમાંથી ત્રણ અલગ અલગ નાના બાચકામાં ૧૫ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો, જેથી આરોપી ગોરધન ઉર્ફે ગીધીયો બચુભાઈ સાડમીયા ઉવ.૪૦ રહે. મિતાણા ગામ તા.ટંકારા વાળાની હીરો હોન્ડા સુપર સ્પ્લેન્ડર બાઈક સાથે અટક કરવામાં આવી હતી, ટંકારા પોલીસે દેશી દારૂ કિ.રૂ.૩,૦૦૦/- તથા મોટર સાયકલ સહિત ૧૩,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# બીભત્સ ચેનચાળા કરતા શખ્સની ધરપકડ

## વાયરલ વીડિયોના આધારે પોલીસે અશ્વિન ચાવડાને ઝડપી લઈ કાયદાનું ભાન કરાવ્યું

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના કન્યા છાત્રાલય રોડ પર એક ઈસમ દ્વારા જાહેરમાં અશ્લીલ ચેનચાળા કરતો વિડીઓ વાયરલ થયો હતો. ત્યારે પોલીસ દ્વારા વાયરલ વિડીઓના આધારે તપાસ શરૂ કરી આરોપીને તેના રહેણાંક મકાનેથી ઝડપી લઈ તેની અટકાયત કરવામાં આવી છે.

મોરબીના કન્યા છાત્રાલય રોડ ઉપર સુપર માર્કેટ નજીક એક અત્યંત ધૃણાસ્પદ બનેલી ઘટનાનો વાયરલ થયેલ વિડીઓમાં એક ઈસમ જાહેરમાં પોતાનું પેન્ટ ઉતારી બીભત્સ ચેનચાળા કરતો જોવા મળ્યો હતો. આ વિડીઓ વાયરલ થવા સાથે જ મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. ત્યારે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને વાયરલ વિડીઓના આધારે આરોપીની ઓળખ કરી આરોપી અશ્વિનભાઈ મુળજીભાઈ ચાવડા ઉવ.૩૫ ને તેના રહેણાંક મોરબી ગોકુળનગર, જોધાણીની વાડી-વિસ્તારમાંથી ઝડપી લઈ તેની વિરુદ્ધ બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદાનું ભાન કરાવ્યું હતું.

# મોરબી:સિરામિક કારખાનામાં પાણીની કુંડીમાં ડૂબી જતા બાળકીનું કરૂણ મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના જુના ઘુંટુ રોડ ઉપર આવેલ કારખાનામાં કામ કરતા શ્રમિક પરિવારની ૬ વર્ષીય બાળકીનું કારખાનાની પાણીની કુંડીમાં ડૂબી જતાં કરૂણ મૃત્યુ નીપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર, મોરબી તાલુકાના જુના ઘુંટુ રોડ ઉપર આવેલ આરકો ગ્રેનાઈટો કારખાનામાં લેબર ક્વાર્ટરમાં રહેતા કમલસિંગ કરવાછા નામના શ્રમિકની ૬ વર્ષીય દીકરી કાર્તિકાબેનનું કારખાનામાં આવેલ પાણીની કુંડીમાં ડૂબી જતાં મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે માસુમ બાળકીની ડેડબોડી પરિવારજનો દ્વારા મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા તાલુકા પોલીસ દ્વારા મૃત્યુના બનાવ અંગે પ્રાથમિક વિગતો મેળવી અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# સિરામિકની વોલ, ફ્લોર પાર્કીંગ લાદીઓ પહેલી તારીખથી મોંઘી થશે

## મોરબી સીરામીક ઉદ્યોગને મુશ્કેલીમાં બહાર લાવવા સિરામિક મેન્યુ. એસો.એ ૧૦ ટકાનો ભાવ વધારો કર્યો ફરજીયાત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના સિરામીક ઉદ્યોગના રો મટીરીયલ ગેસ પેકેજીંગ મટીરીયલના ભાવ વધારાથી ઉભી થયેલ પડકારજનક પરિસ્થિતિમાંથી ઉગારવા સિરામીક મેન્યુ. એશોએશનમાં આગામી ૧ ફેબ્રુ.થી ૧૦ ટકાનો ભાવ વધારો કરવાનો કાંતિકારી નિર્ણય લેવામાં આવ્યો છે.

મોરબી સીરામીક ઉદ્યોગ છેલ્લા કેટલાક સમયથી રોમટીરીયલના ભાવ વધારા ગેરમાં ભાવ વધારો અને પેકેજીંગ ટ્રાન્સપોર્ટેશન માં ખર્ચ વધવાના સંજોગોને ધ્યાને લઈ મોરબી સીરામીક ઉદ્યોગે ૧૦ ટકાનો ભાવ વધારાનો નિર્ણય કર્યો છે.

# મોરબીના શકત શનાળા ગામે રહેણાંકમાંથી મોંઘીદાટ વિદેશી દારૂ સાથે બુટલેગર પકડાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીને આધારે શકત શનાળા ગામના નિતીનનગર ખાતે રહેણાંક મકાનમાં રેઈડ કરવામાં આવી હતી, જ્યાં પોલીસે મકાનમાંથી વિદેશી દારૂની કોલ્ડ મર્ચન્ડ એસેન્સ, એબસોલ્ટ વોડકા, જ્હોનીવોકર બ્લેક લેબલ સ્કોચ જેવી મોંઘીદાટ ૪ નંગ બોટલ કબ્જે કરી હતી, આ સાથે આરોપી દિગ્વિજયસિંહ ઉર્ફે દિગુભા છત્રસિંહ જાડેજા ઉવ.૩૮ ની ધરપકડ કરવામાં આવી હતી. હાલ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ત્રાજપર નજીક વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમતા એક પકડાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે બાતમીને આધારે ત્રાજપર નજીક ઓરિએન્ટલ બેંક વાળી શેરીમાંથી નસીબ આધારિત વર્લી ફિચર્સના આંકડાઓનો રૂપિયાની હારજીતનો જુગાર રમતા ધરમશી ઉર્ફે લાલો રાજુભાઈ ગણેશીયા ઉવ.૨૭ રહે. ત્રાજપર ચોરાવાળી શેરીવાળાને રંગેહાથ પકડી લેવામાં આવ્યો હતો, આ સાથે પોલીસે આરોપી પાસેથી વર્લી ફિચર્સના આંકડા રમવાનું સાહિત્ય તથા રોકડા રૂ.૧,૫૫૦/- સહિતનો મુદ્દામાલ કબ્જે કરી આરોપી સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ટંકારા પોલીસ મથકમાં યોજાયો સાયબર ક્રાઈમ સામે જાગૃતી માર્ગદર્શન સેમિનાર

## ત્રણવાત તમારી, ત્રણ અમારીમાં ડીવાયએસપી સારડાએ આપ્યું કાયદાકીય માર્ગદર્શન




**અબતક, ઋષી મહેતા, મોરબી**

વધતા જતા સાયબર અપરાધો સામે લોકોને જાગૃત કરવા ટંકારા પોલીસ મથકમાં સામાજીક રાજકીય આગેવાનો ગોડાઉન માલીકો અને વેપારીઓ માટે સાયબર ક્રાઈમ સામે જાગૃતી માર્ગદર્શન કેમ્પ યોજાયો હતો.

ટંકારા પોલીસ સ્ટેશન ખાતે DySP સારડા દ્વારા ટંકારા ગોડાઉન માલિકો અને વેપારી અગ્રણીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકના મુખ્ય હેતુઓમાં "ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી" અભિયાન અંતર્ગત જાગૃતતા વધારવી, સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ વિશે જાણકારી આપવી, તથા કાયદાકીય અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી નવા કાયદાઓ અંગે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. આ ઉપરાંત શ્રમિકો, ભાડુંઆતો તથા ઘરઘાટી સંબંધી જાહેરનામાઓના પાલન માટે સૂચનાઓ આપી હતી. સાથે જ વ્યાજવટાવ સંબંધિત સમસ્યાઓ માટે વ્યવસ્થિત રજૂઆત કરવા જણાવ્યું હતું. વધુમાં, જો કોઈ અસામાજિક પ્રવૃત્તિઓ જોવા મળે તો તે અંગે તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા સૂચના સાથે અનુરોધ કરવામાં આવ્યો હતો.

# જિલ્લામાં વાંચનપ્રેમીઓની ભૂખ સંતોષાશે: ૩૪ ગામોમાં લાયબ્રેરીનો ધમધમાટ

## વિવિધ સરકારી ભરતીઓમાં પરીક્ષાર્થીઓ સિધ્ધિ હાંસલ કરી શકે એવા શુભ આશયથી ૧૪૦ જેટલા પુસ્તકો સાથે લાયબ્રેરી શરૂ કરાઈ



**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી જીલ્લાના ૩૪ ગામોમાં, જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે લાઈબ્રેરી શરૂ કરવામાં આવી છે. આ લાઈબ્રેરીઓમાં ધોરણ ૧૨ અને તેનાથી ઉપરના વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની આશરે ૧૪૦ જેટલી પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ લાઈબ્રેરી માટે દાતાઓના યોગદાનથી આયોજન કરવામાં આવ્યું છે, જે આગામી સમયમાં મોરબી જીલ્લાના તમામ ગામોમાં વિસ્તરવાનું આયોજન છે.

મોરબીમાં ૭૬માં પ્રજાસત્તાક દિવસના પાવન અવસર પર મોરબી જીલ્લા વિકાસ અધિકારી જે. એસ. પ્રજાપતિ (ઈઅજ)ના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ માર્ગદર્શન હેઠળ મોરબી જીલ્લાના ૩૪ ગામોમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે લાઈબ્રેરી શરૂ કરવામાં આવી છે. સ્પર્ધાત્મક પરીક્ષાના આશરે ૧૪૦ જેટલા પુસ્તકોની લાઈબ્રેરી શરૂ કરવામાં આવી છે.

જેમાં મોરબી તાલુકાના ૧૨ ગામોમાં, ટંકારા તાલુકાના ૦૬ ગામોમાં (ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયાની હાજરીમાં વિરપર ખાતે) વાંકાનેર તાલુકાના ૧૦ ગામો, માળિયા તાલુકાનું ૦૧ ગામ અને હળવદ તાલુકાના ૦૫ ગામોમાં આ લાઈબ્રેરી શરૂ કરવામાં આવી છે. ત્યારે આગામી સમયમાં મોરબી જીલ્લાના તમામ ગામોમાં આવી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માટે એ જ ગામના દાતાઓ દ્વારા યોગદાન આપી વધુ લાઈબ્રેરી શરૂ કરાવવાનો વિકાસ અધિકારી જે.એસ.પ્રજાપતિનો શુભ આશય છે.


રામસિંહ મોરી, સુત્રાપાડા




પ્રદિપ ઠાકર, અમરેલી



# ગણતંત્ર દિને ઘુંટાયો દેશ ભકિતનો અનેરો રંગ


ભારતી માખીજાણી ગાંધીધામ


જયેશ પરમાર, સોમનાથ


ભરત ગોહિલ, જામજોધપુર


રાજુ રામોલિયા, કાલાવડ

**સુત્રાપાડા**

સિંધાજ ગામની અંદર પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી તેમાં પ્રાથમિક કુમાર શાળાના વિદ્યાર્થીઓ, કન્યાશાળા ની વિદ્યાર્થીનીઓ, ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીનીઓ, વિદ્યાભારતી શાળાના વિદ્યાર્થીઓ તેમજ ગામના આગેવાનો અને તમામ સ્ટાફગણ હાજર રહ્યા હતા. તેમજ તમામ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને દેશભક્તિના ગીતો રજૂ કર્યા હતા.

કાર્યક્રમ શરૂઆત દીપ પ્રાગટ્ય કરી શરૂઆત કરી હતી ત્યાર બાદ માધ્યમિક શાળાના એનસીસી યુનિટના વિદ્યાર્થી દ્વારા પરેડ યોજવામાં આવી હતી.

ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના ક્રિકેટ છાપરી ગ્રાઉન્ડ ખાતે ૭૬મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી આદિજાતિ વિકાસ અને શિક્ષણમંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી બાદ મંત્રીએ પરેડનું નિરીક્ષણ કરી સલામી ઝીલી હતી

**અમરેલી**

અમરેલી તાલુકા વહીવટી તંત્ર દ્વારા દેવભૂમિ દેવળીયા ગામે ૭૬મા પ્રજાસત્તાક દિવસની તાલુકા કક્ષાની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી , સરપંચ ભાવનાબેન સુખડીયા, ઉપસરપંચ ધર્મિષ્ઠા બેન, આરોગ્ય વિભાગ, તાલુકા પોલીસ ,સમાજ સેવક અને ગામના આગેવાન નાથાલાલ સુખડીયા,તાલુકાના અધિકારીઓ તેમજ પ્રાથમિક શાળાના શિક્ષકો, માધ્યમિક શાળાના શિક્ષકો, આસપાસના ગામોના સરપંચો , ગામના આગેવાનો અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા,

અમરેલી તાલુકાના રાજસ્થળી ગામે ૭૬ માં પ્રજાસતાક પર્વ ની ઉજવણી કરવામાં આવી.કાર્યક્રમની શરુઆત ધ્વજવંદન થી કરવામાં આવી.દીપ પ્રાગટય કરીને શાળા ના બાળકો દ્વારા વિવિધ કૃતિ રજુ કરવામાં આવી જેમાં વ્યસન મુક્તિ,મોબાઈલ ના વધુ પડતાં ઉપયોગ થી થતી નુકશાની,યોગ ના ફાયદા,વગેરે જેવી કૃતિઓ દ્વારા બાળકોએ ખૂબ જ લોક ઉપયોગી સંદેશ આપ્યો હતો.સાથે સાથે આ વર્ષે જન્મેલ દીકરીઓને પ્રમાણપત્ર તથા ગામની ઉચ્છ અભ્યાસ કરતી દીકરીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.આ તકે સરપંચ ગણપતભાઈ સેંજલિયા,પંચાયત ના સભ્યો, તેમજ ગ્રામજનો, શિકશક ગણ

અમરેલીના સાવરકુંડલા સ્થિત વી.જે.પારેખ આંખની હોસ્પિટલ ખાતે અમરેલી જિલ્લાકક્ષાના ૭૬મા પ્રજાસત્તાક પર્વ-દિનની ઉજવણી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. જિલ્લા કલેકટરએ ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. આ પ્રસંગે માર્ચ પાસ્ટ અને પોલીસ પરેડ યોજવામાં આવી હતી.

**ગાંધીધામ**

ગાંધીધામ કોર્પોરેશન બનતાં આ વખતે માત્ર એક જ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીધામ ખાતે કમિશનર મિતેશ પંડ્યા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. અગાઉ રાષ્ટ્રીય પર્વની ગાંધીધામમાં પ્રમુખ અને આદિપુર પાલિકામાં ઉપપ્રમુખ દ્વારા ધ્વજવંદન કરીને બે સ્થળો પર ઉજવણી કરવામાં આવતી હતી,

**સોમનાથ**

૭૬માં ગણતંત્ર દિવસે વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાના પ્રમુખ પલ્લવીબેન જયદેવભાઈ જાની ના હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. ગણતંત્ર ઉત્સવના આ કાર્યક્રમમાં ચીફ ઓફિસર પાર્થિવભાઈ પરમાર, કચેરી અધિક્ષક દિગંત દવે તથા કર્મચારીઓ અને નગરસેવકો, શહેર ભાજપ પ્રમુખ શૈલેષભાઈ મેસવાણીયા, શહેર મંત્રી હાર્દિકભાઈ ઝાલા, ભાજપ યુવા અગ્રણી હિરેનભાઈ ધારેચા સહિત અનેક આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

**જામજોધપુર**

૨૬મી જાન્યુઆરીના દિવસે દેશભરમાં ગણતંત્ર દિવસ ઉજવવામાં આવ્યો, પરંતુ જામજોધપુર પોલીસે સ્ટેશનમાં ગણતંત્ર દિવસ અનોખી રીતે ઉજવવામાં આવ્યો હતો. મોટાભાગના આવા કાર્યકરોમાં નેતા અભિનેતા અથવા નાના- મોટા રાજકીય કે સામાજીક આગેવાનો હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવાય હતો. પરંતુ જામજોધપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એ.એસ. રબારીએ આ વખતે જામજોધપુર પોલીસ સ્ટેશનનો ધ્વજ પલીસ સ્ટેશનમાં છેલ્લા ૧૫ વર્ષથી સફાઈ કામ કરતા ચીમનભાઈ જેન્તીભાઈ બારીયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

**કાલાવડ**

રાષ્ટ્ર ગૌરવના મહાન પર્વ અને ભારતીય લોકતંત્રના ૭૬ માં ગણતંત્ર દિવસની કાલાવડ તાલુકાની કેવલમ્ વિદ્યાપીઠ ખરેડી ખાતે આન બાન અને શાન સાથે ઉજવણી કરવામાં આવી. શાળાના વિશાળ પટાંગણમાં દેશના શાન સમો તિરંગો ફરકાવી, સલામી આપવામાં આવી હતી. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી ભાવેશભાઈ વિરડીયાએ પ્રસંગિક પ્રવચનમાં ભારતને ગણતંત્ર બનાવવામાં જેમણે પોતાનું સંપૂર્ણ જીવન આપણા દેશ માટે સમર્પિત કરી દીધું હત

# ખાખરેચીમાં સાર્વજનિક હાઈસ્કુલ ખાતે વિદ્યાર્થીઓ દેશભકિતના રંગે રંગાયા

## વિદ્યાર્થીઓએ પ્રસંગ અનુરૂપ 'બેટી બચાવો, બેટી પઢાવો' શહીદ ભગતસિંહ સહિતના ગીતો-પિરામીડ જેવા કાર્યક્રમોમાં ભાગ લીધો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

માળીયા તાલુકાના ખાખરેચી ગામે ગ્રામ પંચાયત, સાર્વજનિક હાઈસ્કૂલ, મિશ્ર પ્રાથમિક શાળા, કુમાર પ્રા. શાળા અને કન્યા પ્રા. શાળાના સયુંકત ઉપક્રમે ૭૬ મા પ્રજાસતાક દિનની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા પરેડ સાથે ખાખરેચી ગામના સરપંચ વનીતાબેન દિનેશભાઈ પારજીયાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. શાળાના આચાર્ય મેહુલભાઈ ભોરણિયાએ આઝાદી અપાવનાર શહીદો અને સ્વાતંત્ર્યસેનાનીઓના જીવનમૂલ્યોની વાત કરી હતી.અને બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકર દ્વારા રચાયેલ ભારતીય બંધારણ વિશ્વમાં મોખરાનું સ્થાન ધરાવે છે તે સમગ્ર ભારતવાસીઓનું ગૌરવ છે. અને ઈનામ વિતરણના દાતા અને અન્ય દાતાઓને બિરદાવીને આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ પ્રસંગને અનુરૂપ વિદ્યાર્થીઓએ શહીદ ભગતસિંહ અને બેટી બચાવો, બેટી પઢાવો પર પોતાના વિચારો રજુ કર્યા, પ્રસંગને અનુરૂપ વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીત પર નૃત્ય, એકપાત્રિય અભિનયો અને પિરામિડ જેવા કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા.



શાળામાં યોજાયેલ સહભ્યાસિક પ્રવુતિમાં વક્તૃત્વ સ્પર્ધા, શિક્ષક દિન, મહેંદી સ્પર્ધા,નવરાત્રી ઉત્સવ જેવી જુદી-જુદી સ્પર્ધામા પ્રથમ નંબર મેળવેલ વિદ્યાર્થીઓને તથા પ્રાથમિક શાળામાં જ્ઞાન સેતુ અને વાર્તા લેખનમાં પ્રથમ નંબર મેળવેલ વિદ્યાર્થીઓને દાતા સરપંચ, વનીતાબેન દિનેશભાઈ પારજીયા દ્વારા ફોલ્ડર ફાઈલ અને પેડ જેવા ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વક્તવ્ય, અભિનય રજુ કરનાર તમામ વિદ્યાર્થીઓને મહેમાનો અને ગ્રામજનો દ્વારા રોકડ પુરસ્કાર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ગ્રામ પંચાયતના સરપંચ વનીતાબેન દિનેશભાઈ પારજીયા, જિલ્લા પંચાયતના સભ્ય મહેશભાઈ પારજીયા, સહકારી મંડળીના પ્રમુખ અશોકભાઈ બાપોદરિયા, સદસ્યઓ હાજર રહ્યા હતા. શાળાના આચાર્યઓ તથા શિક્ષકગણ, આંગણવાડી અને ગ્રામજનોની હાજરીમાં તમામ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ઉજવ્યો હતો.

# કાંગશિયાળીની યુવતીના ફોટો વાયરલ કરવાની ધમકી આપી દેહ અભડાવનાર હેવાનની ધરપકડ

## અગાઉ પાડોશમાં રહેતી યુવતીના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપનાર સાહીલ ડઢાણીયાને પકડી પાડતી શાપર પોલીસ

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ કાંગશિયાળી વિસ્તારની યુવતીના ફોટો વાયરલ કરી દેવાની ધમકી આપી બળજબરીપૂર્વક દુષ્કર્મ આચરનાર સાહીલ ડઢાણીયા નામના શખ્સની શાપર પોલીસે ગણતરીની કલાકોમાં ધરપકડ કરી લીધી છે. ઝડપાયેલો શખ્સ યુવતીના ભાઈને જાનથી મારી નાખશે તેવી ધમકી આપી પોતાના તાબામાં લઈ દુષ્કર્મ આચરી લેતો હતો તેવી ફરિયાદ પીડિતાએ નોંધાવ્યા બાદ શાપર પોલીસે કાર્યવાહી કરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગત શનિવારે એક યુવતીએ શાપર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં કાંગશિયાળી ગામની સીમમાં આવેલ કલ્પવન સોસાયટીમાં રહેતા સાહીલ હિતેષભાઈ ડઢાણીયાનું નામ આપતાં જણાવ્યું હતું કે, યુવતી અગાઉ સાહીલના પાડોશમાં રહેતી હતી જેથી બંનેને સંપર્ક થયો હતો. બાદમાં વાતચીત થતાં સાહિલે યુવતીના અમુક ફોટો પાડી લીધા હતા અને ત્યારબાદ આ ફોટો વાયરલ કરી દેવાની ધમકી આપી તેમજ યુવતીના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી પોતાના તાબા હેઠળ લઈ મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરી લેતો હતો.

મામલામાં શાપર પોલીસે દુષ્કર્મ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન આરોપીનું ટેક્નિકલ સર્વેલન્સ મારફત લોકેશન મેળવી રાજકોટથી ગણતરીની કલાકોમાં જ ધરપકડ કરી લેવામાં આવી હતી.

# બાબરકોટમાં મંજુર થયેલા સાયકલોથોન સેન્ટરનું સ્થળ બદલવા કલેકટર સમક્ષ રજૂઆત

## અમરેલી ગામની વિવિધ સમસ્યાઓ અને વિકાસ કામો અંગે રજૂઆત કરવામાં આવી

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

બાબરકોટ ગ્રામ પંચાયત દ્વારા કલેકટર અમરેલીને ગામની વિવિધ સમસ્યાઓ અને જરૂરી વિકાસલક્ષી કામોની જરૂરિયાત બાબતે રજુઆત કરવામાં આવી હતી. તે અંતર્ગત જેમાં મુખ્યત્વે બાબરકોટ ગામે મંજુર થયેલ 'સાઈકલોન સેન્ટરનું' સ્થળ બદલવા રજુઆત કરવામાં આવી હતી. બાબરકોટ ગામે વર્ષ ૨૦૧૧ /૧૨ થી સાઈકલોન સેન્ટર મંજુર થયેલ છે. પરંતુ જે જગ્યા સાઈકલોન સેન્ટર નું સ્થળ ફાળવવામાં આવેલ છે તે જગ્યા પાણીની નહેર હોઈ જેથી સોમાચા દરમ્યાન આ વિસ્તાર પાણી ૨૦૦ મીટર સુધી ભરેલ રહે છે. અને ત્રણ ચાર ફૂટ પાણી ઊંડું પાણીની નહેર રહે છે. આ લોકોને સુરક્ષાની બદલે જીવનું જોખમ વધી જશે અને જો જગ્યાએ સાઈકલોન સેન્ટર બનાવવામાં આવે તો ગામ લોકોએ સાઈકલોન સેન્ટર સુધી જવું મુશ્કેલ થશે.



બાબરકોટ ગામે અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ સિમેન્ટ કંપની આવેલ છે. જેની કરોડો રૂપિયા માઈનિંગ ટેકસ માંથી સરકારમાં જમા થાય છે. અને મોટા ભાગનું માઈનિંગ બાબરકોટ ગામની જમીનમાં થયેલ છે. છતાં DMF ગ્રાન્ટ માંથી બાબરકોટ ગામને વિકાસના કામો ફાળવવામાં આવતા ન હોઈ આથી બાબરકોટ ગામના વિકાસના કામો ફાળવવા રજુઆત કરવામાં આવી હતી.

બાબરકોટ ગામે PM શ્રી યોજના માંથી પ્રાથમિક શાળાનું બિલ્ડીંગ મજુર કરવામાં આવેલ છે. પરંતુ ૬ મહિના સમય થઈ ગયો છતાં શાળાનું બિલ્ડીંગનું કામ ચાલુ કરવામાં આવ્યું નથી. આથી વિધાર્થીઓને અભ્યાસ માં બેઠવામાં ખૂબ મુશ્કેલી થાય છે. જેથી બે પાળી અભ્યાસ કરવા બાળકોને જવું પડે છે. આથી બાબરકોટ ગ્રામ પંચાયત દ્વારા તાત્કાલીક પ્રાથમીક શાળાનું બિલ્ડીંગનું કામ ચાલુ કરવા રજુઆત કરવામાં આવી હતી.

બાબરકોટ ગ્રામ પંચાયતના સરપંચ કૈલાસબેન અનકભાઈ સાંખટ, ઉપસરપંચ પાંચાભાઈ ભુપતભાઈ સાંખટ, સભ્ય છનાભાઈ રામભાઈ સાંખટ, જીવરાજભાઈ સાંખટ , કિરણભાઈ મોહનભાઈ સાંખટ તથા બાબરકોટ ગામના પૂર્વ સરપંચ અનકભાઈ છનાભાઈ સાંખટ દ્વારા કલેકટર અમરેલીની મુલાકત કરવાં આવી હતી. અને ગામની વિવિધ સમસ્યા અને કામો બાબતે બાબતે રજુઆત કરવામાં આવી.

# દિકરી કાવ્ય સંગ્રહના રસદર્શનથી શ્રોતાઓ થયા ભાવવિભોર

## એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ-કોમર્સ કોલેજ ખાતે યોજાયું સાહિત્ય સંમેલન



**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

શશીભાઈ રાજ્યગુરુ કવિ 'હેમાળી' તથા વિષ્ણુ ભાઈ ભાલીયા એ સાહિત્ય રસદર્શન કરાવ્યુ. એચ.બી. મહિલા કોલેજ રાજુલાના પ્રાર્થના હોલ મા સાહિત્ય રસ દર્શન અંતર્ગત વ્યાખ્યાન યોજાયું હતું. દિપ પ્રાગટ્ય મહેમાનો દ્વારા ને પ્રાર્થના કોલેજની વિદ્યાર્થીની દ્વારા થયું હતું.કોલેજ ના પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવલે આવકાર પ્રવચન માં ઉપસ્થિત મહેમાનો નો પરીચય આપ્યો હતો. અને કોલેજ માનદ મંત્રી શ્રી બાલકૃષ્ણ ભાઈ દવે એ પ્રાસંગીક પ્રવચન મા કોલેજ માં અધ્યન કરતી વિધ્યાર્થિનીઓ ને સમાજ જીવન માં લોકસાહિત્ય ની આવશ્યકતા સંસ્કૃત ના વિધાનો ટાંકી ને કર્યુ હતુ.ઉપસ્થિત મહેમાનો કવિ શશિભાઈ રાજ્યગુરુ કવિ 'હેમાળી', લેખકશ્રી વિશ્વનું ભાઈ ભાલીયા, રાજેશભાઈ વાઘેલા,ભગુભાઈ સોલંકી, યોગેશભાઈ કાનાબાર નું સ્વાગત કોલેજ ના પ્રિન્સિપાલ શ્રી ડો. રીટાબેન રાવલ, કોલેજ ના માનદ મંત્રીશ્રી બાલકૃષ્ણ ભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. કવિના કાવ્ય સંગ્રહ ' પરમશુભ' ની કવિતાઓ નું સુંદર લય માં રજુઆત કરી હતી જેમાં પ્રાણીઓ પ્રત્યેની સંવેદનાના ગીતો, કૃષ્ણ-રૂક્ષ્મણિની સંવેદના અને 'દિકરી' કાવ્ય રચનાનું રસ દર્શન કરાવતા ભાવકો ભાવવિભોર થયા હતા. ઉપસ્થિત લેખક વિશ્નુભાઈ ભાલીયા કે જેમને તાજેતર માજ 'નાનાભાઈ જેબલીયા' પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે તેમણે તેમની લેખન સફર અને તેમની પ્રથમ નવલકથા 'ખારા પાણી ને ખમ્મા' ને કેન્દ્ર માં રાખી ને દરીયાઈ લોક જીવન, ખારવા જ્ઞાતિ ના સંવેદનો, સંઘર્ષ મય જીવન, સામાજીક રિવાજો, દરીયા સામે મોતની પરવાહ કર્યા વગર ખુમારી થી જીવતા લોકો ના કથાનક નું ભાવવાહી રસદર્શન કરાવ્યુ હતું.કાર્યક્રમનુ સંચાલન ડો. મીત્તલબેન નાયી દ્વારા કરવામાં આવ્યુંહતુ. આભાર વિધિ ભગવતીબેન વડીયાએ કરી હતી.સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા એન.એસ.એસ. પી.ઓ.જાગૃતિબેન તેરૈયા અને ટીમે જહેમત ઉઠાવી હતી.

# કાલાવડઃ નટખટ લક્ષદીપસિંહ જાડેજાનો આજે જન્મદિવસ

કાલાવડ તાલુકાના આણંદપર ગામ ના ભાજપ અગ્રણી પૃથ્વીસિંહ ( પુથુભા ) ભીખુભા જાડેજા ના પૌત્ર લક્ષદીપસિંહ યશપાલસિંહ જાડેજા નો આજ રોજ જન્મદિવસ હોય તો લક્ષદીપ સિંહ ના ત્રીજા વર્ષ ના મંગલ પ્રવેશ નિમિતે આજ રોજ જન્મ દિવસ ના ભાગરૂપે મહા પ્રસાદ તેમજ તોરણીયા નું પ્રખ્યાત રામામંડળ નું ભવ્ય આયોજન આજે રાત્રે કરેલ છે. આ રામામંડળ ના કાર્યક્રમ મા પધારવા સૌ કોઈ ને ભાજપ અગ્રણી પુથુભા જાડેજા તરફથી નિમંત્રણ પાઠવેલ છે.



# ગોંડલ : જામવાડી જીઆઈડીસી સ્થિત કારખાનામાંથી રૂ.૫.૩૫ લાખની રોકડની ચોરી

## ઓફિસની બારીનો સળીયો કાપી પ્રવેશ મેળવનાર તસ્કર સીસીટીવીમાં કેદ : ધરપકડ કરવા ચક્રો ગતિમાન

**અબતક, રાજકોટ**

ગોંડલના જામવાડી જીઆઈડીસીમાં આવેલ એક કારખામાં ચોરીની ઘટના સામે આવી છે. જેમાં કારખાનામાં આવેલી ઓફિસની બારીનો સળીયો કાપી તસ્કરે ઓફિસમાં પ્રવેશ કરી બે અલગ અલગ ખાનામાંથી રૂ. ૫.૩૫ લાખની ચોરી કરી ગયાની ફરિયાદ ગોંડલ બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ચોરીની ઘટના અંગે જીતુભાઈ પોપટભાઈ જસાણી(ઉ.વ. ૪૨ રહે, રામનગર સોસાયટી, ગુંદાળા ફાટક, ગોંડલ)નામના વેપારીએ ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુંકે, મારે ગોંડલ જામવાડી જી.આઈ.ડી.સી.માં પ્રાઈમ એગ્રો ફૂટ પ્રોડકટ નામનું કારખાનું આવેલ છે. મારા કારખાનામાં અંદાજે ૩૦ જેટલા મજૂરો કામ કરે છે. ગત તા. ૨૫/૦૧/૨૦૨૫ ના રોજ હું સાંજના સાડા આઠ કારખાનાની ઓફિસોને લોક કરી ઘરે જતો રહેલ હતો. મારી ઓફિસમાં રૂ.૪,૫૦,૦૦૦ તથા પ્લાન્ટ મેનેજરની ઓફિસમાં રૂ. ૮૫૦૦૦ રોકડા રાખેલ હતા. ગઈકાલે સવારના પોણા આઠ વાગ્યે મારી ઓફિસમાં કામ કરતા આશિષભાઈ હિરપરાનો મને ફોન આવેલ કે, આપણી ઓફિસના તાળા તૂટેલ છે અને ચોરી થઈ હોય એવું લાગે છે જેથી હું તાત્કાલિક કારખાને દોડી ગયો હતો.

જ્યાં જઈને જોતા ઓફિસની બારીનો એક સળીયો તણી જેવા હથિયારથી કાપેલ હતો અને અલગ અલગ ત્રણેય ઓફિસના ડિજિટલ લોક તુટેલ હતા. મારી ઓફિસમાં જોતા ઓફિસના ટેબલના ખાનાના લોક તુટેલ હતા અને ખાનામાં રાખેલ રોકડ રૂ.૪,૫૦,૦૦૦ મળી આવેલ ન હતા. જે બાદ માર્કેટિંગ ઓફિસનો પણ લોક તૂટેલ હતો પરંતુ આ ઓફિસમાંથી કોઈ વસ્તુ ચોરાયેલ ન હતી ત્યારબાદ પ્લાન્ટ મેનેજરની ઓફિસમાં જોતા તેની અંદર ટેબલના ખાનાનો લોક તુટેલ હતો અને ટેબલના ખાનામાં રાખેલ રોકડ રૂપિયા ૮૫,૦૦૦ મળી આવેલ ન હતા.

જે બાદ કારખાનાના સીસીટીવી કેમેરાના ફૂટેજ જોતા રાત્રિના કલાક ૦૨/૫૮ વાગ્યે અમારા કારખાના પાછળના ભાગે આવેલ ટ્રાન્સફોર્મર તરફની દિવાલ ટપીને એક વ્યક્તિ આખું મોઢુ ઢંકાય તેવી ટોપી પહેરીને અંદર આવતો જોવા મળેલ અને રાત્રિના કલાક ૦૩/૪૦ વાગ્યે ટ્રાન્સફોર્મર તરફની દિવાલ ટપીને પાછો જતો રહેલ હતો અને ઓફિસોમાં રાખેલ સીસીટીવી કેમેરાના ફૂટેજમાં ઓફિસોના ટેબલના ખાના તોડી પૈસા લેતો જોવામાં આવેલ હતો.

જે મામલે ગોંડલ બી ડિવિઝન પોલીસે કારખાનેદારની ફરિયાદ પરથી ચોરીનો ગુનો નોંધી સીસીટીવી સહિતના ફૂટેજ મેળવી અજાણ્યા તસ્કરની શોધખોળ શરૂ કરી છે.

# વેપારી સાથે મૈત્રી કરાર કરી પડધરી ખાતે ગેરકાયદે રહેતી બાંગ્લાદેશી યુવતીની ધરપકડ

## ગુટખાના વેપારી સાથે મુંબઈના બારમાં મુલાકાત થયાં બાદ પ્રેમ પાંગર્યો’તો | પોતે રંગપર ગામે રહેવા આવ્યા બાદ અન્ય બે બાંગ્લાદેશી યુવકોને પણ બોલાવી લીધા’તા

**અબતક, રાજકોટ**

પડધરીના રંગપર ગામેથી ગત શનિવારે બે બાંગ્લાદેશી શખ્સોં ઝડપાયા હતા. જે બાદ વધુ એક બાંગ્લાદેશી મહિલાની પણ રાજકોટ રૂરલ એસઓજી ટીમે ધરપકડ કરી હતી. ત્રણેય ગેરકાયદે ઘુષણખોરી કરી ભારતમાં પ્રવેશ્યા હતા તેવું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. ધરપકડ થયાં બાદ પોતે અગાઉ મુંબઈના બારમાં ડાન્સ કરતી ત્યારે પડધરીના ગુટખાના વેપારી સાથે પ્રેમ પાંગરતા મૈત્રી કરાર કરી રંગપર ગામે રહેતી હતી અને બાદમાં પાછળથી અન્ય બે બાંગ્લાદેશી યુવકોને બોલાવી લીધાની કબૂલાત યુવતીએ આપી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર રંગપર ગામના પાટિયા પાસે મારુતિ સોસાયટીમાં બે શખ્સ ભાડાના મકાનમાં રહે છે. તે બંને બાંગ્લાદેશી છે અને ગેરકાયદે ભારતમાં ઘુસ્યા છે તેવી હકીકત રાજકોટ જિલ્લા પોલીસવડા હિમકરસિંહને માહિતી મળતાં એસઓજીના પીએસઆઇ ભાનુભાઈ મિયાત્રા સહિતની ટીમ દોડી ગઈ હતી. પોલીસે સ્થળ પરથી બાંગ્લાદેશના ઢાકાના મોનીરામપુરના સોહિલહુસેન યાકુબઅલી (ઉ.વ.૩૦) અને રિપોનહુસેન અમીરૂઈસ્લામ (ઉ.વ.૨૮)ને સકંજામાં લઈ બંને પાસે ભારતીય નાગરિકતા અંગેના પુરાવા માગતાં બંને ઈસમ આપી શકયા નહોતા અને બંને બાંગ્લાદેશથી ગેરકાયદે ભારતમાં ઘુસ્યાની કબૂલાત આપતા પોલીસે બંનેની ધરપકડ કરી હતી.

બંને ઈસમે ભારતમાં કેવી રીતે આવ્યા તે અંગેની પૂછપરછમાં કહ્યું હતું કે, રંગપરમાં જ રહેતી બાંગ્લાદેશી રીના ખુરશીદઆલોમ બિશ્વાસ (ઉ.વ.૩૪)ના માર્ગદર્શન હેઠળ બંને અહીં આવ્યા હતા.

રીના બિશ્વાસ પણ ગેરકાયદે આવ્યાનું ખૂલતાં પોલીસે તેની પણ ધરપકડ કરી હતી. રીના બિશ્વાસ પડધરીના ચણોલ ગામના એક શખ્સ સાથે મૈત્રી કરારથી રહેતી હોય અને તેની જ ઓળખાણથી સોહિલહુસેન અને રિપોનહુસેનને મકાન ભાડે અપાવ્યું હતું અને બંનેને કારખાનામાં નોકરી પણ તેની ભલામણથી મળી હતી. બાંગ્લાદેશી ઘૂસણખોરને મકાન ભાડે આપનારા અને નોકરી આપનારે કોઈ પુરાવા વગર આવી કાર્યવાહી કરી હોય તે સામે પણ કાર્યવાહી કરવાનો પોલીસ અધિકારીએ નિર્દેશ આપ્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર બાંગ્લાદેશી રીના દશેક વર્ષ પહેલાં ગેરકાયદે ભારતમાં ઘૂસી હતી અને પાંચ વર્ષ પહેલાં મુંબઈ સ્થાયી થઈ હતી. મુંબઈના બારમાં તે ડાન્સર તરીકે કામ કરતી હતી. પડધરીના ચણોલ ગામના ગુટખાના વેપારી મુંબઈ ખાતે બારમાં ગયાં હતા જ્યાં બાંગ્લાદેશી રીના સાથે પરિચય થયો હતો. વેપારી પોતે પરિણીત છે અને ચાર સંતાનનો પિતા છે. રીનાને તે દોઢેક વર્ષ પહેલાં લઈ આવ્યો હતો અને રીનાને રંગપરના પાટિયા પાસે મકાન તેણે ભાડે અપાવ્યું હતું અને તે ત્યાં આવતો જતો રહેતો હતો.

# ગરમી વહેલી અને કાતિલ થવાની ધારણાએ ઠંડા પીણા, એસી અને ફ્રીઝ વાળાએ સ્ટોક કરવાનું શરૂ કરી દીધું

## ઉત્પાદકોએ શિફ્ટ વધારી ભરપૂર ઉત્પાદન શરૂ કર્યું, ગત ઉનાળામાં માંગને પહોંચી વળવામાં નિષ્ફળ ગયા બાદ આ વખતે આગોતરી તૈયારીઓ શરૂ

**અબતક, નવી દિલ્હી**

ઉનાળામાં ગરમી અસામાન્ય રીતે વહેલી શરૂઆત થવાની ધારણાને પગલે સોફ્ટ ડ્રિંક્સ, આઈસ્ક્રીમ, એર કન્ડીશનર અને ફ્રીઝ જેવા ઉત્પાદનનોનું પ્રોડક્શન વધારવા અને સ્ટોક કરવાની તૈયારીઓ પુરજોશમાં ચલાવવામાં આવી રહી છે.

ઉત્પાદકો ઉત્પાદન વધારવા, શિફ્ટ ઉમેરવા અને ક્ષમતા વધારવા માટે ઉતાવળ કરી રહ્યા છે. જાન્યુઆરીમાં જ, સામાન્ય કરતાં એક મહિના વહેલા, આઈસ્ક્રીમ ઉત્પાદકોએ હાઉસિંગ સોસાયટીઓ, મોલ્સ અને મનોરંજન સંકુલની બહાર ગાડીઓ ગોઠવવાનું શરૂ કરી દીધું છે. ઉદ્યોગના જાણકારોએ જણાવ્યું હતું કે, સોફ્ટ ડ્રિંક કંપનીઓ, બ્રુઅરીઝ અને એર કન્ડીશનર ઉત્પાદકો પણ ઉત્પાદન વધારી રહ્યા છે અને વેપાર માંગને પહોંચી વળવા માટે સ્ટોક રિપ્લેનિશમેન્ટ ચક્રને ઝડપી બનાવી રહ્યા છે.

ખાસ કરીને એર કંડિશનર ઉત્પાદકો ડિસેમ્બરથી સંપૂર્ણ ક્ષમતાએ કાર્યરત છે, જે તેમણે ગયા વર્ષના ઉનાળા દરમિયાન અનેક સર્વે કર્યા હતા. જ્યારે તેઓ અભૂતપૂર્વ માંગને પહોંચી વળવામાં નિષ્ફળ ગયા હતા. ટાટાની માલિકીની ઉપકરણો બનાવતી કંપની વોલ્ટાસના મેનેજિંગ ડિરેક્ટર પ્રદીપ બક્ષીએ જણાવ્યું હતું કે, ‘‘જોકે મેક્રો વપરાશનું દૃશ્ય સારું નથી, પરંતુ હવામાનની પેટર્નમાં ફેરફાર અને ઉત્પાદનની માંગને કારણે અમને એર કંડિશનરની સારી માંગની અપેક્ષા છે.‘‘

પેપ્સિકોના એક્સકલુઝિવ બોટલિંગ પાર્ટનર વરુણ બેવરેજીસ લિમિટેડના ચેરમેન રવિ જયપુરિયાએ જણાવ્યું હતું કે સોફ્ટ ડ્રિંકનો વ્યવસાય હવામાન પર આધારિત છે.

‘‘જો ફેબ્રુઆરીમાં તાપમાન આટલું જ ગરમ રહેશે, તો તેનાથી મોટો ફરક પડશે,‘‘ તેમણે કહ્યું. ‘‘જાન્યુઆરીમાં, અમે સામાન્ય રીતે પ્રમાણમાં ટૂંકા ઉત્પાદન ચક્ર પર ચાલીએ છીએ.‘‘

વિબીએલ, જે લાયક સંસ્થાકીય પ્લેસમેન્ટ દ્વારા રૂ.૭,૫૦૦ કરોડ એકત્ર કરી રહ્યું છે, તેણે જણાવ્યું હતું કે તે ભંડોળનો ઉપયોગ હાલના વ્યવસાયોના વિસ્તરણ અને ઈક્વિટી અથવા પ્રેફરન્સ કેપિટલ દ્વારા નવા રોકાણો માટે કરશે. માર્ચથી જૂન સુધીના ઉનાળાના મહિનાઓ પરંપરાગત રીતે વાર્ષિક સોફ્ટ ડ્રિંક વેચાણના અડધાથી વધુ હિસ્સો ધરાવે છે, તેમ છતાં કંપનીઓ ઉત્સવની ઝુંબેશ અને આખું વર્ષ પ્રમોશન દ્વારા માંગને સીઝન કરવાનો પ્રયાસ કરે છે.

## જામનગર ક્રાઈમ ડાયરી

### મૂંગણી ગામમાં કુવામાંથી પાણી ખેંચવાના પ્રશ્ને બે ભાઈ વચ્ચે તકરાર

#### છુટા પથ્થરનો ઘા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના મુંગણી ગામમાં કુવામાંથી પાણી ખેંચવાના પ્રશ્ને બે ભાઈઓ વચ્ચે તકરાર થઈ હતી, અને એક ભાઈએ બીજા ભાઈ ઉપર પથ્થર વડે હુમલો કરી દીધા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. જામનગર તાલુકાના મુંગણી ગામમાં રહેતા મહિપતસિંહ રણજીતસિંહ કંચવા નામના ૪૨ વર્ષના યુવાને પોતાના ઉપર પથ્થર વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે પોતાના જ સગાભાઈ કિરીટસિંહ રણજીતસિંહ કંચવા સામે ફરિયાદ નોંધાવી છે. સિક્કા પોલીસમાં ફરિયાદ નોંધાવાયા અનુસાર ફરિયાદી અને આરોપી બંને ભાઈઓ વચ્ચે કૂવામાંથી પાણીની મોટર ચલાવવા બાબતે માથાકૂટ ચાલતી હતી, જેનું મન દુઃખ રાખીને આ હુમલો કરાયો હોવાનું જાહેર કરાયું છે. જે મામલે સિક્કા પોલીસ વધુ તપાસ ચલાવે છે.

### ધરાનગરમાં જુગાર રમતાં ચાર પત્તા પ્રેમી પકડાયા

**અબતક, જામનગર**

જામનગરમાં ધરાર નગર વિસ્તારમાંથી પોલીસે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા ચાર પત્તા પ્રેમીઓની અટકાયત કરી લીધી છે. જામનગરમાં ધરાનગર શેરી નંબર -૧ મસ્જિદ પાછળથી જાહેરમાં ગંજી પાના વડે જુગાર રમી રહેલા નવાઝ ઉંમર ભાઈ શમા, ઈમરાન ઈબ્રાહીમભાઈ સંધિ,સલીમ કાસમ ભાઈ સંધિ, અને ઉંમર અહમદભાઈ સંધિની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૭,૨૦૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

### લાલપુરઃ જોગવડ ગામનો યુવાન લાપતા

**અબતક, જામનગર**

મૂળ ઉત્તર પ્રદેશનો વતની અને હાલ લાલપુર તાલુકાના જોગવડ ગામમાં રહીને મજૂરી કામ કરતો પર પ્રાંતીય યુવાન એકાએક લાપતા બન્યો હતો, જે મામલે મેઘપર પોલીસ મથકમાં ગુમ નોંધ કરાવવામાં આવી છે.

મૂળ ઉત્તર પ્રદેશના મથુરાનો વતની વેદ પ્રકાશ ગીરીરાજ પાઠક (ઉ.વ.૪૫) કે જે ગત ૨૨ મી તારીખે સવારે પોતાના ઘેરથી એકાએક પહેરેલા કપડે નીકળીને ચાલ્યો ગયો હતો. જેનો આજ સુધી કોઈ પત્તો સાંપડ્યો ન હતો. તેની અનેક સ્થળે તેમજ વતનમાં શોધખોળ કર્યા પછી પણ કોઈ પતો લાગ્યો નહતો.આથી આ બનાવ અંગે મેઘપર પોલીસ મથકમાં ગુમ નોંધ કરાવાઈ છે. જેને મેઘપર પોલીસ શોધી રહી છે.

સરઘસ કાઢવા બાબતે...

# વિછીયાઃ પોલીસ પર હુમલો કરી વાહનોમાં તોડફોડ કરવાના ગુનામાં શખ્સો જામીનમુકત

## લેન્ડ ગેબીંગની કરેલી ફરિયાદનો ખારા રાખી યુવકનું ઢીમ ઢાળી દેતા આરોપીઓનુ સરઘસ કાઢતાં પોલીસ અને ટોળા આમને સામને આવી ગયાતા

**અબતક , રાજકોટ**

વિછીયા પંથકમા ચકચારી મર્ડર કેસના આરોપીના જાહેરમા સરઘસ કાઢવા બાબતે વિછીયા પોલીસ સ્ટેશનનો ઘેરાવ કરી પથ્થરમારો કરી પોલીસ અધિકારીને કરેલી ઈજામા અને વાહનોમાં તોડફોડ કરી અને પોલીસ ફરજમાં રુકાવટ કર્યા અંગેના ગુનામાં સંડોવાયેલા શખ્સોને રાજકોટ ડીસ્ટ્રીકટ કોર્ટ જામીન પર છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વિંછીયા તાલુકામાં લેન્ડ ગ્રેબિંગની ફરિયાદનો ખાર રાખી માથાભારે તત્વોએ કોળી સમાજના ઘનશ્યામ રાજપરાની હત્યા કરી હતી. જે ગુનામાં પકડાયેલા આરોપીઓનું સરઘસ કાઢવાની માંગ કરવામાં આવી હતી. જેમાં વિછીયા બજારમાં જાહેરમાં સરઘસ કાઢવા બાબતે પોલીસ અને ટોળા વચ્ચે ઘર્ષણ થયેલું હતું. જેમાં ટોળાએ પોલીસ સ્ટેશનનનો ઘેરાવ કરી ફરજ પરના પોલીસ અધિકારી પર હુમલો કરી અને સરકારી વાહનો પર પથ્થરમારો તોડ ફોડ કરી ભય ફેલાવ્યા અંગેની પીઆઇ ટીબી જાનીએ મુકેશ મનસુખ રાજપરા સહિત ૮૪ શખ્સો સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો બાદ પોલીસ દ્વારા મુકેશ મનસુખ રાજપરા, જયદીપ રાજુ ડાભી, જયદીપ પાચા સાકરીયા, રમેશ છગન જાંબુકિયા, મુના મગન ઝાપડિયા, જયંતિ મેઘા ગોહિલ, નવનીત લાલજી સોલંકી ,ગોપાલ ચોથા વાલાણી ,અજય લાલજી રાજપરા અને વલ્લભ સોમા કુંકડીયા સહિત શખ્સોની ધરપકડ કરી હતી. વિછીયા કોર્ટ જામીન રદ કરતા આરોપીઓને ગોંડલ ખાતે જેલ હવાલે કરેલા હતા, બાદ ડીસ્ટ્રીકટ કોર્ટમા જામીન મુકત થવા અરજી કરી હતી.

આરોપીના એડવોકેટ ધ્વારા કરવામાં આવેલી રજુઆતો તેમજ વડી અદાલતના રજુ રાખેલ ચુકાદાઓને ધ્યાનમા લઈ આરોપીઓ તરફેથી દલીલો માન્ય રાખી જોઈન્ટ ડિસ્ટ્રીક્ટ જજ પી.જે.તમાકુવાલાએ આરોપીઓને જામીન મુક્ત કરવા આદેશ ફરમાવેલ છે.આરોપીઓ તરફે રાજકોટના ધારાશાસ્ત્રી દિપક બી. ત્રિવેદી, ઋષિત પટેલ,રણજીત બી. મકવાણા, જીજ્ઞેશ એમ.સભાડ, , ભરતભાઈ ધરજીયા સ્તવન મહેતા, જીતેન્દ્ર કાનાબાર, નિકુંજ શુકલા, રોકાયેલ હતા.

# રીબડા નજીક કાર અડફેટે બાઈક ચાલકનું મોત

**અબતક, રાજકોટ**

રાજકોટ ગોંડલ હાઈવે પર અવાર નવાર અકસ્માતો સર્જાતા રહ્યા છે રીબડા નજીક હાઈવે પર, કાર ચાલકે બાઈકને અડફેટ લેતા મુકેશભાઈનું ઘટના સ્થળે મોત નીપજ્યું છે. બનાવવાની પ્રાત વિગત મુજબ, હડમતાળા કારખાનેથી મુકેશભાઈ ચંદુભાઈ ખાટ તેમનું જી જે ૦૩ ઋઈ ૭૨૦૩ નંબરનું બાઈક લઈને રાજકોટ જઈ રહ્યા હતા ત્યારે રીબડા ગામે આવેલા હનુમાનજીના મંદિર પાસે પહોંચ્યા ત્યારે જી જે ૧૧ એસ ૨૯૪૭ નંબરના કાર ચાલકે બાઈકને અડફેટે લીધું હતું. જેને લઈને બાઈક ચાલક મુકેશભાઈ ચંદુભાઈ ખાટને ગંભીર ઈજા પહોંચતા સ્થળે મોત નીપજ્યું હતું આ બનાવની જાણ તાલુકા પોલીસ મથકને થતા દોડી જાય કારચાલક સામે ગુનો નોંધી ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી છે.

# વ્યાજ અને છેતરપિંડીના ગુનામાં ધર્મેશ ઠેસીયાના આગોતરા જમીન મંજૂર

## મવડી ખેડૂતે ૨૧ લાખના 30 લાખ ચૂકવ્યા છતાં.વધુ ૭૦ લાખની ઉઘરાણી કરી અને છળ કપટથી જમીનનો દસ્તાવેજ કરાવી લીધો

**અબતક , રાજકોટ**

શહેરના મવડી વિસ્તારના ખેડૂતે ધંધાકીય જરૂરિયાત માટે ૨૧ લાખ વ્યાજે લીધેલા જે પેટે ૩૦ લાખ ચૂકવી દીધા છતાં.વધુ ૭૦ લાખની ઉઘરાણી કરી અને છળ કપટથી ખેતીની જમીનનો દસ્તાવેજ કરાવી લેવાના ગુના માં પોલીસ ધરપકડની દહેશત ધર્મેશ ઠેસીયા એ કરેલી આગોતરા જામીન અરજી અદાલતે મંજુર કરતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના મહુડી વિસ્તારમાં રહેતા વિઠ્ઠલભાઈ ખોડાભાઈ ધર્મેશ મીઠાભાઈ ઠેસિયા સામે વ્યાજે રકમ આપી જમીન લખાવી લેવાની ધર્મેન્દ્ર મીઠા ઠેસીયા સામે તાલુકા પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવે પ્રમાણે ખેડૂત વિઠ્ઠલભાઈ ને ઓફ સેટ પ્રિન્ટિંગ નો ધંધો કરવાનો હોવાથી ધર્મેશ ઠેસિયા પાસેથી ૨૧ લાખ વ્યાજે લીધા હતા. તે પેટે ૩૦ લાખ મેળવી લીધા છતાં વધુ ૭૦ લાખ માંગી કાલાવડ તાલુકાના મેઘપર ગામ ની જમીન નો છળ કપટ થી દસ્તાવેજ કરાવી લીધા નું ફરિયાદમાં જણાવ્યું હતું. પોલીસ ધરપકડની દહેશતથી ધર્મેશ મીઠાભાઈ ઠેસીયા અદાલત માં આગોતરા જામીન અરજી કરી અને રજુઆત કરેલી કે, હાલની ફરીયાદ ૧૪ મહીના મોડી છે અને ફરીયાદીએ એક વાર પોતાની જમીન વેચી અને અવેજ સ્વીકારી લીધેલ અને સબ રજીસ્ટ્રાર રૂબરૂ દસ્તાવેજ કરી આપેલ છે. જમીન ના ભાવ વધી જતા ખોટી ફરીયાદ કરી દબાણ લાવી જમીન પરત લેવા માગતા હોય ખોટી ફરીયાદ આપેલ છે.ઉપરોકત હકિકત અને દલીલો તેમજ રજુ થયેલ દસ્તાવેજો ને ધ્યાનમાં લઈ સેશન્સ જજ બ્રહમભટટ આરોપી ધર્મેશ મીઠાભાઈ ઠેસીયા ની ધરપકડ કરવાનો પ્રસંગ થાય તો શરતો ને આધીન આગોતરા જામીન પર મુકત કરવા હુકમ ફરમાવેલો છે. આરોપી ધર્મેશભાઈ ઠેસીયા વતી એડવોકેટ પીયુષ એમ.શાહ, અશ્વીનભાઈ ગોસાઈ, નીવીદભાઈ પારેખ, નીતેશભાઈ કથીરીયા, વીજયભાઈ પટગીર, જીતેન્દ્રભાઈ ધુળકોટીયા, હર્ષીલભાઈ શાહ, ચીરાગભાઈ શાહ, આસીસ્ટન્ટ તરીકે રવીરાજભાઈ વાળા, રૂત્વીકભાઈ વધાસીયા અને સંજયભાઈ મેરાણી રોકાયેલા હતા.

### (પહેલા પાનાનું ચાલું)

### બજેટ ૨૦૨૫...

આવે, તો આવકનું નુકસાન ૩ થી ૫ સુધીનું હોઈ શકે છે. ત્રીજા દૃશ્યમાં, જ્યાં મહત્તમ દર ઘટાડીને ૨૫% કરવામાં આવે છે અને ૧૦-૧૫ લાખ રૂપિયાની આવક ધરાવતા લોકો માટે ૧૫% લેવી આપવામાં આવે છે, સાથે આરોગ્ય કવર માટે ૫૦,૦૦૦ રૂપિયા અને એનપીએસ માટે ૭૫,૦૦૦ રૂપિયાની છૂટ આપવામાં આવે છે. રિપોર્ટનો અંદાજ છે કે ૮૫,૦૦૦ કરોડથી ૧.૨ લાખ કરોડ રૂપિયાની વચ્ચે મહેસૂલ નુકસાન થશે. નવી કર વ્યવસ્થા હેઠળ હોમ લોન માટે લાભ આપવા માટે પણ સૂચનો આપવામાં આવ્યા છે. જોકે, સરકારી અધિકારીઓ છૂટછાટો અને છૂટછાટો આપવાની વિરુદ્ધ છે, તેમની દલીલ છે કે આનાથી નવી સિસ્ટમ ધીમે ધીમે તેના પુરોગામી જેવી થઈ જશે. ઉપરાંત, તેમણે સૂચન કર્યું કે આ વિકલ્પ ઉપલબ્ધ હોવો જોઈએ અને કરદાતાઓ તેમના માટે ફાયદાકારક હોય તે વિકલ્પ પસંદ કરી શકે છે.

### શેરબજાર...

જોખમી રોકાણના રસ્તાઓથી દૂર રહેવા માટે પ્રેરિત કર્યા છે, એમ તેમણે જણાવ્યું હતું.

ડેટા અનુસાર, એફપીઆઈએ આ મહિને (૨૪ જાન્યુઆરી સુધી) ભારતીય ઈક્વિટીમાં રૂ. ૬૪,૧૫૬ કરોડના શેર વેચ્યા હતા. નોંધનીય છે કે ૨ જાન્યુઆરી સિવાય આ મહિનાના બધા દિવસોમાં એફપીઆઈ ચોખ્ખા વેચાણકર્તા રહ્યા છે. વી.કે., ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ, જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસીસ. વિજયકુમારે જણાવ્યું હતું કે, ‘‘ડોલરની સતત મજબૂતાઈ અને યુએસ બોન્ડ યીલ્ડમાં વધારો એફપીઆઈના વેચાણને આગળ ધપાવતા મુખ્ય પરિબળો રહ્યા છે. જ્યાં સુધી ડોલર ઈન્ડેક્સ ૧૦૮ થી ઉપર રહે છે અને ૧૦-વર્ષના યુએસ બોન્ડ યીલ્ડ ૪.૫% થી ઉપર રહે છે, ત્યાં સુધી, વેચાણ ચાલુ રહેવાની શક્યતા છે.‘‘

### બાંગ્લાદેશ...

વધુ વધારો કરી શકે છે. આનાથી ભારત અને બાંગ્લાદેશના સંબંધો પર પણ અસર પડી શકે છે. બાંગ્લાદેશની પરિસ્થિતિ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી ઉપલબ્ધ નથી. આવી સ્થિતિમાં, પ્રશ્ન એ છે કે જો રહેમાન ખરેખર બળવાની યોજના બનાવી રહ્યા છે, તો આર્મી ચીફ વકાર ઉઝ ઝમાન આ પરિસ્થિતિને કેવી રીતે સંભાળશે. બાંગ્લાદેશમાં બીજો લશ્કરી બળવો દેશને એક મહત્વપૂર્ણ તબક્કામાં ધકેલી શકે છે. આવી સ્થિતિમાં, ભારત સહિત ઘણા પડોશી દેશો બાંગ્લાદેશમાં થઈ રહેલા વિકાસ પર નજર રાખી રહ્યા છે.

### (છેલ્લા પાનાનું ચાલુ)

### કોંગ્રેસ...

રાજ્યમાં થઈ રહેલ ડિમોલિશન અંગે નાગરિકોના ન્યાય માટે કોંગ્રેસ દેખાવો કરશે. ગુજરાતની ભાજપ સરકાર મોટા માલેતુજારના ગેરકાયદેસર બાંધકામોને પ્રોત્સાહન આપે છે અને જો ભૂલમાં પણ ફરિયાદો આવે તો મોટા-અમીર, વગ ધરાવતા લોકો અંગે અંખ આડા કાન કરીને જતું કરવામાં આવે છે બીજી બાજુ રાજ્યના હજારો ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના પરિવારોને વિકાસના નામે નોટીસ વગર ડિમોલિશનની કામગીરી કરીને કડકડતી ઠંડી હોવા છતાં આવા પરિવારોને બેઘર કરવામાં આવી રહ્યા છે. એકતરફી નિર્ણય કરી નાગરિકોને બેઘર કરવાના નિર્ણયનો કોંગ્રેસ પક્ષ વિરોધ કરશે. જ્યાં નોટિસ વગર ડિમોલિશન થશે ત્યાં કોંગ્રેસ દેખાવો કરશે અને લડત આપશે.

રાજ્યના ૮ મહાનગરો અને અન્ય વિસ્તારોમાં ફેરીયા-લારી ગલ્લા-પાથરણા અને ખુમચાવાળા પોતાની મહેનતથી નાનો ધંધો રોજગાર કરીને પોતાનો ગુજરાન ચલાવી રહ્યા છે પણ ભાજપાના શાસકો વિકાસ અને શહેરની સુંદરતાના નામે વારંવાર ફેરીયા-લારી ગલ્લા-પાથરણા અને ખુમચાવાળાની રોજી રોટી પર દંડો ફેરવીને બેરોજગાર બનાવી રહ્યા છે. ત્યારે આવા નાના પરિવારોને સન્માન સાથે રોજી રોટી મેળવી શકે તે માટે કોંગ્રેસ પક્ષ તેમના હક અધિકારની ન્યાયિક લડતમાં સાથ આપશે.ગુજરાતમાં ૧ મહાનગરપાલિકા, ૬૮ નગરપાલિકા, ૩ તાલુકા પંચાયત સહિત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની પોલીટીકલ અફેર્સ કમીટીમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ રાજ્યસ્તરનું ગઠબંધન નહીં કરે. કોઈપણ પાર્ટીનું રાજ્યસ્તરે ગઠબંધન અંગે પ્રસ્તાવ નથી આવ્યો. સ્થાનિક સંગઠનની માંગ મુજબ ગઠબંધન અંગે ચર્ચા કરીશું. રાજ્ય સ્તરે કોઈપણ પાર્ટી સાથે ગઠબંધન અંગે ચર્ચા નહીં.

કોંગ્રેસ પક્ષનું રાષ્ટ્રીય અધિવેશન ગાંધી સરદારના ગુજરાતમાં એપ્રિલ મહિનામાં યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે.

### એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ...

કાનૂની લડાઈ વિના તેમનું પ્રમોશન મળ્યું હતું. જેણે નવેમ્બર ૨૦૨૩ માં કેન્દ્ર અને રાજ્ય સરકારને અરજદારને તેમના જુનિયરને દાખલ કર્યાની તારીખથી અથવા તેમના હક મુજબ અન્ય કોઈપણ તારીખથી આઈપીએસ કેડરમાં સામેલ કરવાનો વિચાર કરવા, કાલ્પનિક ધોરણે તમામ પરિણામી લાભો સાથે આદેશ આપ્યો છે. સીએટીએ તેના આદેશમાં ઉલ્લેખ કર્યો છે કે રાજ્ય સરકારે એપ્રિલ ૨૦૧૬ માં અમીનને તેમના વાર્ષિક ગુપ્ત અહેવાલમાં નોંધાયેલા પ્રવેશોના સંદર્ભમાં અખંડિતતા પ્રમાણપત્ર જારી કર્યું હતું અને ૨૦૧૬ માં વિભાગીય તપાસમાં તેમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

### જાહેરનામું...

ત્રીજી ફેબ્રુઆરીના રોજ ઉમેદવારી ફોર્મની ચકાસણી કરવામાં આવશે. દરમિયાન ૪ ફેબ્રુઆરી ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ હોય ચૂંટણીનું સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થઈ જશે. ૧૬મી ફેબ્રુઆરીએ મતદાન કરી શકાશે. પૂનઃ મતદાન કરવાની જરૂરીયાત જણાય તો ૧૭મી ફેબ્રુઆરીએ પુનઃ મતદાન યોજાશે. દરમિયાન ૧૮મીએ સવારથી મતગણતરી હાથ ધરાવામાં આવશે. અને બપોર સુધીમાં પરિણામ આવી જશે. ચૂંટણી પ્રક્રિયા ૨૧મી ફેબ્રુઆરીએ પૂર્ણ થઈ જશે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભગવો લહેરાવવા માટે ચૂંટણી પ્રભારીની નિયુકતી કરવામાં આવી છે. રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મિરાણીની જૂનાગઢ મહાનગર પાલીકાના પ્રભારી તરીકે નિયુકતી કરવામાં આવી છે. આ ઉપરાંત ૬૬ નગરપાલીકા અને ૩ તાલુકા પંચાયતના પણ ચૂંટણી પ્રભારીથી નિયુકતી કરવામાંઆવી છે. આજથી ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી માટેની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.જામજોધપુર નગરપાલીકાના પ્રભારી તરીકે અભિષેક પટવા, કાલાવાડના પ્રભારી તરીકે ડો. વિનોદ ભંડેરી, ધ્રોલના પ્રભારી તરીકે દિલીપસિંહ ચુડાસમા, દ્વારકાના પ્રભારી તરીકે મોહનભાઈ બારાઈ ભાણવડના પ્રભારી તરીકે ગોવિંદભાઈ કનારા, સલાયાના પ્રભારી તરીકે અનિલભાઈ તન્ના, ઉપલેટાના પ્રભારી તરીકે મનસુખભાઈ ખાખરીયા, ધોરાજીના પ્રભારી તરીકે માનસિંહભાઈ પરમાર, ભાયાવદરના પ્રભારી તરીકે જયેશભાઈ ત્રિવેદી, જસદણના પ્રભારી તરીકે દિનેશભાઈ અમૃતીયા, જેતપુર નવાગઢના પ્રભારી તરીકે પંકજભાઈ મહેતા, વાંકાનેરના પ્રભારી તરીકે પ્રદિપભાઈ વાળા, હળવદના પ્રભારી તરીકે જેઠાભાઈ મિયાણા, બાંટવાના પ્રભારી તરીકે મેહુલભાઈ ગોંડલીયા, માંગરોળના પ્રભારી તરીકે ભરતસિંહ ગોહિલ, વિસાવદરના પ્રભારી તરીકે ચંદુભાઈ મકવાણા, માણાવદરના પ્રભારી તરીકે દિનેશભાઈ ખટારીયા ચોરવાડના પ્રભારી તરીકે ભરતભાઈ વડાલીયા, વંથલીના પ્રભારી તરીકે નરેન્દ્ર કોટાલા, કોડીનારના પ્રભારી તરીકે દિલીપભાઈ બારડ, રાણાવાડના પ્રભારી તરીકે અરજણભાઈ ભૂતીયા ,કુતીયાણાના પ્રભારી તરીકે અશોકભાઈ મોઢા લાઠીના પ્રભારી તરીકે જીતુભાઈ ડેર, જાફરાબાદના પ્રભારી તરીકે સાગરભાઈ સરવૈયા, ચલાલાના પ્રભારી તરીકે જીતુભાઈ જોશી, રાજુલાના પ્રભારી તરીકે ચેતનભાઈ શિવાય, સિહોરના પ્રભારી તરીકે સુરેશભાઈ વસારા, ગારીયાધારના પ્રભારી તરીકે મહેન્દ્ર પનોત, તળાજાના પ્રભારી તરીકે હર્ષદ દવે, બોટાદના પ્રભારી તરીકે મૂકેશભાઈ લંગાળીયા, ગઢડાના પ્રભારી તરીકે રસિકભાઈ ભુંગાણી અને થાનગઢના પ્રભારી તરીકે હાર્દિકભાઈ ટમાલીયાની નિયુકતી કરવામાં આવી છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** ભારતીબેન સુરેશભાઈ મહેતા (ઉ.વ.૬૩) તે સ્વ. કાંતિલાલ હરીલાલ સેજપાલના દીકરી, સ્વ. અતુલભાઈ, સ્વ. અશોકભાઈ, નીલમબેન પોપટના બેન, હિરેન, પ્રજેશ, પવનના માતા, ધારાબેન મગદાણી, કોમલબેન કોટકના સાસુનું તા. ૨૪ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૭ ને સોમવાર સાંજે ૪ થી ૫ રંગીલા હનુમાન મંદિર, વિવેકાનંદનગર શેરી નં. ૧૪, કોઠારીયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. પીયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**રાજકોટઃ** રામબેન મગનભાઈ પરમાર (ઉ.વ.૮૯) તે કિરણભાઈ મગનભાઈ પરમારના માતા, વિશાલભાઈના દાદીનું તા. ૨૪ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૭ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ સંસ્કાર સાનિધ્ય એ.૬૦૩ સંસ્કાર સિટીની સામે, રામધણ આશ્રમ પાસે, મવડી બાયપાસ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# પ્રજાસત્તાક દિને ટૂંકા અંતરની બેલિસ્ટિક મિસાઈલ ''પ્રલય''ની પરેડ

## પરેડમાં અલગ – અલગ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૬ તેમજ કેન્દ્રીય મંત્રાલયો અને સંસ્થાઓની ૧૫ ઝાંખીઓ રજૂ કરાઈ

**અબતક, રાજકોટ**

ભારતે કર્તવ્ય પથ પર પરેડ અને એર શો સાથે બંધારણના સ્મરણાર્થે ૭૬મા પ્રજાસત્તાક દિવસની ભવ્ય પરેડ સાથે ઉજવણી કરી હતી જેમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૬, કેન્દ્રીય મંત્રાલયો અને સંસ્થાઓની ૧૫ ઝાંખીઓ રજૂ કરવામાં આવી હતી. હાઈલાઈટ્સમાં કેપ્ટન ડિમ્પલ સિંહ ભાટીની રાષ્ટ્રપતિ મુર્મુને સલામી, પ્રલય મિસાઈલની શરૂઆત, ત્રિ-સેવા ઝાંખી, ઈન્ડોનેશિયાની ટુકડીની પ્રથમ સહભાગિતા અને ભારતની લોક અને આદિવાસી પરંપરાઓ દર્શાવતી વાઈબ્રન્ટ સાંસ્કૃતિક પ્રદર્શનનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિને સલામી આપનાર પ્રથમ મહિલા અધિકારી, ત્રિ-સેવા ઝાંખી, પ્રલય મિસાઈલ અને ઈન્ડોનેશિયાની ટુકડી સહિત અનેક પ્રથમ વ્યકિતઓ જોવા મળી હતી. જેમાં કેપ્ટન ડિમ્પલ સિંહ ભાટી પ્રથમ મહિલા આર્મી ઓફિસર બની હતી જેણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને ચાલતી મોટરસાઈકલ પર ૧૨ ફૂટની સીડી પર સલામી આપી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો. નોંધપાત્ર સંતુલન અને નમ્રતા સાથે, ભાટીએ રાષ્ટ્રપતિને તીક્ષ્ણ અને આકર્ષક સલામ રજૂ કરી, જેમાં ''ધ ડેર ડેવિલ્સ'' તરીકે ઓળખાતી ભારતીય સેનાના કોર્પ્સ ઓફ સિગ્નલની હિંમત, ચોકસાઈ અને શ્રેષ્ઠતાનો સમાવેશ થાય છે.

સ્વદેશી ટૂંકા અંતરની અર્ધ-બેલિસ્ટિક મિસાઈલ પ્રલયે પણ પ્રજાસત્તાક દિવસની પરેડમાં તેની શરૂઆત કરી હતી. આ મિસાઈલ, આર્મી અને એર ફોર્સ માટે છે, જે પરંપરાગત હડતાલ માટેના ભારતના શસ્ત્રાગારમાં પ્રથમ બેલેસ્ટિક મિસાઈલ હશે. તેમાં સૌપ્રથમ, ત્રિ-સેવા ઝાંખી, સશસ્ત્ર દળો વચ્ચે ''સંયુકતતા'' ની વ્યાપક ભાવના દર્શાવતી, કર્તવ્ય પથ, રાષ્ટ્રીય રાજધાનીના કેન્દ્રસ્થાને



બુલવર્ડ નીચે ફેરવાઈ હતી.

ટેબ્લોની થીમ ''શશક્ત ઔર સુરક્ષા ભારત (મજબૂત અને સુરક્ષિત ભારત)'' હતી. તે સ્વદેશી અર્જુન યુદ્ધ ટાંકી, તેજસ ફાઈટર એરક્રાફ્ટ અને અદ્યતન લાઈટ હેલિકોપ્ટર સાથે જમીન, પાણી અને હવામાં સિંક્રનાઈઝ્ડ ઓપરેશનનું નિદર્શન કરીને યુદ્ધભૂમિનું દૃશ્ય દર્શાવે છે.

૩૫૨ સભ્યોની ઈન્ડોનેશિયન એક કૂચ ટુકડીએ પરેડમાં ભાગ લીધો હતો. ઈન્ડોનેશિયાની સહભાગિતા એ એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ હતું, કારણ કે તે ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં તેમનો પ્રથમ દેખાવ હતો. તદુપરાંત, આ પ્રસંગ ઈન્ડોનેશિયાના લશ્કરી બેન્ડ અને ટુકડીએ તેમના રાષ્ટ્રની બહાર પરેડમાં પ્રદર્શન કરવાનો પ્રથમ પ્રસંગ રજૂ કર્યો હતો.

આ ઉપરાંત કર્તવ્ય પથ ખાતે ૫,૦૦૦ થી વધુ લોક અને આદિવાસી કલાકારોએ પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં સમગ્ર ભારતમાંથી ૪૫ અલગ-અલગ નૃત્ય શૈલીઓનું પ્રદર્શન કર્યું હતું, જેમાં નર્તકો કર્તવ્ય પથની સંપૂર્ણ લંબાઈ સુધી ફેલાયેલા હતા, જે તમામ ઉપસ્થિતો માટે સમાન જોવાનો અનુભવ સુનિશ્ચિત કરે છે. આ સાથે સંગીત નાટક અકાદમીએ ''જયતિ જય મામહ ભારતમ્'' શીર્ષક સાથે ૧૧-મિનિટના ભવ્યાતિભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું હતું. તેમજ દેશની વૈવિધ્યસભર આદિવાસી અને લોક પરંપરાઓના પ્રદર્શન દ્વારા વાઈબ્રન્ટ પ્રસ્તુતિએ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિનું સન્માન કર્યું હતું.

# ફક્ત એક સેકન્ડમાં જ કેન્સર મટી જશે !!!

## ફ્લેશ રેડિયો થેરાપી દ્વારા કેન્સરની સારવારના સત્રો અને આડઅસરો ઘટાડી શકાય છે

**અબતક, રાજકોટ**

કેન્સર જેવી ભયાનક બિમારી જેની સારવાર અતિ ખર્ચાળ અને સમય માંગી લે છે. જે અંગે વૈજ્ઞાનિકો સતત નવા પરીક્ષણો કરતા રહે છે. ત્યારે હાલ એક એવા જ પરીક્ષણને અદભૂત સફળતા મળી છે. આ થેરપી છે ફ્લેશ રેડિયો થેરાપી. આ થેરાપી કેન્સરની પરંપરાગત સારવારને બદલી શકે છે. તે રેડિયેશન અલ્ટ્રા-ફાસ્ટ પહોંચાડે છે, તેમજ સારવાર સત્રો અને આડઅસરો ઘટાડે છે. પ્રાણી પરીક્ષણો અને નાના માનવ પરીક્ષણો દર્શાવે છે કે આ થેરાપી સલામત અને અસરકારક છે. ફ્લેશ રેડિયોથેરાપી પ્રતિરોધક ગાંઠો માટે આડઅસરમાં વધારો કર્યા વિના અસરકારક ઉપચારની શક્યતાઓ વધારી દે છે. આ મશીનોને સુલભ બનાવવા માટે તકનીકી પ્રગતિની જરૂર છે.

ફ્લેશ રેડિયોથેરાપી મશીનોની પ્રગતિ અલ્ટ્રા-ફાસ્ટ રેડિયો-થેરાપી સાથે કેન્સરની સારવારમાં ક્રાંતિ લાવી શકે છે, જ્યાં કિરણોત્સર્ગ એક સેકન્ડ કરતાં પણ ઓછા સમયમાં પહોંચાડવામાં આવે છે.

કેન્સરની સારવાર માટેની પરંપરાગત રેડિયોથેરાપી સામાન્ય રીતે રેડિયેશન સત્રોના અસંખ્ય સત્રો લે છે. આ પદ્ધતિ અસરકારક હોવા છતાં, મગજના કેન્સર જેવા કિસ્સાઓમાં તે ઘણીવાર તંદુરસ્ત પેશીઓને પણ નુકસાન પહોંચાડે છે. બીજી તરફ, નવીન ફ્લેશ રેડિયોથેરાપી, સત્રોની સંખ્યામાં ભારે ઘટાડો કરે છે, કેટલીકવાર એક અથવા થોડા સત્રોમાં, કારણ કે તે ડોઝ દરે રેડિયેશન પહોંચાડે છે જે પરંપરાગત રેડિયેશન સારવારમાં વપરાતા કરતાં ૩૦૦ ગણા વધુ હોય છે. આ ફ્લેસ અસર તરીકે ઓળખાતી ઘટનાને પ્રેરિત કરે છે, જે પરંપરાગત રેડિયેશન થેરાપી દરમિયાન ગાંઠની આસપાસના સામાન્ય પેશીઓને થતા નુકસાનને ઘટાડે છે, જ્યારે ગાંઠના સ્થળે કેન્સરના કોષોને મારી નાખે છે.

ફ્લેશ રેડિયેશન થેરાપીએ અગાઉ પ્રાણીઓના પરીક્ષણમાં અણધારી આડઅસર કર્યા વિના અસરકારક અને સલામત પરિણામો દર્શાવ્યા છે. મેટાસ્ટેટિક કેન્સર ધરાવતા દર્દીઓની એક નાની અજમાયશમાં પ્રથમ માનવ અજમાયશ પીડા રાહત માટે સલામત અને અસરકારક હોવાનું જણાયું હતું.

કેન્સર અંગેના અભ્યાસના લેખક અને યુનિવર્સિટી ઓફ સિનસિનાટી કેન્સર સેન્ટર ખાતે કિલનિકલ રેડિયેશન ઓન્કોલોજીના સહાયક પ્રોફેસર એમિલી સી. ડાઘર્ટીએ જણાવ્યુ હતુ કે ''અમારો અભ્યાસ દર્શાવે છે કે પ્રોટોન સાથેની ફ્લેશ રેડિયોથેરાપી એ પીડા ઘટાડવા માટે એક વ્યવહારુ પદ્ધતિ છે. પરંપરાગત કિરણોત્સર્ગ સારવાર સાથે સંકળાયેલ આડઅસરો ઘટાડવાની તેની સંભવિતતાને કારણે તે વધુ સંશોધનને પાત્ર છે.'' કારણ કે ફ્લેશ રેડિયોથેરાપી અતિ-ઉચ્ચ ડોઝ દરે આપવામાં આવે છે, તે ઓછી સામાન્ય પેશીઓને ઓછી ઈજાઓ પહોંચાડે છે.

### કેન્સરની સારવારમાં હોમીયોપેથીની ભૂમિકા

હાલમાં સૌથી મોટો અવરોધ નવી પેઢીના રેડિયો થેરાપી મશીનોની સુલભતા છે. આ મશીનોની પ્રગતિ કેન્સર માટે અલ્ટ્રા-ફાસ્ટ ઈલાજ તરફ દોરી શકે છે. ફ્લેશ-આરટી પરંપરાગત રેડિયોથેરાપી કરતાં સૈદ્ધાંતિક ફાયદા ધરાવે છે. પ્રીક્લિનિકલ પ્રયોગો ફ્લેશ-આરટીના ઉપયોગને સમર્થન આપે છે, પરંતુ તે રેખીય પ્રવેગક દ્વારા પ્રવેગિત મેગાવોલ્ટેજ ઈલેક્ટ્રોનની શ્રેણી દ્વારા મર્યાદિત કેટલાક સેન્ટિમીટર સુધીની ઊંડાઈએ હાથ ધરવામાં આવ્યા હતા. ૨૦૨૨નો અભ્યાસ જણાવે છે કે, ફ્લેશ ફોટોન અને સંભવિત રીતે પ્રોટોન, વીએચઈઈ અને ભારે આયનોના ઉત્પાદનને સક્ષમ કરવા માટે મુખ્ય તકનીકી પ્રગતિની જરૂર છે .

# લ્યો કરો વાતઃ શાહરૂખ ખાનને મન્નત ફળી મહારાષ્ટ્ર સરકારે ૯ કરોડ રિફંડ આપવું પડશે

## દરિયા કિનારે આવેલા તેના બંગલા 'મન્નત'ની લીઝ બદલવા માટે વધારાની ચૂકવણી કરી હતી

**અબતક, રાજકોટ**



મહારાષ્ટ્ર સરકાર બોલિવૂડ અભિનેતા શાહરૂખ ખાનને ૯ કરોડ રૂપિયા પરત કરશે. તેના દરિયા કિનારે આવેલા બંગલા 'મન્નત'ની લીઝ બદલવા માટે કરવામાં આવેલી વધારાની ચુકવણી પર તેને આ રકમ પાછી મળી રહી છે. પ્રીમિયમની ગણતરીમાં ભૂલ બાદ અભિનેતાએ રિફંડ માટે અરજી કરી હતી, જેને હવે મંજૂર કરવામાં આવી છે.અંગે ઉપનગરીય કલેક્ટર સતીશ બાગલે જણાવ્યું હતું કે ૨૦૧૯માં શાહરૂખ ખાન અને તેની પત્ની ગૌરી ખાને બાંદ્રામાં હેરિટેજ પ્રોપર્ટીની લીઝ બદલીને 'કેટેગરી ૧ સંપૂર્ણ માલિકી' કરી હતી અને તેના માટે સરકારને વધારાની ચુકવણી કરી હતી. જમા કરેલી રકમની ગણતરીમાં ભૂલની શોધ કર્યા પછી, ખાને મહેસૂલ સત્તાધિકારી પાસે રિફંડ માટે અરજી દાખલ કરી, જેને આ સપ્તાહની શરૂઆતમાં મંજૂર કરવામાં આવી હતી. પ્રીમિયમ વસૂલતી વખતે ગણતરીમાં ભૂલને કારણે અભિનેતા પાસેથી રૂ. ૯ કરોડથી વધુ વસૂલ કરવામાં આવ્યા હતા . જાણ થયા બાદ તેમના પૈસા તેમને પરત કરવામાં આવશે. મહારાષ્ટ્રમાં લીઝ પર પ્રીમિયમ તરીકે સરકારને મોટી રકમ ચૂકવવામાં આવી હતી. અભિનેતાએ પ્રીમિયમ માટે રૂ. ૨૫ કરોડથી વધુ ચૂકવ્યા હોવાના અહેવાલ છે, પરંતુ સત્તાવાળાઓ દ્વારા આની તાત્કાલિક પુષ્ટિ કરવામાં આવી ન હતી. શાહરૂખના દિલમાં 'મન્નત' માટે વિશેષ સ્થાનની જાહેરાત કરવામાં આવી હતી. તે દરમિયાન, અભિનેતાએ હંમેશા તેના બંગલા 'મન્નત'ને પોતાનું સૌભાગ્ય ગણાવ્યું છે. શાહરૂખ ખાન માટે તેમનો આ બંગલો ખાસ મહત્વ ધરાવે છે. વર્ષ ૨૦૦૫માં 'I The Inner World of Shahrukh Khan' નામની ડોક્યુમેન્ટ્રીમાં અભિનેતાએ પોતાના અંગત જીવન વિશે ખુલીને વાત કરી હતી. તેણે 'મન્નત'નો પણ ઉલ્લેખ કર્યો હતો અને તેને પોતાની સૌથી કિંમતી સંપત્તિ ગણાવી હતી.

# બાબરી ધ્વસ્તમાં મુખ્ય ભૂમિકા ભજવનાર સાધ્વી ઋતુંભરાને પદ્મ ભૂષણ એનાયત

## સાધ્વીજીએ તેમનું સમગ્ર જીવન સમાજ અને ધર્મના ઉત્થાન માટે સમર્પિત કર્યું

**અબતક, રાજકોટ**

વિશ્વ હિન્દુ પરિષદે રવિવારે સાધ્વી ઋતંભરાને સામાજિક કાર્યમાં તેમના યોગદાન માટે પદ્મ ભૂષણ એનાયત કરવાના સરકારના નિર્ણયને આવકાર્યો હતો, તેમ છતાં વિવેચકોએ તેમના વિવાદાસ્પદ ભૂતકાળ તરફ ધ્યાન દોર્યું હતું અને દલીલ કરી હતી કે આને અવગણી શકાય નહીં.

વીએચપીના પ્રવક્તા વિનોદ બંસલે કહ્યું, ''સાધ્વીજીએ તેમનું સમગ્ર જીવન સમાજ અને ધર્મના ઉત્થાન માટે સમર્પિત કર્યું. અસંખ્ય ત્યજી દેવાયેલા બાળકો અને નિરાધાર મહિલાઓની તેમની સંભાળ અપ્રતિમ છે. વધુમા જણાવ્યુ કે મને એક નવજાત બાળકીનો એક હૃદયસ્પર્શી કિસ્સો યાદ આવે છે, જેને ત્યજી દેવાયેલી અને અપમાનિત કરવામાં આવી હતી. જેમને દીદી માએ બચાવી હતી, આજે તે બાળક તેમની પ્રેમાળ સંભાળ હેઠળ ખીલે છે.''

વીએચપીએ કહ્યું કે રામ મંદિર ચળવળમાં તેણીનું યોગદાન ઘણું હતું, તેમજ આધ્યાત્મિકતા, સંસ્કૃતિ, સભ્યતા અને રાષ્ટ્રીય મૂલ્યોમાં પણ તેમનું યોગદાન હતું. પ્રવક્તાએ વાત્સલ્ય ગ્રામ ખાતે ઋતંભરાના અનોખા અભિગમને પણ પ્રકાશિત કર્યો. ''તે એક નવી ફિલસૂફી છે જ્યાં ત્યજી દેવાયેલા બાળકોને પારિવારિક પ્રેમ અને સંભાળ આપવામાં આવે છે. આશ્રમની અંદરના ઘરો મૌસી (માસી) અને



નાની (દાદી) દ્વારા ચલાવવામાં આવે છે, જેમાંથી ઘણા પોતે અનાથ હતા,'' તેમણે કહ્યું.

જો કે, આ એવોર્ડથી સોશિયલ મીડિયા પર હિલચાલ જોવા મળી રહી છે. તેણીના સમર્થકોએ તેણીની માન્યતાને લાંબા સમયથી મુદતવીતી ગણાવી હતી, ત્યારે ટીકાકારોએ દલીલ કરી હતી કે તેણીના વિવાદાસ્પદ ભૂતકાળની અવગણના કરી શકાતી નથી. સાધ્વીના જ્વલંત ભાષણો અને રામજન્મભૂમિ ચળવળમાં સક્રિય ભાગીદારી વિવાદનો મુદ્દો છે.

લુધિયાણામાં જન્મેલી ઋતંભરાએ ૧૯૮૦ના દાયકામાં વીએચપી સ્પીકર તરીકે નામના મેળવી હતી. રામ મંદિર ચળવળ દરમિયાન તેણીના ઉશ્કેરણીજનક ભાષણો સમર્થન એકત્ર કરવા માટે નિમિત્ત બન્યા હતા, પરંતુ કોમી વિખવાદને ઉશ્કેરવાના આરોપો તરફ દોરી ગયા હતા. બાબરી મસ્જિદ ધ્વંસ પર લિબરહાન કમિશનના અહેવાલમાં તેણીનું નામ હતું પરંતુ ૨૦૨૦ માં તમામ આરોપોમાંથી નિર્દોષ છૂટી ગયા હતા.

'દેર આયે, દુરસ્ત આયે '

# અખિલેશ યાદવે મહાકુંભમાં ડૂબકી લગાવતા રાજકારણ ગરમાયું !

## ઉત્તર પ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન બ્રજેશ પાઠકે અખિલેશ યાદવની ટિપ્પણીની ટીકા કરી

**અબતક, રાજકોટ**

પ્રયાગરાજ ખાતે મહાકુંભનો પ્રારંભ થયા બાદથી આસ્થાના કેન્દ્ર ત્રિવેણી સંગમમાં સ્નાન કરવા લોકો ઉમટી પડયા છે. આ દરમિયાન અખિલેશ યાદવે ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કરવા પહોંચ્યા હતા. જેને લઈને ઉત્તર પ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન બ્રજેશ પાઠકે અખિલેશ યાદવની ટિપ્પણીની ટીકા કરી હતી. યાદવે વૃદ્ધ યાત્રાળુઓ માટે વધુ સારી વ્યવસ્થાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પાઠકે સહિયારી શ્રદ્ધા અને એકતા પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરીને, ઈવેન્ટના સંગઠનનો બચાવ કર્યો.

ઉત્તર પ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન બ્રજેશ પાઠકે પ્રયાગરાજ ખાતે મહા કુંભ દરમિયાન ત્રિવેણી સંગમમાં યાદવના પવિત્ર સ્નાન કર્યા બાદ સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ પર આકરા પ્રહારો કર્યા હતા અને ટિપ્પણી કરી હતી કે, ''ક્યારેય નહિ કરતાં મોડું સારું.'' તેમજ જણાવ્યુ હતું કે ''તેણે બિનજરૂરી ટિપ્પણીઓથી દૂર રહેવું જોઈએ. સનાતન દરેક માટે છે, અને અહીંની વ્યવસ્થા ઉત્તમ છે.અગાઉ, અખિલેશ યાદવે, પવિત્ર સ્થળ પર ૧૧ પવિત્ર ડૂબકી લીધા પછી, કુંભ મેળાના આધ્યાત્મિક સારને બચાવવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. પત્રકારોને સંબોધતા યાદવે કહ્યું, ''આ આસ્થાનું સ્થાન છે, વિભાજનકારી કે નકારાત્મક રાજકારણ નથી. મેં હરિદ્વારમાં ડૂબકી લગાવી તે દિવસ એક ઉત્સવ હતો, અને આજે મને અહીં તે જ અનુભવ કરવાનો લહાવો મળ્યો.''

જો કે, સમાજવાદી પાર્ટીના સુપ્રિમોએ વૃદ્ધ યાત્રાળુઓ માટે અપૂરતી વ્યવસ્થા માટે વહીવટીતંત્ર પર નિશાન સાધતા કહ્યું, ''આ પ્રસંગને રમતગમતની સ્પર્ધાની જેમ ન લેવો જોઈએ. વૃદ્ધ શ્રદ્ધાળુઓ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, અને બધા માટે એકીકૃત અનુભવ સુનિશ્ચિત કરવા માટે વધુ સારું સંચાલન જરૂરી છે.''બીજેપી નેતા પાઠકે યાદવની ટિપ્પણીને ફગાવી દીધી, તેમને ''બિનજરૂરી ટિપ્પણીઓ'' ટાળવા વિનંતી કરી. તેમણે સોમવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની પ્રયાગરાજની આગામી મુલાકાત વિશે પણ વાત કરી. ''અમે અમિત શાહ જીનું સ્વાગત કરવા માટે ઉત્સાહિત છીએ, જેમણે દેશના યુવાનોને પ્રેરણા આપી અને ઉત્તર પ્રદેશના લોકો માટે અપાર પ્રેમ દર્શાવ્યો. ૨૫ કરોડ લોકો વતી, હું તેમનો આભાર માનું છું,'' પાઠકે કહ્યું.૪૫ કરોડથી વધુ મુલાકાતીઓની અપેક્ષા સાથે, મહા કુંભ ૨૦૨૫ એક ઐતિહાસિક અવસર બનવા માટે તૈયાર છે.

# જૈનિક સિનરે જીત્યું ઓસ્ટ્રેલિયન ઓપનનું ટાઈટલઃ ફાઈનલમાં જ્વેરેવને હરાવ્યો

**અબતક, નવી દિલ્હી**

## છેલ્લા ૧૩ મહિનામાં વિશ્વના નંબર-૧ ખેલાડી સિનરનું ત્રીજું ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ

ઈટાલીના સ્ટાર ટેનિસ ખેલાડી જૈનિક સિનરે ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૨૫માં ધમાલ મચાવી દીધી છે. તેણે રવિવારે મેન્સ સિંગલ્સની ફાઈનલમાં જર્મનીના એલેક્ઝાન્ડ જ્વેરેવને સીધા સેટમાં ૬-૩, ૭-૬(૪), ૬-૩થી હરાવ્યો હતો. બંને સ્ટાર્સ વચ્ચેનો આ ફાઈનલ મુકાબલો ૨ કલાક અને ૪૨ મિનિટ સુધી ચાલ્યો હતો. છેલ્લા ૧૩ મહિનામાં આ વિશ્વના નંબર-૧ ખેલાડી સિનરનું ત્રીજું ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ છે. તે ગયા ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૨૪માં ચેમ્પિયન હતો. આ પછી તેણે યુએસ ઓપન ૨૦૨૪નું ટાઈટલ જીત્યું હતું. હવે સિનરે પોતાનો ઓસ્ટ્રેલિયન ઓપન ટાઈટલનો બચાવ કર્યો હતો. બીજી તરફ વિશ્વના નંબર-૨ એલેક્ઝાન્ડર જ્વેરેવ છે, જેમનું ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતવાનું સ્વપ્ન ફરી એકવાર ચકનાચૂર થઈ ગયું છે. તે ૨૦૧૫થી ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ રમી રહ્યો છે. આ સમયગાળા દરમિયાન તે ત્રણ વખત ફાઈનલ રમ્યો પરંતુ દર વખતે નિરાશાનો સામનો કરવો પડ્યો હતો. સિનરે અગાઉનું ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૨૪નું ટાઈટલ પણ જીત્યું હતું. આ તેની કારકિર્દીનો પહેલો ગ્રાન્ડ સ્લેમ હતો. ત્યારબાદ સિનરે ફાઈનલમાં રશિયાના ડેનિસ મેદવેદેવને ૩-૬, ૩-૬, ૬-૪, ૬-૪, ૬-૩ થી હરાવ્યો હતો.

# યુસીસી લાગું કરનાર ઉત્તરાખંડ દેશનું પ્રથમ રાજય બન્યું

## ઉત્તરાખંડ યુસીસી લગ્ન, છૂટાછેડા, વારસો, લિવ-ઈન રિલેશનશિપ અને અન્ય સંબંધિત બાબતોનું નિયમન કરશે

**અબતક, નવી દિલ્હી**

ઉત્તરાખંડમાં આજથી યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવામાં આવશે. આ સાથે રાજ્યમાં ઘણું બદલાઈ જશે. જેમાં લગ્નની નોંધણી કરાવવી ફરજિયાત છે. આ માટે ગ્રામસભા સ્તરે નોંધણીની સુવિધા હશે. તેમજ દરેક વ્યક્તિ માટે તેની જાતિ, ધર્મ અથવા સંપ્રદાયને ધ્યાનમાં લીધા વિના છૂટાછેડાનો સમાન કાયદો લાગુ થશે. ઉત્તરાખંડમાં યુસીસીનો અમલ એ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી દરમિયાન ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવેલા મુખ્ય વચનોમાંનુ એક હતું. માર્ચમાં ફરી સત્તા સંભાળ્યા બાદ મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીના નેતૃત્ત્વમાં કેબિનેટની પહેલી જ બેઠકમાં યુસીસી પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી અને તેનો ડ્રાફ્ટ તૈયાર કરવા માટે નિષ્ણાત સમિતિની રચનાને મંજૂરી આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં ૨૭ મે, ૨૦૨૨ના રોજ એક નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી હતી, જેણે લગભગ દોઢ વર્ષમાં વિવિધ વિભાગો સાથેની વાતચીતના આધારે ચાર ભાગમાં તૈયાર કરાયેલ તેનો વિગતવાર અહેવાલ ૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ રાજ્યને સરકાર સોંપવામાં આવ્યો હતો. યુસીસી બિલ ૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રાજ્ય વિધાનસભાના વિશેષ સત્રમાં પસાર કરવામાં આવ્યું હતુ અને એક મહિના પછી, ૧૨ માર્ચ, ૨૦૨૪ના રોજ, રાષ્ટ્રપતિએ પણ તેની સંમતિ આપી હતી. યુસીસી એક્ટના અમલ પછી, ભૂતપૂર્વ મુખ્ય સચિવ શત્રુઘ્ન સિંહની અધ્યક્ષતામાં રચાયેલી સમિતિએ તેના અમલીકરણ માટે નિયમો તૈયાર કર્યા હતા, જેને તાજેતરમાં રાજ્ય કેબિનેટ દ્વારા પણ મંજૂરી આપવામાં આવી હતી.આજે ઉત્તરાખંડ યુસીસી લાગુ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બનશે. આસામ સહિત દેશના ઘણા રાજ્યોએ ઉત્તરાખંડના યુસીસી એક્ટને મોડલ તરીકે અપનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ઉત્તરાખંડ યુસીસી લગ્ન, છૂટાછેડા, વારસો, લિવ-ઈન રિલેશનશિપ અને અન્ય સંબંધિત બાબતોનું નિયમન કરશે.

### યુસીસી લાગું થતા થશે આ ફેરફારો

૧. યુસીસી લાગુ થયા બાદ લગ્નની નોંધણી કરાવવી ફરજિયાત બની જશે. નોંધણીની સુવિધા દરેક ગ્રામસભા સ્તરે પણ ઉપલબ્ધ રહેશે.

૨. કોઈપણ વ્યક્તિ માટે તેની જાતિ, ધર્મ અથવા સંપ્રદાયને ધ્યાનમાં લીધા વિના છૂટાછેડાનો સમાન કાયદો હશે. હાલમાં દેશમાં દરેક ધર્મના લોકો આ બાબતોને તેમના અંગત કાયદા દ્વારા ઉકેલે છે. સિવાય રાજ્યમાં બહુપત્નીત્વ પર પ્રતિબંધ મુકવામાં આવશે. તેમજ છોકરીઓના લગ્નની ઉંમર જાતિ અને ધર્મને ધ્યાનમાં લીધા વિના સમાન રહેશે. એટલે કે છોકરીની લગ્નની ઉંમર ૧૮ વર્ષ હશે.

૩. યુસીસી લાગુ થયા બાદ તમામ ધર્મના બાળકોને દત્તક લેવાનો અધિકાર મળશે. જો કે, અન્ય ધર્મના બાળકને દત્તક લઈ શકાશે નહીં.

૪. યુસીસી લાગુ થયા બાદ ઉત્તરાખંડમાં હલાલા જેવી પ્રથા પણ બંધ થઈ જશે. વારસામાં છોકરીઓને છોકરાઓની જેમ સમાન હિસ્સો મળશે.

૫. ઉત્તરાખંડમાં યુસીસી લાગુ થયા બાદ કપલ્સ માટે લિવ-ઈન રિલેશનશિપની નોંધણી કરાવવી ફરજિયાત બની જશે. જો દંપતીની ઉંમર ૧૮ થી ૨૧ વર્ષની વચ્ચે હોય તો તેમણે રજીસ્ટ્રેશન દરમિયાન તેમના માતા-પિતાનો સંમતિ પત્ર પણ આપવો પડશે. તેમજ જો યુસીસી હેઠળ, લિવ-ઈન રિલેશનશિપ દરમિયાન બાળકનો જન્મ થાય છે તો જન્મેલા બાળકને પણ વિવાહિત યુગલના બાળક જેટલો જ અધિકાર મળશે.

૬. યુનિફોર્મ સિવિલ કોડના નિયમો અને કાયદામાંથી હાલ અનુસૂચિત જનજાતિને સંપૂર્ણપણે બાકાત રાખવામાં આવી છે.

૭. સિવાય ટ્રાન્સજેન્ડર અને પૂજા અને પરંપરાઓ જેવી ધાર્મિક બાબતો સાથે કોઈ છેડછાડ કરવામાં આવી નથી.

# જામનગરના આકાશમાં લહેરાયો એરફોર્સની સૂર્યકિરણ ટીમનો તિરંગો






## નવ વિમાનોએ અદ્ભુત રીતે આકાશમાં કર્યા દિલધડક કરતબો

**અબતક જામનગર**

જામનગરમાં સતત બીજા દિવસે ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ ટીમ દ્વારા અદ્ભુત અને અકલ્પનીય એર શો યોજવામાં આવ્યો હતો.

એકી સાથે ૯ વિમાનોએ જામનગરના આકાશમાં દિલધડક કરતબો કરી જામનગરવાસીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તાજેતરમાં, સૂર્યકિરણ ટીમના હોક એમકે ૧૩૨ એરક્રાફ્ટમાં રંગીન ધુમાડો ઉત્પન્ન કરવામાં સક્ષમ સ્મોક પોડ્સનું ઈન્ટીગ્રેશન કરવામાં આવ્યું છે. આ એડવાન્સમેન્ટ ભારતીય વાયુસેનાના બેઝ રિપેર ડેપો, નાસિક ખાતે વિકસાવવામાં આવી હતી અને ટીમને તેમના હવાઈ પ્રદર્શન દરમિયાન રાષ્ટ્રધ્વજના રંગો કેસરી, સફેદ અને લીલો આકાશમાં પ્રદર્શિત કરવાની મંજૂરી આપવામાં આવી છે.

આજે પ્રજાસત્તાક પર્વ નિમિતે આ ત્રણ રંગોનું આકાશમાં પ્રદર્શન જોઈ સૌકોઈના શ્વાસ થંભી ગયા હતા. ઉપરાંત સૂર્યકિરણ ટીમના ૯ હોક Mk૧૩૨ વિમાનો દ્વારા વિવિધ શ્રુંખલાઓ પ્રદર્શિત કરવામાં આવી હતી.

જેમાં વિવિધતામાં એકતાની થીમ, અંગ્રેજી આલ્ફાબેટ, ડીએનએની શૃંખલા વગેરે દ્વારા સૂર્યકિરણની ટીમે જામનગર વાસીઓને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. અને સૌ કોઈ માટે આજનો પ્રજાસત્તાક પર્વ યાદગાર બનાવ્યો હતો.

આ એર શો નિહાળવા માટે જિલ્લા કલેકટર બી.કે.પંડ્યા, નિવાસી અધિક કલેકટર બી.એન.ખેર, નાયબ મ્યુનિસિપલ કમિશ્નર ઝાલા, પ્રાંત અધિકારીઓ, એરફોર્સના અધિકારીઓ તેમજ હજારોની સંખ્યામાં જામનગરવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દિલ્હીમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહેવાનો અવિસ્મરણીય અવસર મળ્યો: પ્રવિણાબેન રંગાણી

## મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજી તથા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં રાષ્ટ્ર ભાવના સાથે ઉજવણી




**અબતક, રાજકોટ**

રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઈ રંગાણીએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીના શીર્ષ નેતૃત્વ દ્વારા મળેલા નિમંત્રણ થકી કર્તવ્યપથ દિલ્હી ખાતે મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજી તથા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં ૭૬માં પ્રજાસત્તાક પર્વ ની ઉજવણી માં સહભાગી થવાનો અવિસ્મરણીય અવસર પ્રાપ્ત થયો. આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાની મુલાકાત અને માર્ગદર્શનનો અવસર મળ્યો હતો.

૩૦૦ કલાકારો સાથે, આ પરેડમાં ૧૮ માર્ચિંગ ટુકડી, ૧૫ બેન્ડ અને ૩૧ ટેબ્લો સામેલ હતા.આ દરમિયાન કુલ ૫,૦૦૦ કલાકારો દ્વારા કર્તવ્ય પથ પર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા. પ્રજાસત્તાક દિવસ ૨૦૨૫ના અવસરે, પોલીસ, ફાયર, હોમગાર્ડ અને નાગરિક સુરક્ષા અને સુધારાત્મક સેવાઓના ૯૪૨ કર્મચારીઓને શૌર્ય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા,૯૫ સૈનિકોને શૌર્ય ચંદ્રક, ૧૦૧ ને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક, ૭૪૬ ને પ્રશંસનીય સેવા માટે ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા.

વડાપ્રધાનના વિકસિત અને આત્મનિર્ભર ભારતના સપનાઓ અને આકાંક્ષાઓને પૂરા કરવામાં કોઈપણ અવરોધ હવે આપણને રોકી નહીં શકે. આપણી તાકાત આપણી જીવંતતા છે, આપણી તાકાત આપણી એકતા છે, આપણી પ્રાણશકિત રાષ્ટ્ર પ્રથમ - સદૈવ પ્રથમની ભાવના છે.

આ સમય છે સહભાગી સપનાઓ જોવાનો, આ સમય છે સહભાગી સંકલ્પ લેવાનો, આ સમય છે સહભાગી પ્રયાસો કરવાનો.. અને આ જ સમય છે કે આપણે વિજયની દિશામાં આગળ ચાલી નીકળીએ.

## ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી.નડ્ડાના માર્ગદર્શનનો અવસર પ્રાપ્ત થયો: જિલ્લા પંચાયત પ્રમુખ

પ્રજાસત્તાક પર્વ નિમિતે

# આંકોલવાડી: તપોવન વિદ્યા સંકુલનું 'ભારત માતા કી જય'ના નારાથી ગુંજી ઉઠયું

## વિદ્યાર્થીઓએ ૨૨ જેટલી કૃત્તિઓ રજુ કરી મહેમાનોના મન મોહી લીધા

**અબતક, આંકોલવાડી**

આંકોલવાડી તપોવન વિદ્યા સંકુલમાં ૨૬ જાન્યુઆરીની રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન નિમિત્તે આપણા દેશના બંધારણ અમલ આવ્યા ના દિવસે આપણો દેશ પ્રજાસત્તાક દેશ બન્યો તે હેતુના માનમાં અને આઝાદી મેળવવામાં જે ક્રાંતિવીરોએ પોતાનું લોહીનું બલિદાન આપેલું તેને યાદ કરવા અને આ મહામૂલી આઝાદી અને આપણે પ્રજાસત્તાક થયા તે દિવસને આપણે ભૂલી ના શકીએ તપોવન વિદ્યા સંકુલ આકોલવાડી ખાતે આ



રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ભવ્યથી ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ ૨૨ જેટલી કૃતિઓ રાખવામાં આવેલ હતી તથા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલું હતું. વાલીઓ તથા આમંત્રિત તમામ મહેમાનોના મન મોહી લીધા હતા. આ રાષ્ટ્રીય પર્વના દિવસે ખરેખર બાળકોના દિલમાં દેશભાવના જગાવતો પર્વ બની રહ્યો હતો આ પર્વ નિમિત્તે ઉપસ્થિત મહાનુભાવો માં તપોવન વિદ્યા સંકુલના તમામ ટ્રસ્ટીગણ તથા ડોક્ટર હડિયા તથા ડોક્ટર વઘાસિયા તથા ડોક્ટર સાવલિયા તથા ડોક્ટર પટોડીયા તથા આકોલવાડી ગામના સરપંચ તાલુકા પંચાયતના સદસ્ય તેમજ આંકોલવડી ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહી આ બાળકોના પ્રોત્સાહિત કર્યા હતા.

આંકોલવાડી ગામના સરપંચ સેજલબેન વઘાસિયા તેમજ તાલુકા પંચાયતના સદસ્ય અલ્પાબેન વઘાસિયા ઉપસ્થિત રહ્યા હતા.

# ટંકારા: વધુ એક ગોડાઉન માલીક સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

ટંકારા પોલીસ ટીમ દ્વારા સતત પેટ્રોલિંગમાં રહી જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા અંતર્ગત કારખાનામાં કામ કરતા શ્રમિકોની નોંધ ન કરનાર, ગોડાઉનમાં સીસીટીવી કેમેરા ન લગાડનાર સામે કાર્યવાહીની કામગીરીમાં હોય તે દરમિયાન લજાઈ ગામે ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ભરડીયા રોડ ઉપર શ્રી સંકલ્પ ગોડાઉનની બાજુમાં આવેલ નામ વગરના ગોડાઉનમાં સીસીટીવી ન લગાડનાર ગોડાઉન માલીક આરોપી રમેશભાઈ દેવરાજભાઈ પરમાર ઉવ.૪૫ રહે.મોરબી ચામુંડા પણ તપોવન વિદ્યાલય પાછળ છાત્રાલય રોડવાળાને નોટીસ આપી તેની વિરુદ્ધ જાહેરનામાના ભંગ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રજાસત્તાક પર્વે

# ખેતી બેંક દ્વારા ખેડૂત પુત્ર પદ્મશ્રી ગેનાભાઈ પટેલનું કરાયું અભિવાદન

## ખેડુતો - યુવાનો પ્રત્યે ઉદારભાવ દાખવી અનન્ય સેવા આપવા બદલ બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ સેવાકાર્યને બિરદાવ્યું

**અબતક, રાજકોટ**

ખેતી બેંક દ્વારા તેની વડી કચેરી નહેરૂ બ્રીજ કોર્નર, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે ગણતંત્ર દિવસ નિમિત્તે બનાસકાંઠા જીલ્લાના લાખણી ગામના પદ્મશ્રી થી સન્માનિત એવા પ્રગતિશીલ અને સેવાભાવી ખેડુત પદ્મશ્રી ગેનાભાઈ પટેલના વરદ હસ્તે ધ્વજવંદનનો ભવ્ય કાર્યક્રમ રાખી એક ખેડુત પુત્રનુ અનોખુ સન્માન કરવામું આવ્યું.



પદ્મશ્રી ગેનાભાઈ પટેલને જન્મથી પોલીયોની અસર થઈ હોવાથી પગેથી વિકલાંગ હોવા છતાં ખેડુત પુત્ર હોવાથી તેમની ધગશ અને મહેનતથી બનસકાંઠા અને મહારાષ્ટ્રમાં દાડમની ખેતી કરવા માટે ખેડુતોને ખુબ સારૂ માર્ગદર્શન પુરૂ પાડીને ખેડુતોની આવકમાં વધારો કરવામાં મદદરૂપ થયા છે. તેઓની ખેડુતો પ્રત્યેની સેવાભાવી પ્રવૃત્તિને બિરદાવી રાજસ્થાન સરકારે હલધર શિરોમણી રાષ્ટ્રિય એવોર્ડ, મહારાષ્ટ્ર રાજ્ય સરકાર દ્વારા રાજ્યના યુવાનોને રોજગારી પુરી પાડવા બિલ અને રાષ્ટ્રિય કક્ષાએ આજ સુધીમાં ૯ થી વધુ એવોર્ડ મળી ચુક્યા છે. તેઓને સને ૨૦૧૭ માં ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. તેઓએ રાજ્યના ખેડુતોને ડ્રીપ ઈરીગેશનથી ખેતી કરવા ખુબ સારૂ માર્ગદર્શન આપી ખેડુતોને ઓછી મહેનતે વધુ ઉત્પાદન થાય તેની સમજણ આપી ખેડુતોને તેમની આવકમાં વધારો કરી આપેલ છે. તેમની આ પ્રકારની સેવાભાવી પ્રવૃત્તિને બિરદાવી ભારત બહાર ઈઝરાયેલમાં પણ સન્માનિત કરવામા આવેલ છે અને બબ્રદટશ પાલાનમેન્ટમું પણ ભારત ગૌરવ થી સન્માનનત કરવામું આવેલ છે.બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ આજના શુભ અવસરે ખેતી બેંકમાં પધારવા અને ધ્વજવંદન કરી ૭૬ મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સહભાગી બનવા બદલ પદ્મશ્રી ગેનાભાઈ પટેલનો આભાર વ્યક્ત કરેલ. ચેરમેનએ બેંકમાં બેંકના સભાસદો, પ્રતિનિધિઓ અને સવે કર્મચારીઓને ગણતંત્ર દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે બેંકના પુર્વ મેનેજીંગ ડીરેકટરઓ, બેંકના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપસ્થિત રહી ગણતંત્ર દિવસની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાઈ રાષ્ટ્રિય પર્વની ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરવામાં આવેલ.

# તાપીના જિલ્લામાં પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની ઉજવણી: રાજયપાલે આપી રાષ્ટ્રધ્વજને સલામી

**અબતક, રાજકોટ**

તાપી જિલ્લામાં ૭૬મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વાલોડ તાલુકાના બાજીપુરા પરેડ ગ્રાઉન્ડ ખાતે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ધ્વજવંદન કરીને રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી હતી. આ ખાસ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહીને ધ્વજવંદન સમારોહની ભવ્યતામાં વધારો કર્યો હતો.





આ વેળાએ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ માર્ચ પાસ્ટ નિરીક્ષણ કર્યું હતું. પરેડ નિરીક્ષણમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ જોડાયા હતા. વાયુદળે હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરીને તિરંગાની આન, બાન, શાનને ઉજાગર કર્યું હતું. પરેડ માર્ચ પાસ્ટના માધ્યમથી શૌર્ય અને સમર્પણને ઉજાગર કરતાં પોલીસ જવાનોની વિવિધ ૨૩ ટુકડીમાં કુલ ૭૮૦ જવાનોએ રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી હતી.

પોલીસ બેન્ડની મધુર સુરાવલિ સાથે પોલીસના જવાનોની શિસ્તબદ્ધ પરેડ અને માર્ચ-પાસ્ટ યોજાઈ હતી. ચેતક કમાન્ડો, મરીન કમાન્ડો, એસઆરપીના જવાનો, પોલીસના વિવિધ સંલગ્ન મહિલા-પુરૂષ પ્લાટૂન, એસપીસી, એનસીસી, એનએનએસના કેડેટ્સની આ પરેડને ઉપસ્થિત સૌએ મજા માણી હતી.

આ ઉપરાંત ચેતક કમાન્ડોના બુલેટ પ્રૂફ વાહનોનું નિદર્શન (ટેબ્લો), દિલધડક મોટર સાઈકલ સ્ટંટ શો તેમજ રાજ્યના ગૌરવવંતા ગુજરાત શ્વાનદળ, ગુજરાત અશ્વદળના સુંદર કરતબોની પ્રસ્તુતિ દ્વારા સૌ કોઈ રોમાંચિત થયા હતા. વધુમાં પોલીસ વિભાગ દ્વારા રાજ્યોના વિવિધ પરંપરાગત નૃત્યની પ્રસ્તુતિ સાથે વીરરસથી ભરપૂર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો હતો.

દેશભક્તિના રંગમાં રંગાયેલી તાપી જિલ્લાની પાવન ભૂમિ પર ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળીને લોકો મંત્રમુગ્ધ થયા હતા. કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલા દેશભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગુજરાતની આગવી ઓળખ એવા રાસ ગરબાની તાલબદ્ધ સામૂહિક નૃત્યએ અનેરી જમાવટ કરી હતી. બ્રાસ બેન્ડ ડિસ્પ્લે દ્વારા ગુજરાત પોલીસના જવાનોએ સુર, તાલ અને ચાલનું સુંદર પ્રદર્શન કર્યું હતું. જવાનોએ માં તુઝે સલામ, દિલ દિયા હૈ જાન ભી દેંગે, મેરી મીટ્ટી જેવા દેશભક્તિ અને સાંસ્કૃતિક ગીતોને સંગીતની સુમધુર સુરાવલી સાથે પ્રસ્તુતી કરી હતી. જેને સૌ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

ગુજરાત પોલીસના ૨૨૫ જેટલા કલાકાર કર્મીઓ દ્વારા સપ્તરંગી ગુજરાત થીમ પર હાલાર રાસ, સાંસ્કૃતિક ગરબો સહિત સ્થાનિક સંસ્કૃતિ પર આધારિત સુંદર કૃતિઓની પ્રસ્તુતિ કરી હતી. ગુજરાત પોલીસે મોટરસાયકલ સ્ટંટ શો દ્વારા સાહસ, શૌર્ય અને ધૈર્યનો શ્રેષ્ઠ પરિચય આપ્યો હતો. મેદાનની બંને દિશાઓથી આંખના પલકારાથી એકબીજાને ક્રોસ કરતાં ગુજરાત પોલીસનાં બાઈક રાઈડર્સનો દિલધડક શોને પ્રેક્ષાગૃહના પ્રેક્ષકોએ ઉત્સાહથી માણ્યો હતો. પોલીસની મહિલા-પુરુષની ટુકડીએ અવનવા કરતબો દ્વારા સૌને અચંબિત કર્યા હતા.

આ રાષ્ટ્રીય પર્વમાં ટેન્ટ પેગિંગ, માર્ગમાં આવતા અવરોધોને પાર કરીને અશ્વદળે પોતાની ચપળતા, કાબેલિયત અને સમયસૂચકતાનું નિદર્શ કર્યું હતું. અશ્વસવારોએ પોતાના નિદર્શન પ્રસ્તુત કરીને ભારતીય ધ્વજને સલામી અર્પણ કરી હતી. ડોગ શો પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રાજસ્થાન પોલીસ પ્લાટૂનને ગેસ્ટ ટ્રોફી એનાયત કરાઈ હતી. તેમજ ઉત્કૃષ્ટ પ્લાટૂનમાં પ્રથમ ક્રમે ચેતક કમાન્ડો પ્લાટૂન, દ્વિતિય ક્રમે સુરત શહેર મહિલા પોલીસ પ્લાટૂન અને તૃતિય ક્રમે તાપી જિલ્લા એન.સી.સી. પ્લાટૂનને ટ્રોફી એનાયત કરાઈ હતી. સાથોસાથ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ પ્રસ્તુતી કરનારી ટુકડીઓને પણ મેડલ આપી સન્માનિત કર્યા હતા. પરેડ પ્લાટુનની સાથે પ્રસ્તુત થયેલી સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકારોને મહાનુભાવોના હસ્તે વિતરણ કરાયું હતું.

કાર્યક્રમના અંતિમ ચરણોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખુલ્લી જીપમાં સવાર થઈને નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિ : ધ્વજ વંદન સમારોહની ભવ્યતા અને ઉત્સાહમાં ઉમેરો, સાંસ્કૃતિક કાર્યક્રમો, માર્ચ પાસ્ટ, ડોગ-અશ્વ શો સહિત જવાનોના અવનવા કરતબોએ પ્રેક્ષકોને અચંબિત કર્યા, ગુજરાત પોલીસના ૨૨૫ કલાકાર કર્મીઓએ પ્રસ્તુત કર્યું હાલાર રાસ સહિતની અનેક કૃતિઓ

# સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભવ્યતા નિહાળી અભિનેતા આમિરખાન થયા અભિભૂત

## વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા જોઇ આમિરખાનના રૂંવાટા ઉભા થઇ ગયા, મોર્ડન સ્થળ બનાવવા બદલ વડાપ્રધાનનો આભાર માન્યો





**અબતક, રાજકોટ**

એકતાનગર સ્થિત સરદાર સાહેબની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાના સાંનિધ્યમાં ઉજવાયેલા ૭૬માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં બોલિવૂડના જાણીતા અભિનેતા આમિર ખાન સહભાગી બન્યા હતા. તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીના સમગ્ર પરિસરની મુલાકાત લઈ સરદાર સાહેબને ભાવવંદના કરી હતી.

ખાદીના ફેશનેબલ વસ્ત્રો ધારણ કરી આવેલા આમિર ખાને સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં ચેરમેન મુકેશ પૂરીના હસ્તે થયેલા ધ્વજવંદનમાં સહભાગી બની રાષ્ટ્રધ્વજને સન્માનપૂર્વક સલામી આપી હતી. ઉજવણીમાં ભાગ લઈ રહેલા સીઆઈએસએફની પ્લાટૂન સાથે તેમણે તસવીરો પણ ખેંચાવી હતી. તેઓ તેમના ચાહકોને પણ મળ્યા હતા.

બાદમાં તેઓ પ્રદર્શન ગેલેરી નિહાળવા માટે પહોંચ્યા હતા. જ્યાં તેમણે ભારતના એકીકરણ અને તેમાં પડેલી મુશ્કેલીઓને સરદાર સાહેબે કુનેહપૂર્વક તેને કેવી રીતે પાર પાડી હતી, તે સહિતની બાબત જાણી હતી. આ ઉપરાંત વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનું કેવી રીતે નિર્માણ થયું ? એની માહિતી ખાનને આપવામાં આવી હતી. અહીં તેમણે એકતા સંકલ્પ પણ લીધો હતો. તેમણે વ્યુઈંગ ગેલેરીમાંથી સરદાર સરોવર ડેમને પણ નિહાળ્યો હતો. આ તકે એસઓયુ પરિસરના અધિકારીઓ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

આમિર ખાને પરિસર સ્થળમાં બેસી સરદાર સાહેબના જીવની ઉપરના પુસ્તકનું વાંચન કર્યું હતું. તેમણે પિન્ક રિક્ષામાં બેસી વિશ્વ વનની મુલાકાત લીધી હતી અને અહીં તેમણે કેસુડાનો છોડ રોપ્યો હતો.

વિશ્વ વન પરિસરમાં તેમને ખાટી ભિંડીનું સરબત, બાજરી અને મકાઈના થેપલા, મકાઈના મુઠિયા અને ચૂરમાના લાડુનું ભોજન પીરસવામાં આવ્યું હતું.

માધ્યમો સાથેની વાચચીતમાં આમિર ખાને પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું કે, ભારતમાં પ્રાચીન સ્થળો તો અનેક છે, પણ આવું મોર્ડન સ્થળ પ્રથમ વખત જોયું છે. રાષ્ટ્રીય પર્વના દિવસે જ અહીં આવી શક્યો એ માટે મારી જાતને ભાગ્યશાળી માનું છું અને સરદાર સાહેબને વંદન કરૂ છું.

આવી વિશાળ પ્રતિમાને સાકાર કરવા બદલ હું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર માનું છું. આ પ્રતિમાને પહેલી વખત જોઈ ત્યારે રોમાંચિત થઈ ગયો હતો અને મારા રૂંવાટા ઉભા થઈ ગયા હતા. દેશના દરેક વ્યક્તિએ આ સ્થળની મુલાકાત અવશ્ય લેવી જોઈએ. મારા દાદા મૌલાના આઝાદ પણ એક સ્વાતંત્ર્ય સેનાની હતા. આઝાદી માટે દેશના નાગરિકોએ કેવા સંઘર્ષો કર્યા, તેનો ખ્યાલ આ પરિસરની મુલાકાતથી આવી શકે છે. હું મારા બાળકોને લઈ ફરી અહીં આવીશ. અહીંની મુલાકાતથી સરદાર સાહેબ વિશે જાણવા, વાંચવા મળશે અને તેનાથી પ્રેરણા, નવી દિશા મળે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, અહીંનું વાતાવરણ અદ્‌ભૂત છે. હું આ વિસ્તારમાં ઘણી વખત આવી ચૂક્યો છું. આટલા દાયકામાં ઘણા પરિવર્તન આવ્યા છે. વડોદરા પણ બહું વિશાળ થઈ ગયું છે. મોર્ડર્ન શહેર બની ગયા છે. ગુજરાત હિસ્ટોરિકલ પ્રાંત છે. સાથે, અહીં કુદરતી સૌંદર્ય પણ ભરપૂર છે. ફિલ્મોદ્યોગનું કામ અહીં થતું રહ્યું છે અને હજુ પણ ફિલ્મ શૂટ થઈ રહી છે. ગુજરાત અદ્‌ભૂત રાજ્ય છે, ફિલ્મોદ્યોગ માટે અહીં વિશાળ તકો રહેલી છે.





# નર્મદાના નીરથી સૌરાષ્ટ્રની ધરતી હરિયાળી બની છેઃ રાઘવજી પટેલ

## પ્રજાસત્તાક પર્વની રાજકોટ જિલ્લા કક્ષાની ઉજવણી કોટડા સાંગાણી ખાતે સંપન્ન

**અબતક, રાજકોટ**

પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી કોટડા સાંગાણીની ઠાકોરશ્રી મૂળવાજી વિનયન કોલેજ ખાતે કરવામા આવી હતી.આ પ્રસંગે

કૃષિ મંત્રી તેમજ રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરાયુ હતુ. કલેકટર પ્રભવ જોષી, પ્રોબેશનરી આઈ.પી.એસ. નવીન ચક્રવર્તી તથા એસ.પી. હિમકરસિંહ સાથે પરેડનું નિરીક્ષણ કર્યું હતું.

મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોઈપણ દેશને ચલાવવા માટે તે દેશનું બંધારણ હોય છે. ભારત વિશ્વનો સૌથી મોટો લોકતંત્ર દેશ છે, આ વિશાળ દેશની વિવિધતા એ આપણી એકતા છે. આઝાદી બાદ દેશને ચલાવવા માટે બંધારણ ઘડવૈયાઓએ બંધારણનું નિર્માણ કર્યું હતું. શિક્ષણ, આરોગ્ય, કૃષિ અને પશુપાલન સહિત તમામ ક્ષેત્રમાં ગુજરાત અગ્રણી રાજ્ય બનીને ઉભરી રહ્યું છે.

જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ગુજરાતે ખૂબ પ્રગતિ કરી છે. સુજલામ્ સુફલામ્ યોજના અને મનરેગા યોજનાના સમન્વયથી જળ વ્યવસ્થાપન સાથે રોજગારી આપવામા આવી છે. નર્મદા યોજના, સૌની યોજના સહિત જળ યોજનાથી સૌરાષ્ટ્રની ધરતીને હરિયાળી બનાવાઈ છે.

ગુજરાત ઈકો ફ્રેન્ડલી સ્ટેટ છે. ઉદ્યોગોની સાથે સાથે પર્યાવરણનું સંતુલન જળવાઈ રહે તેનું ધ્યાન ગુજરાત રાજ્યએ હંમેશા રાખ્યું છે.



એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત ગુજરાત રાજ્યમાં ૧૩ કરોડ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા છે. ખેડૂતો, શ્રમિકો, નાના વેપારીઓ સહિત તમામ વર્ગનો વિકાસ કરવા રાજ્ય સરકાર કટિબધ્ધ બની અનેક જન કલ્યાણકારી યોજનાઓ ચલાવે છે. નાગરિક સલામતી માટેસાયબર અપરાધીઓ સામેની ગુજરાત પોલીસની ઝુંબેશ.સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ દ્વારા ઓનલાઈન સાયબર ફ્રોડ કાર્યવાહી હાથ ધરી છેતરપીંડી થયેલા નાણા પૈકી રૂ. ૨૮૫ કરોડથી વધુની રકમ ફ્રિઝ કરવામાં આવી છે. જેમાંથી રૂ. ૧૦૮ કરોડથી વધુ રકમ રીફંડ કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ માટે શ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાત પોલીસને એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે.

પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં વિવિધ કચેરીઓ દ્વારા યોજાયેલ ટેબ્લો પ્રદર્શન આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. જેમા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ગ્રામીણ આજીવિકાની ઝાંખી અને મોડેલ ગામ, સમાજ સુરક્ષા કચેરી દ્વારા દિવ્યાંગ કલ્યાણકારી યોજના સહિત યોજનાનો ટેબ્લો, પ્રાદેશિક વાહવ્યવહાર કચેરી દ્વારા રોડ સેફટી અને ટ્રાફિક અવેરનેસ, બાગાયત, આત્મા તેમજ જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી દ્વારા કૃષિ ક્ષેત્રે યાંત્રિકીકરણ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી દ્વારા આયુષ્યમાન આરોગ્ય મંદિરની સેવાઓ, ડખઉંઅઢ યોજના, ૧૦૦ ડેસીબી કેમ્પેન, નમોશ્રી યોજના, મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી દ્વારા ૧૮૧ અભયમ હેલ્પલાઈન વાન, પશુપાલન વિભાગ દ્વારા પશુધન વીમા યોજનાના ટેબ્લો, આઈ.સી.ડી.એસ. દ્વારા પોષણ અભિયાનના યોજનાના ટેબ્લો, સહકાર વિભાગ આર.ડી.સી. બેંક તથા રાજકોટ ડેરી દ્વારા બેંકના બેનરો, દૂધનો સંઘના ટેબ્લો, ફોરેસ્ટ વિભાગ તથા સામાજીક વનીકરણ વિભાગ દ્વારા વન તથા વન્ય પ્રાણીનો ટેબ્લો, રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ક્વિક રિસ્પોન્સ ટીમ ટેબ્લો, પી.જી.વી. સી.એલ. દ્વારા રીન્યુએબલ એનર્જી તથા પીએમ સોલાર વગેરે થીમ આધારિત ૧૨ ટેબ્લો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રભક્તિ ગીતો પર સાંસ્કૃતિક કૃતિઓ, સેલ્ફ ડિફેન્સની કૃતિ રજુ કરાઈ હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જુદાં જુદા ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનારા આશરે ૭૦થી વધુ નાગરિકો, અધિકારીઓ, કર્મચારીઓને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# રાજધાની દિલ્હીમાં કર્તવ્ય પથ પર ગુજરાતના ટેબ્લોએ આકર્ષણ જમાવ્યું

## 'ગુજરાતઃ આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસના અદ્ભુત સંગમ' વિષય આધારિત ઝાંખી અને 'મણિયારા રાસ'ના તાલે ઝુમતા કલાકારો સૌને રોમાંચિત કર્યા

**અબતક,રાજકોટ**

સ્વર્ણિમ ભારત : વિરાસત અને વિકાસની થીમ આધારિત ગુજરાત દ્વારા ગણતંત્ર દિને નવી દિલ્લીના કર્તવ્ય પથ પર રજૂ કરવામાં આવેલા ટેબ્લો : 'ગુજરાત : આનર્તપુર થી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસના અદ્ભુત સંગમ' એ અત્રે ઉપસ્થિત સૌ કોઈના મન મોહી લીધા હતા. આ ટેબ્લો સાથે 'મણિયારા રાસ'ના તાલે ઝુમતા કલાકારોએ પણ સૌને રોમાંચિત કર્યા હતા.

શાનસમું ૧૮૨ મીટરની ઊંચાઈ ધરાવતી સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને દર્શાવવામાં આવી હતી. આ બંને વિરાસતોની વચ્ચે ગુજરાતમાં સંરક્ષણ-ટેકનોલોજી-ઓટોમોબાઈલ અને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે 'આત્મનિર્ભર ભારત'ના ગુજરાતના વિવિધ પ્રકલ્પોને દર્શાવવામાં આવ્યા હતા.

ગુજરાતની ઝાંખીના અગ્રભાગમાં 'યુનેસ્કો'ની હેરિટેજ સાઈટમાં સામેલ આનર્તપુર,



### સૈન્ય-શસ્ત્ર સરંજામ, હવાઈદળના કરતબો અને વિવિધ રેજિમેન્ટની કૂચકદમથી વાતાવરણ જોશીલું બન્યું

દેશની રાજધાની નવી દિલ્હીમાં ખુશનુમા વાતાવરણમાં શરુ થયેલી આજની ગણતંત્ર દિવસની પરેડનો વિધિવત પ્રારંભ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી, વરિષ્ઠ પદાધિકારીઓ અને ભારતીય સેનાના શીર્ષસ્થ અધિકારીઓ દ્વારા 'રાષ્ટ્રીય યુધ્ધ સ્મારક' પર શહીદોને શ્રધ્ધાસુમન પાઠવવાની સાથે થયો હતો. સલામી મંચ ખાતે રાષ્ટ્રપતિ શ્રીમતિ દ્રૌપદી મુર્મુ દ્વારા તિરંગાને સલામી આપ્યા બાદ 'કર્તવ્ય પથ' પરથી ગણતંત્ર દિવસની પરેડનો પ્રારંભ થયો હતો. આ પરેડમાં ટી-૯૦ ટેન્કો, આકાશ વેપન સિસ્ટમ સહિતની અન્ય મહત્વની સૈન્ય સામગ્રીને દર્શાવામાં આવી હતી. આ પરેડમાં મેક ઈન્ફેન્ટ્રી રેજિમેન્ટ, પંજાબ-જાટ-રાજપૂત-ગઢવાલ-શીખ-બિહાર-મહાર સહિતની રેજિમેન્ટના જવાનોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત એનસીસી કેડેટ અને એનએસએસના યુવાઓએ પણ પરેડમાં હિસ્સો લીધો હતો.

મિગ-૨૯, સી-૨૯૫, સી-૧૩૦, જગુઆર, રાફેલ, સુખોઈ-૩૦ જેવા વાયુદળના લડાકુ વિમાનોએ ધ્વજ-બાઝ-પ્રચંડ-ટેંગીલ-રક્ષક-અર્જુન-નેત્ર-ભીમ-અમૃત-વજ્રાન્ગ-ત્રિશુલ અને વિજય જેવી રચનાઓ આકાશમાં રચીને અત્રે ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા.

### ગુજરાત ટેબ્લોના કલાકારોએ 'પીએમ એટ હોમ' કાર્યક્રમ અંતર્ગત લીધી વડાપ્રધાન નિવાસસ્થાનની મુલાકાત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'પીએમ એટ હોમ' કાર્યક્રમ અંતર્ગત તા.૨૪ જાન્યુઆરીએના રોજ ગુજરાતના ટેબ્લો કલાકારો સહીત એનસીસી કેડેટ્સ, એનએસએસ સ્વયંસેવકો, આદિજાતિ મહેમાનો સાથે મુલાકાત કરીને તેમની સાથે વાતચીત કરી હતી. તા.૨૪ જાન્યુઆરી,ના રોજ વહેલી સવારે લોક કલ્યાણ માર્ગ પર તેમના નિવાસસ્થાને પ્રજાસત્તાક દિવસની પરેડના ભાગરૂપે વડાપ્રધાનશ્રી મોદી ગુજરાતના ટેબ્લો કલાકારો અને અધિકારોની મુલાકાત લેવાની સાથે અન્ય રાજ્યોના કલાકારો સાથે મુલાકાત કરી તેમની સાથે સંવાદ સાધ્યો હતો. આ સંવાદ બાદ ભારતની સમૃધ્ધ સંસ્કૃતિ અને વિવિધતાને પ્રદર્શિત કરતા જીવંત સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

રાજ્યની ઝાંખીમાં પ્રારંભે સોલંકીકાળનું વડનગર સ્થિત ૧૨-મી સદીનું રાજ્યના સાંસ્કૃતિક પ્રવેશદ્વાર સમું 'કિર્તી તોરણ' તો છેડે ૨૧-મી સદીની હાલના વડનગર સ્થિત ૧૨-મી સદીનું સોલંકીકાળનું 'કીર્તિ તોરણ' અને નીચના ભાગે કચ્છી માટી-આભલાની કલાકૃતિ દર્શાવવામાં આવી હતી.

જયારે ઝાંખીના મધ્ય ભાગમાં સંરક્ષણ-ટેકનોલોજી ક્ષેત્રે 'આત્મ નિર્ભર ભારત'ના પ્રકલ્પો પૈકી વડોદરામાં 'તાતા એડવાન્સડ સિસ્ટમ લિમિટેડ'ના મારફતે તૈયાર થનારા ભારતીય વાયુદળના સી-૨૯૫ એરક્રાફ્ટના યુનિટ અને તેની નીચે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટના બે છેડાના જોડતો તકનીકી અદ્વિતીયતાના નમૂનારૂપ 'અટલ બ્રિજ', સેમીકંડકટરના ઉત્પાદનમાં ગુજરાતમાં થનારા જંગી રોકાણ સ્વરૂપે સેમી કંડકટર ચીપ અને તેની સાથે જોડાયેલા વિવિધ ઉપકરણો અને તેની નીચે ઓટોમોબાઈલ-મેન્યુફેક્ચરીંગ હબ તરીકે પ્રસ્થાપિત થઈ રહેલો ગુજરાતનો ઓટો-મશીન ઉદ્યોગ દર્શાવવામાં આવ્યા હતા.

આ વર્ષે પ્રજાસત્તાક દિનની પરેડમાં ૧૫ રાજયો અને કેન્દ્રસાશિત પ્રદેશો તથા કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોની ૧૬ ઝાંખીઓ મળીને કુલ ૩૧ ટેબ્લો રજુ થયા હતા.

ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રસ્તુત આ ઝાંખીના નિર્માણમાં માહિતી અને પ્રસારણ સચિવ શ્રીમતિ અવંતિકા સિંઘ ઔલખ, માહિતી નિયામક શ્રી કિશોર બચાણી, અધિક નિયામક શ્રી અરવિંદ પટેલના માર્ગદર્શનમાં સંયુક્ત માહિતી નિયામક ડો.સંજય કચોટ અને નાયબ માહિતી નિયામક શ્રી જીગર ખુંટનું યોગદાન રહ્યું હતું.

### ગુજરાતની જીતની હેટ્રિક હાથવેંત છેટી ! રાજ્યના ટેબ્લોને વિજેતા બનાવવા ભરપૂર વોટિંગ કરવા અપીલ

પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ નવી દિલ્હીના ''કર્તવ્ય પથ'' ઉપર ભવ્ય અને રંગારંગ પરેડનું આયોજન થયું છે. જેમાં દેશની સૈન્ય અને સાંસ્કૃતિક ઝાંખીના પ્રદર્શનની સાથે રાજ્યોના ટેબ્લો પણ કરવામાં આવ્યા છે. છેલ્લા બે વર્ષથી ગુજરાતનો ટેબ્લો 'પબ્લિક ચોઈસ એવોર્ડ'માં સતત પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રહ્યો છે.

ગુજરાતનો ટેબ્લો સતત ત્રીજા વર્ષે પણ પબ્લિક ચોઈસ એવોર્ડ મેળવી હેટ્રિક નોંધાવે તે માટે તમારું વોટિંગ અત્યંત ઉપયોગી સાબિત થશે.

સ્વર્ણિમ ભારત : વિરાસત અને વિકાસની થીમ આધારિત ગુજરાત દ્વારા 'ગુજરાત : આનર્તપુર થી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદ્ભુત સંગમ' વિષયનો ટેબ્લો રજુ કરવામાં આવ્યો છે. MyGov.in વેબસાઈટ પર ""VOTE for your favourite Tableaux Contingnet at Republic Day 2025 અથવા Poll for the best Tableaux Marching Contingent 2025"" અંતર્ગત વોટિંગ લિંક તા.૨૬ જાન્યુઆરીના રોજ સવારથી જ લાઈવ કરવામાં આવશે. આ લિન્કમાં ગુજરાત ના ટેબ્લો સામે આપેલા વિષય ઉપર ટીક કરીને આપનો વોટ નોંધાવો અને ગુજરાતના ટેબ્લોને વિજયી બનાવો.

# જામજોધપુરઃ શેઠવડાળા ગામે રામમંદિરનો પાટોત્સવ ધામેધૂમે ઉજવાયો



**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુર તાલુકાના શેઠવડાળા ગામે રામ મંદિરનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ કાર્યક્રમ ભવ્ય ધામધુમથી ઉજવાઈ ગયો જેમાં આતશબાજી અન્નકોટ મહિલા સત્સંગ્ર સભા તેમજ સત્ય નારાયણ ની કથા જેવા વિવિધ કાર્યકમ યોજાયા હતા

સત્ય નારાયણ ની કથામાં જયદિપભાઈ જોષી પરિવાર આરતી પુજામાં યજમાન પદે રહેલ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ધર્મ પ્રેમી ભાઈ બહેનો ઉપસ્થિત રહેલ રહયા હતા.

# ઉનાઃ શાહ એચ.ડી.હાઈસ્કુલમાં યોજાયો રાષ્ટ્રીય મતદાતા દિવસ-વિદ્યાર્થીઓને લોકતંત્રનું સમજાવાયું મહત્વ

**અબતક, ઉના**

ઊના ખાતે તાલુકા કક્ષાના રાષ્ટ્રીય મતદાતા દિવસનું ૨૫મી જાન્યુ.એ. જીલ્લા નોડેલ અધિકારીના અદયક્ષ સ્થાને આયોજન કરાયેલ. જેમાં કાર્યક્રમના અધ્યક્ષસ્થાને જિલ્લા નોડેલ અધિકારી અને જીલ્લા શિક્ષણાધિકારી એમ. પી. બોરીચા અને નાયબ મામલતદાર



હિતેશભાઈ બાંભણીયા તથા શાહ એચ. ડી. હાઈસ્કૂલના આચાર્ય ડો.કે.જે. ગોસ્વામીની ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારી કચેરીવતી વાળાભાઈ, મોરીભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રેલી ઉપરાંત શિક્ષણાધિકારી બોરીચાભાઈ દ્વારા મતદાનથી વિશેષ કાઈ નથી, હું અવશ્ય મતદાન કરીશ. બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ.

આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ સેકટર ઓફિસર ત્રીપાઠી અને ડાભીને અને શ્રેષ્ઠ બી. એલ. ઓ. સોસા અને અલ્પેશભાઈને પ્રમાણપત્ર-એવોર્ડ એનાયત કરવામાં આપ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રાર્થના વી.જે.મહાકાળ -કાર્યક્રમનું સંચાલન દામોદરાભાઈ દ્વારા વ્યવસ્થાપન બી. જી. બાંભણિયા ડી. એચ. સોલંકી જે. જે. વિરાણી જે. એસ. રાઠોડ તેમજ અન્ય સ્ટાફ દ્વારા કરવામાં આવેલ હતું.

સ્ટેટ મોનીટરીંગ સેલનો સૌરાષ્ટ્રમાં પડાવ

# મોરબીના શનાળા ગામેથી દારૂનું આખેઆખું ગોડાઉન ઝડપી લેતી એસએમસી

## રૂ. ૭૬.૩૯ લાખની કિંમતની શરાબની ૧૭,૫૧૪ બોટલ સહિત કુલ રૂ. ૧.૧૧ કરોડનો મુદ્દામાલ કબ્જે

### ચાર રાજસ્થાની શખ્સોની ધરપકડ બુટલેગર સહિત સાતની શોધખોળ



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે સૌરાષ્ટ્રમાં પડાવ નાખ્યો હોય તેમ સૌરાષ્ટ્રમાં એક બાદ એક દરોડો પાડવામાં આવી રહ્યો છે. ગત સપ્તાહના અંતમાં એસએમસીએ મોરબીના ટંકારાથી ૧૧.૮૧ લાખની કિંમતની ૨૧૪૭ બોટલ, આટકોટથી ૬૧.૪૬ લાખની કિંમતનો ૯૩૪૮ બોટલ, અને રાજકોટથી ૧૦૪ બોટલ દારૂ ઝડપી પાડ્યો હતો. જયારે બોટાદના રાણપુરમાંથી જુગારધામ ઝડપી લેવામાં આવ્યુ હતું. જે બાદ વધુ એકવાર સ્ટેટ મોનીટરીંગ સેલએ મોરબીમાં દરોડો પાડ્યો છે. મોરબીના શનાળા ગામેથી દારૂનું આખેઆખું ગોડાઉન ઝડપી લેવામાં આવ્યું છે. એસએમસીએ રૂ. ૭૬.૩૯ લાખની કિંમતની શરાબની ૧૭,૫૧૪ બોટલ સહીત કુલ રૂ. ૧.૧૧ કરોડના મુદ્દામાલ સાથે કુલ ચાર રાજસ્થાની શખ્સોંની ધરપકડ કરી છે. જયારે બુટલેગર સહીત કુલ સાત શખ્સોંની શોધખોળ શરૂ કરવામાં આવી છે

મોરબીમાં ફરી સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા સ્થાનિક પોલીસના નાક નીચેથી બાતમીને આધારે શકત શનાળા ગામની હદમાં રાજપર રોડ ખાતે એક ગોડાઉનમાં રેઈડ કરવામાં આવી હતી. જયાં ગોડાઉનમાં ટ્રક ટ્રેઈલરમાં ખીચો ખીચ વિદેશી દારૂ ભરેલ હોય જે ઉતારવાની કામગીરી દરમિયાન સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ત્રાટકીને વિદેશી દારૂની ૧૭૫૧૪ બોટલ ઝડપી લેવામાં આવી છે. રેઈડ દરમિયાન ચાર રાજસ્થાની ઈસમોની ધરપકડ કરાઈ છે.

જાણવા મળતી વિગતો અનુસાર, સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ દ્વારા વધુ એકવાર મોરબીમાં વિદેશી દારૂ અંગે દરોડા પાડવામાં આવ્યા છે, જેમાં મોરબીના શકત શનાળા નજીક રાજપર રોડ ઉપર આવેલ ભૂમિ ગોડાઉનમાં વિદેશી દારૂ ભરેલ ટ્રકમાંથી દારૂ ઉતારવામાં આવી રહયાની બાતમીને આધારે સ્ટેટ મોનીટરીંગ સેલ ટીમ દ્વારા વોચ ગોઠવી ગોડાઉનમાં ટ્રક જતા તુરંત સ્ટેટ મોનીટરીંગ સેલ ટીમ દ્વારા રેઈડ કરવામાં આવી હતી. હાલ ટ્રકમાં વિદેશી દારૂની ૧૭૫૧૪ બોટલ, ૩ વાહનો, ૪ મોબાઈલ તથા ૫૧૨૦ રોકડા સહિત રૂ. ૧,૧૧,૯૪,૨૧૨નો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

આ સાથે એસએમસી ટીમ દ્વારા સ્થળ ઉપરથી ચાર રાજસ્થાની આરોપી મુકેશકુમાર મહેન્દ્રકુમાર સિયાક, જશવંતસિંહ રામચંદ્ર ગોદારા, દીનેશકુમાર પ્રેમારામ ગુરુ તથા પ્રવીણ ભગીરથરામ વરાડ બધા ભેરૂડી ગામ રાજસ્થાન શખ્સોની અટકાયત કરવામાં આવી છે. આ રેઈડ દરમિયાન અન્ય સાત આરોપીઓના નામ ખુલ્યા હોય જેમાં અશોક પુનામારામ પુવાર રહે. સાંચોર રાજસ્થાન, કમલેશ હનુમાનરામ રામ રહે.રાજસ્થાન, મહેશ ચૌધરી રહે.બાડમેર રાજસ્થાન, ટ્રેઈલર ચાલક, ટ્રેઈલર માલીક, અશોક લેલનનો માલીક તથા દારૂનો જથ્થો મોકલનાર એમ સાત આરોપીઓને ફરાર હોવાનું દર્શાવેલ છે. હાલ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ દ્વારા તમામ આરોપીઓ વિરુદ્ધ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધાવી વોન્ટેડ આરોપીઓને પકડી લેવા અલગ અલગ દિશામાં તપાસની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કોંગ્રેસ કોઈ પક્ષ સાથે ગઠબંધન નહીં કરે

## લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે કોંગ્રેસ દ્વારા રાજયમાં જય સરદાર યાત્રા યોજાશે

**અબતક, રાજકોટ**

અખંડ ભારતના નિર્માતા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે કોંગ્રેસ પક્ષ સમગ્ર ગુજરાતમાં જય સરદાર યાત્રા યોજશે.

ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના આડેધડ મકાનો તોડી નાખી બેઘર કરવાની ભાજપ સરકારની નીતિ સામે કોંગ્રેસ લડશે નાગરિકોના ન્યાયની લડત. ચલાવવામાં આવશે. રાજયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ રાજ્યસ્તરનું ગઠબંધન નહી કરે.

ગુજરાત કોંગ્રેસ પક્ષની પોલિટિકલ અફેર્સ કમિટીની બેઠક રાજીવ ગાંધી ભવન ખાતે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાત સંગઠન પ્રભારી મુકુલ વાસનિકજીની ઉપસ્થિતિમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શકિતસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા, ઉપનેતા શૈલેષ પરમાર, એ.આઈ.સી.સી.ના મંત્રીઓ, પૂર્વ પ્રદેશ પ્રમુખઓ સહિત વરિષ્ઠ આગેવાનો સાથે બેઠક યોજાઈ હતી.

ગુજરાત કોંગ્રેસ પક્ષની પોલિટિકલ અફેર્સ કમિટી બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણય અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે અખંડ ભારતના નિર્માતા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે કોંગ્રેસ પક્ષ સમગ્ર ગુજરાતમાં ‘જય સરદાર યાત્રા’ યોજશે જય સરદાર યાત્રા રાજ્યના મહત્તમ તાલુકાઓને જોડતી હશે. સરદાર વલ્લભભાઈ પટેલના જીવન સાથે સંકળાયેલ બારડોલી, કરમસદ, નડિયાદ સહિતની ઐતિહાસિક જગ્યાઓ પર વિશેષ કાર્યક્રમો યોજવામાં આવશે.

(અનુ. આઠમા પાને)

# એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ એન. કે. અમીનને નિવૃત્તિના આઠ વર્ષ પછી ડીજીઆઈનો હોદ્દો મળ્યો

## ઈશરત જહાં અને સોહરાબુદ્દીન શેખ જેવા ચકચારી એન્કાઉન્ટર કેસમાં અગાઉ જેલવાસ પણ ભોગવ્યો’તો



**અબતક, રાજકોટ**

ગુજરાત પોલીસના ’એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ’ એન કે અમીનને પોલીસ અધિક્ષક તરીકે સેવામાંથી નિવૃત્ત થયાના આઠ વર્ષ પછી ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીઆઈજી)ના હોદ્દા પર બઢતી આપવામાં આવી છે.

રાજ્યના ગૃહ વિભાગે ૨૧ જાન્યુઆરીએ એક જાહેરનામું બહાર પાડીને નિવૃત્ત અધિકારીને કાલ્પનિક પ્રમોશન આપ્યું હતું, જે ૨૦૦૪ માં ઈશરત જહાં અને ૨૦૦૫માં સોહરાબુદ્દીન શેખ એન્કાઉન્ટર કેસોમાં સસ્પેન્ડ અને આઠ વર્ષ જેલમાં રહ્યા હતા. તેમના વરિષ્ઠ અધિકારી ડી જી વણઝારા અને અન્ય લોકો સાથે તેમને ૨૦૦૭ થી ૨૦૧૫ ની વચ્ચે જેલ જવું પડ્યું હતું.

જ્યારે એન્કાઉન્ટર થયા ત્યારે અમીનને અમદાવાદમાં ડિટેક્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચમાં એસીપી તરીકે પોસ્ટ કરવામાં આવ્યા હતા. મુંબઈ અને અમદાવાદની સીબીઆઈ કોર્ટ દ્વારા તેમને બંને ફોજદારી કેસોમાં મુક્ત કરવામાં આવ્યા હતા અને વિભાગીય પૂછપરછમાં પણ તેમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

અમીનને નવી દિલ્હી ખાતે સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલની મુખ્ય બેન્ચ સમક્ષ છ વર્ષ લાંબી (અનુ. આઠમા પાને)

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધઃ ફોર્મ ભરવાનું શરૂ

## શનિવાર સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકાશેઃ ત્રીજી ફેબ્રુઆરીએ ઉમેદવારી ફોર્મની ચકાસણી, ચોથીએ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે

### ભાજપ દ્વારા મહાપાલિકા, નગરપાલિકા અને તાલુકા પંચાયત માટે ચૂંટણી પ્રભારીની નિમણુંકઃ આજથી ઉમેદવારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરાશે

**અબતક, રાજકોટ**

ગુજરતામાં આગામી ૧૬મી ફેબ્રુઆરીએ યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે આજે જાહેરનામું પ્રસિધ્ધ થઈ ગયું છે. આજથી ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આરંભ થઈ ગયો છે. ભાજપ દ્વારા મહાપાલિકા, નગપાલિકા, અને તાલુકા પંચાયત માટે ચૂંટણી પ્રભારીની નિમણુંક કરી દેવામાં આવી છે. આગામી શનિવાર સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકાશે. ભાજપ દ્વારા આજથી જ ઉમેદવારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

રાજય ચૂંટણી પંચ દ્વારા જૂનાગઢ મહાનગરપાલિકા ઉપરાંત રાજયની અલગ અલગ ૬૬ નગરપાલીકા અને ૩ તાલુકા પંચાયત માટે ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી છે. દરમિયાન આજની ચૂંટણીનું વિધિવત જાહેરનામું પ્રસિધ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આરંભ થઈ ચૂકયો છે. આગામી શનિવાર સુધી ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો ઉમેદવારી ફોર્મ ભરી શકશે.

(અનુ. આઠમા પાને)














